પ્રિયંવદા.

યાને

એક આદર્શ સ્ત્રી રત્ન

લેખક અને પ્રકાશક

મણિલાલ જાદવજી વ્યાસ.

સુન્દરશૃંગાર વિગેરેના કર્તા

પ્રત ૧૦૦૦ સન ૧૯૧૫

કરાચી.

કીમત રૂા. ૧ ૦-૦

હિતેચ્છુ પ્રેસમાં હ. ગા. ઠાકરે છાપ્યું—કરાચી.

પ્રિયંવદા

એક આદર્શ સ્ત્રી રત્ન

લેખક તથા પ્રકાશક

મણિલાલ જાદવજી વ્યાસ

હૃદયોદ્ગાર વિ૦ ના કર્તા

પૃથમાવૃત્તિ

પ્રત ૧૦૦૦ સન ૧૯૧૧.

કરાચી

કીંમત રૂા. ૧-૨-૦

હિતેચ્છુ પ્રેસમાં હરિલાલ વાલજી ઠાકરે છા.પ્યું.—કરાચી.

અર્પણ પત્રિકા

શ્રીમાન શેઠ સાહેબ તૈયબઅલી અલીભાઈ કરીમજી,

આપના ઉત્તમ આશયો, વિદ્યાનો શોખ તથા તેના પ્રચાર માટેના આપના સતત પ્રયાસના પરિણામ રૂપ અંતરમાં ઉત્પન્ન થએલી માનની લાગણીથી આકર્ષાઈ આ પુસ્તક આપનેજ અર્પણ કરૂં છું તે સ્વીકારી સેવકને ઉપકૃત કરવા કૃપા કરશોજી.

લી. સેવક

મણિલાલ જાદવજી વ્યાસ

પ્રસ્તાવના

કરાચીના લોકપ્રિય અઠવાડિક પત્રના માલીક રા. હરિલાલ વાલજી ઠાકરે જનસમાજને ઉપયોગી તથા બોધક સામાજીક નવલકથા લખવાને માટે મને નિમંત્રણ કર્યું અને તેના પરિણામ રૂપજ આ કૃતિ બહાર આવવાનો સમય પ્રાપ્ત થયો.

આપણી સમાજમાં સ્ત્રીઓનું શું સ્થાન હોવું જોઇએ, આદર્શ સ્ત્રી કયા પ્રકારની હો!! જોઇએ તથા સ્ત્રીઓને માટે કયા પ્રકારની સંસ્થાની આવશ્યકતા છે એ સુંદર અને સ્પષ્ટ રીતે દર્શાવવા યથામતિ પરિશ્રમ આ વાર્તામાં લેવામાં આવ્યો છે.

પ્રિયંવદા જેવી સતિ સાધ્વીના આવા જીવન વૃતાંતથી સ્ત્રીઓનું સર્વોત્કૃષ્ટ જીવન કયા પ્રકારનું હોઇ શકે તેનું સારૂં જ્ઞાન થવા સંભવ છે. આ સિવાય પરોપકાર એજ સર્વોત્તમ પુન્ય તથા કર્તવ્ય છે આદર્શ નૃપતિ કેવો હોઇ શકે એ કોની ધમાલના પરિણામ રૂપ અનેક હિંદવાસીઓનાં હૃદયાં કેવાં રૂદન કરે છે વિગેરે અનેક વિષયો પર સદુપદેશ મળે એવી રીતે વિવેચન કરવામાં આવ્યું છે.

હિતેચ્છુ પત્રમાં પ્રસિદ્ધ થએલી આ નવલકથા કરાચીની પ્રજાને અતિ પસંદ પડવાથી તે છાપવા માટે મને ઉપરા ઉપરી આગ્રહ થયો હતો અને તેથીજ તેને પુસ્તક રૂપે પ્રગટ કરવામાં આવે છે.

કરાચીમાં સારા પુસ્તકો છાપવાની જોઇએ તેવી સગવડતાઓની ન્યુનતા છતાં મારા મિત્ર રા. હરિલાલ વાલજી ઠાકરે આ પુસ્તક છાપવાના કામમાં જે શ્રમ લીધો છે તથા કેટલીએક સુચના કરી છે તે માટે આ સ્થળે હું તેમનો અંતઃકરણ પુર્વક આભાર માનું છું.

સમાજને આ પુસ્તક કિંચિત પણ ઉપયોગી થાય તો લેખકનો શ્રમ સફળ થશે.

કરાચી, ડિસેમ્બર ૧૯૭૧

લી. મણિલાલ જાદવજી વ્યાસ

આબરૂદાર કુટુંબો માટે એક સાચી સુચના

એક તંદુરસ્તી હજાર નીયામત

તમોએ ઘણાખરા વઈદ તથા હકીમોનો અનુભવ લી ધો હશે પરંતુ આ દવાખાનું સન ૧૮૭૦થી આજસુધી લગભગ ૧૦૦ વર્ષથી હિંદુસ્તાનમાં પોતાની ચમત્કારીક યુનાની દવાઓથી પ્રજાને ફેઝ પુગવતું આવ્યું છે. આ દવાખાનાની શાખા ખાસ કરાચીની પ્રજાને લાભ આપવા વાસ્તે સ્થાપવામાં આવી છે, જેની અંદર સ્ત્રી વર્ગના તમામ દર્દો અને પુરૂષોની બિમારીઓનો જડમુળથી રામબાણ દવા ઓથી ઇલાજ કરવામાં આવે છે.

તા. ક. અમારા દવાખાનામાં વનસ્પતીમાંથી દવાઓ ઉત્પન કીધેલી છે. કોઇ પણ દવામાં રસાયણ વસ્તુ મેળવેલી નથી. તેમજ કોઇ પણ ધર્મને બાધ આવે એવી વસ્તુ વાપ રેલી નથી એ ધ્યાનમાં રાખવું.

એચ. ઇબ્રાહીમખાન સાહેબ પી. કે.

યુનાની દવાખાનું નં ૨૯૮

બંદર રોડ, જુની જેલ સામે કરાચી, સીંધ

શ્રી દતવિજય દવાખાનું

પ્રાચીન કાળના જુના દરદથી પીડાતા દરદીઓને

આશિર્વાદ

અમારે ત્યાં શુધ સ્વદેશી જડી બુટી અંદરથી દરેક દવાઓ બનાવવામાં આવે છે.

પ્રમેહ—ની આ અમારી ગોળીઓ ફકત દશ દિવસ વાપરી ખાત્રી કરો. સવાર સવાર સાંજ બબે ગોળી ઠંડા પાણીમાં લેવાથી ઘણા જુના વખતનો પ્રમેહ જડ મુળથી નાશ કરશે. ગોળી ૪૦ની ડબી એકનો રૂા એક.

શક્તિ વર્ધક ગોળીઓ—આ ગોળીઓ તમામ પ્રકાર ની નબળાઇને દુર કરી શરીરને સતેજ કરી ખરી તાકાત બક્ષનારી છે. ખાવાની રીત બે ગોળી દુધ સ.થે. ગોળી ૪૦ ની ડબી ના રૂા. ૧॥

એ સિવાય દરેક જાતનું દરદ તપાસી અથવા મોઢેથી હકીકત સાંભળી દવા આપવામાં આવશે. બાઇ માણસોના ગુપ્ત દરદોની હકીકત સાંભળી દવા આપવામાં આવશે ફ.ય દો ન થાય તો લીધેલા પઇસા પાછા આપશું.

વૈદ્ય મોહનભાઇ અને રૂગનાથ જામનગર વાળા

મુ. બોડ લાઇન્સ દેશળ બજાર કરાચી

પ્રિયંવદા.

યાને

એક આદર્શ સ્ત્રીરત્ન.

પ્રકરણ ૧લું

બેંકનું દેવાળું અને દુઃખનું-પ્રથમ દર્શન.

"શીતળ મંદસમીર, વસંત વેલી શોભતી
રસિક રંભા સંગ, સ્વર્ગ પછી શું શોધવું?"

વસંત ઋતુમાં સંપુર્ણ વિકસીત થએલાં વૃક્ષવેલી તથા પુષ્પથી અલંકૃત થયેલા પોતાના સુંદર મહાલયના બાગમાં સુંદર વસ્ત્ર પરિધાન કરેલી સુંદરી, યૌવન મદમાં મસ્ત થઇ, લજ્જાનો પરિત્યાગ કરી, કંદર્પ સમાન કાન્તિવાળા યુવકના ગળામાં, પુષ્પમાળ સમ પોતાના સુંદર હાથ નાખી શીતળના પ્રસારક કુવા

રા આમેના ખાંકડા ઉપર બેઠી: સ્વામીના સામું સ્મિત કરી દ્રષ્ટિ કરતાં ઉપરોક્ત ઉદગાર તેના મુખકમળમાંથી સરી પડયા.

આનંદગિરિના શૃંગ ઉપર બિરાજતી યુવતિના નિર્દોષ મુખકમળ સામું આનંદથી નિરખતો, સુંદરિના મુખ ઉપર હાથ ફેરવતો યુવક જરા ગંભિરતાથી બોલ્યો.—

" સત્ય છે સુંદરિ! આજે સર્વ સાનુકુળ જણાય છે. આ સાનુકુળતા અને તારૂં સુંદર મુખકમળ આજે મને મહાત્મા બુદ્ધ દેવનું સ્મરણ કરાવે છે; જે મહાત્મા પણ સુંદર યશોધરાના તિક્ષ્ણ નેત્ર-કટાક્ષથી, આવા સંયોગમાંજ ઘાયલ થઇ, સુંદરિના સ્નેહમાં અલ્પ સમયને માટે પણ લુબ્ધ થયા હતા! "

યુવતિ—"પ્રિયપ્રાણ! ક્યાં મહાત્મા બુદ્ધ દેવનું દયાર્દ્ર હૃદય, અને ક્યાં મારા વ્હાલાનો આનંદી સ્વભાવ!"

યુવક—"સુંદરિ! તારા સ્નેહમાં લીન થયેલો હું અદ્યાપિ પર્યંત જો કે પ્રેમ સિવાયનો કોઇપણ પ્રદેશ જોઇ શકતો નહતો, તારા અધર પ્રસાદના સુખ આગળ સ્વર્ગ સુખને પણ હું તુચ્છ ગણુંનો; પરંતુ ગઇ કાલેજ વાંચેલા 'બુદ્ધ દેવ ચરિત'—ના પુસ્તકે મારા શુષ્ક મગજમાં જે કાંઇ અસર કરી છે, તે ખસી શકતી નથી! અફસોસ! અદ્યાપિ હું મારૂં કર્તવ્ય સમજી શકયો નહિ."

યુવતિ—" પ્રાણેશ! હું પણ વ્હાલા! એવાં પુસ્તકો બહુ વાંચતી; પણ મેં તેનો હવે સદંતર ત્યાગ કર્યો છે. કારણ બજવાં એ

પુસ્તકો ! એ તો આપણી વૃત્તિને મોજ શોખ અને આનંદમાં કંટક રૂપ થાય છે, એ કેમ પોસાય? પ્રિયે ! "

યુવક—" સંસારમાં દુ:ખી થતા જીવોની સ્થિતિ જાણવાની આજ સુધી તારી માફકજ મેં કંઇ પરવા કરી ન હતી; કિંતુ મારૂં અંતઃકરણ હવે એ માટે મને ડસ્યા કરે છે. આવાં ઉત્તમ જ્ઞાનમય પુસ્તકોનો તિરસ્કાર કરવો એ પાપ છે. મહાત્માઓના જીવન ચરિત્રો, આપણા જેવા અવનત માનવ સમુદાયને ઉત્તમ માર્ગ દર્શક છે. શું મહાત્મા બુદ્ધ દેવની માફક, આપણે આપણું હૃદય દયામય ન બનાવી શકીએ ? દુઃખીઓના દુઃખ સમજતાં ન શીખી શકીએ ? પરંતુ આપણે તે પ્રયાસ કર્યો નથી; તે માટે પ્રભુને આપણે જવાબ આપવો પડશે !

યુવતિ—" વ્હાલા ! આમ વાતો કરતાં વૈરાગ્યના વમળમાં શા માટે ગુંથાઓ છો ? પ્રભુએ આપણને પુસ્કળ દ્રવ્ય, મધુર યોવન વિગેરે સર્વ સાનુકુળતા માત્ર મોજ શોખને માટેજ આપી છે: તો તે પ્રભુની પ્રસાદીનો આપણે સ્વીકાર કરવો એઇએ; તેનો અનાદર આપણાથી થઇ શકેજ નહિ !

યુવક—" પ્રભુ બુદ્ધ દેવને શી સાનુકુળતાની ખામી હતી ? "

યુવતિ—(લુલો બચાવ કરતી) "વ્હાલા ! તમો કોની સાથે સરખામણી કરો છો ? એ તો પ્રભુ અવતાર કહેવાય ! " "

યુવક—"અને શામાટે પ્રિયા! આપણે પણ તેવા બની શકીએ નહિ?

યુવતિ—(જરા ગભરાતી) પ્રાણ ! આ નાટક બંધ કરો તો સારૂં ! સર્વ પોતાના કર્મથી દુઃખ સુખનાં ભોકતા બને છે; તો તેઓના દુઃખને માટે આપણે શા સારૂં પરવા કરવી ? "

યુવક—"પણ તું સદા સુખી રહેવાની છે એવું તારી પાસે શું પ્રમાણ છે ? કારણ;"

રંગ ઢંગ આ જગતના, ઘડી ઘડી પલટાય;
રાય રંક બની જશે. રંક રાય બની જાય.

યુવતિ—શું આપણી આ દ્રવ્ય સંપત્તિનો નાશ થવો સંભવે છે? ચાર લક્ષ રૂપિયા તો આપણા સુરાષ્ટ્ર બેંકમાં ડીપાઝીટ પડેલા છે; તદુપરાંત સ્પિનીંગ વીવીંગ મીલ્સના સંખ્યાબંધ શેરો તથા અમુલ્ય દાગીનાઓ, વિશાળ મકાનો ઇત્યાદિનો ખ્યાલ તો કરો, મારા વિરાગી વ્હાલા! લખલુટ ખર્ચ કરતાં પણ આ દ્રવ્યનો એક ખુણો ખુટે નહિ ! પ્રભુનો ન્યાય તો બને ત્યારે ખરો; માટે વ્હાલા !

વ્હાલી વામા વિમળવદની મદન મરમાળા તમે
વિભવ વસ્તુ આ રહી સૌ મોજ માણો જે ગમે;
દેવને ત્યાં અન્ય શું છે ? રીદ્ધિ સીદ્ધિ જેહ ત્યાં,
એજ વસતિ આ અવાસે, અન્ય સ્વામી સ્વર્ગ ક્યાં ?

આમ બોલતી યુવતિએ સ્વામીના મુખપર એક મીઠું ચુંબન લીધું. આ ચુંબને ઘડીના ત્રીજા ભાગમાં યુવતિના વ્હાલા વિરાગીને રાગમાં લીન કરી નાખ્યો હોય એમ જણાયું ! તેના મુખ ઉપર આનંદ જનક સ્મિત સ્ફુરી નીકળ્યું ! વિજળીના ચમકારાની માફક તેના મગજ માંથી વિરાગી વિચારો અદ્રશ્ય થઇ ગયા જણાયા. સ્નેહરૂપી બરફથી સજ્જડ થયેલો યુવક, યુવતિના ચંદ્રાનનની સામે પ્રેમ ભરી દ્રષ્ટિએ જોઇ રહ્યો, હસતો હસતો બોલ્યો:—

"સુંદરિ ! પ્રભુ તને સન્મતિ આપી ગરીબની દાઝ જાણતાં શીખવે ! પ્રિયા ! મારી પ્રેમ મુર્તિ !..."

યુવતિ:—

બોલો વ્હાલા, બોલો મારા ! કેમ પ્રાણ રહી ગયા ?
વિભવ વસ્તુ આ રહી હું ; દેવ સ્વર્ગે શો રહ્યા !

નેત્ર કટાક્ષમાંથી છુટતાં તિક્ષણ બાણુથી ઘાયલ થયેલો યુવક, યુવતિના સંગમાં સ્વર્ગ સુખ અનુભવવા લાગ્યો. સુંદર મનહર મુખાકૃતિવાળી મોહીની સંગે અન્ય મદન સમ સૌંદર્યવાન પ્રિયતમને આવા અપુર્વ આનંદમાં લીન થયેલ જોઇ રતિ અને કામદેવની સ્મૃતિ સહજજ થાય ! આ પ્રેમી દંપતી આમ પરસ્પર સ્નેહ દ્રષ્ટિથી નીરખતાં ઘડીક તો અવાક રહ્યાં.

આ સંસારમાં જો સુખનું અસ્તિત્વ હોય તો અત્રે સુખની પરિસીમા છે ! સંસારમાં સુખની સ્પૃહા રાખનાર બંધુ, તારે ઇચ્છવા યોગ્ય સુખ આજ છે ! વિદ્વાનો કહેછે કે જે પ્રેમ સરોવરનો કીનારો નથી. પણ ક્ષમા કરજો વિદ્દવર્ગ ! અહિંઆંજ પ્રેમ સરોવરનો કિનારો છે ! નવલકથાઓમાં વાંચેલો, અને નાટયભુમિ ઉપર દ્રષ્ટિએ પડેલો, ઉત્તમોત્તમ પ્રેમ તે આજ ! સંયુકતાના પ્રેમ બંધનમાં સંકળાએલા પૃથિરાજનો તિરસ્કાર કરનારા સુજ્ઞ પુરૂષો ! જરા દ્રષ્ટિ કરો ! આ અદ્‌ભુતાનંદનો ત્યાગ કરવો કેને પસંદ પડશે ? જે સુખ માટે મહાત્મા અને પુંડરિક કુમારે વારંવાર દેહ તજ્યા તેજ સુખ આ ! આ તેજ સુખ કે જે સુખમાં નિમગ્ન થઇ રાજાઓ એ રાજ્યની પરવા કરી નથી ! મૌર્ય પ્રદેશમાં વિચરતા વાંચકો !

તમો આવા પ્રેમમાં નિમગ્ન થએલાઓનો તિરસ્કાર કરતા પહેલાં જરા વિચાર કરજો ! તેઓના સરળ પ્રેમી અંતઃકરણનો ખ્યાલ કરજો ! તેઓની સ્થિતિમાં તમો હો તો શું બને તેનો વિચાર બાંધજો. પ્રેમ પ્રદેશમાં વિચરતા પુરૂષોજ આ પ્રેમી સ્થિતિની કલ્પના કરી શકે ! અન્યમાં સામર્થ્ય નથી ! માટે ક્ષમા કરજો આ યુવક યુવતિ કાંઇ દોષ કરતાં હોય તો !

અરે પણ આ બીચારાં પ્રેમી પ્રાણીઓ ઉપર દુઃખનું વાદળ ઝઝુમી રહ્યું છે તેનો તેમને સ્વપ્ને પણ ખ્યાલ કયાંથી હોય ? કારણ—

न जाने जानकीनाथः प्रभाते किं भविष्यति.

પણ શ્રવણ કરો મારા પ્રિય વાંચકો ! મધુરી ઘંટાના જેવા મધુર સ્વરથી સુંદરિ શું કહેછે તે !

"પ્રાણેશ ! સંધ્યા સમય થવા આવ્યો છે. સુર્ય દેવ પોતાના સુંદર સુવર્ણ રથમાં બિરાજી પોતાના નિવાસસ્થાન પ્રતિ ગમન કરે છે. અરૂણ જેવા કુશળ સારથીની આજ્ઞાને અનુસરતા ચપળ અશ્વો અલ્પ સમયમાં તે રકતવર્ણના સુશોભિત રથને ક્ષિતિજની બહાર (નીચે) લઇ જશે ! બંગલાની અંદરના મધુરી ઇલેકટ્રીક લાઇટ પણ જાણે આપણને આમંત્રણ કરતી હસ્તી જણાયછે ! માટે સ્વામિ ! પધારો ! હવે આપણે ઓફિસમાંજ બેસીએ ! પોષ્ટનો સમય થવા આવ્યો છે !"

"ચાલો ત્યારે પ્રિયા" કહી સુંદરીના ખભા ઉપર પોતાનો હાથ રાખી યુવક ચાલ્યો. સુંદર પુષ્પવેલીઓથી સુશોભિત પોર્ચમાં થઇને આનંદ લહરીમાં લ્હેકાં ખાતાં દંપતીએ સામેના દીવાનખાનામાં પ્રવેશ કર્યો. સુંદર વીજળીક દીપકોનો પ્રકાશ આપણી મનોહર નાયિકાના

સુંદર મુખ ઉપર પડી એક સુંદર ચિત્રના ઉપર ઉત્તમ ચિત્રકાર જેમ જાણે શેડ પુરતો હોય એવો ભાસ આપતો હોય એમ જણાયછે. યદિ યદિ યુવક, યુવતિના સૌંદર્ય તરફ દ્રષ્ટિ ઠેરવી તેને નિહાળતો ત્યારે તે સૌંદર્યમાં કંઇ કંઇ નવીનતાનું દર્શન તેને થતું હતું! રસવતીના સૌંદર્યમાં ક્ષણે ક્ષણે મોહમાં વૃદ્ધિ પામતો આપણો રસજ્ઞ યુવક આનંદમાંજ બોલી ઉઠયો!

'નેણો મૃગનયનીનાં, ચારૂ ચંદ્રાનન વળી;
સિંહ કટિ છે સુંદર, ગોરી ગૌરવથી ભરી!'

આમ બોલતા યુવકે યુવતિનો કર પકડી તેને પોતાની સાથે કોચ ઉપર બેસવા મદદ કરી.

વ્હાલાના ઉપરોક્ત ઉદગારોજ સુંદરિને આનંદ અને ઉત્સાહમાં લીન કરવા બસ હતા. તેનું સકળ અંગ આનંદથી વિકસિત થઇ ગયું. મધુર સ્મિત કરતી સુંદરિ સ્વામિના સામી જરા કટાક્ષ કરી દ્રષ્ટિને નીચે લઇ જતી જરા શાન્ત બેઠી. દરમ્યાન નોકરે રજા લઇ અંદર આવી ટપાલનું બંડલ તેઓની આગળ મુકયું. બન્ને પોત પોતાની ટપાલ લઇ હર્ષ ભેર વાંચવામાં મશગુલ થતાં જણાયાં. પણ જુઓ! આ તેણે એક પત્ર લીધો, વાંચ્યો! બીજો લીધો દ્રષ્ટિ ફેરવી! ત્રીજો જોઇ બાજુએજ મુકયો! ન્યુસપેપર લીધું! 'સુરાષ્ટ્ર સમાચાર'! નજર ફેરવી! ચ્હેરા ઉપર મલિનતા અને શ્યામતાનું દર્શન થવા લાગ્યું, શું હશે? વ્હાલાંઓના વ્યાધિ સમાચાર? ના. ત્યારે પ્રેમીઓનું મૃત્યુ? અરે નહિ. ત્યારે શું? આ એકાએક દિલગીરીનું કારણ? આ દીર્ઘ નિશ્વાસ શાનો!

નિશ્વાસ નાખતા સ્વામિ તરફ સુંદરીની દ્રષ્ટિ તુરતજ પડી.

કેમ વ્હાલા, શું છે? આ નિશ્વાસ શાનો? આ ઉદાસી શું! અને તે પણ વર્તમાનપત્રમાંથી? લલાટ પર હાથ મુકી દીર્ઘનિશ્વાસ નાખી આપણો નાયક દિલગીરીથી બોલી શકયો નહિ, પણ ન્યુસ-પેપર પ્રતિ આંગળી કરી વાંચવા સુચવ્યું. ગભરાતી ગભરાતી આપણી વાર્તાની નાયિકા વાંચવા લાગી—

"સુરાષ્ટ્ર બેંકનું દેવાળું.

ગઇ તા. ૧૭ને રોજ આપણી સ્થાનિક સુરાષ્ટ્ર બેંકે પોતાના દરવાજા બંધ કર્યા છે! આથી પ્રજામાં હાહાકાર વર્તી રહ્યો છે! હજારો લોકો બેંક ઉપર ધસારો કરી ગયા હતા; તેઓને સમજુતી આપી પાછા કાઢવામાં પોલિસની મદદ લેવી પડી હતી. બેંકમાં જ-બરદસ્ત ખોટાળો સંભળાય છે!

આ દેવાળાથી લોકોની સ્થિતિ દયાજનક થઈ છે. મહેતાઓની મુડી તણાઇ ગઇ છે, અને પરિણામે પોતાના પગારની રાહ જોઇ બેસવું પડયું છે! વિધવાઓ નિરાધાર થઇ પડી છે! એજંટોએ સાંભળવા મુજબ પોતાના ખીસ્સાં તર કર્યાં છે! સ્વદેશી બેંકનું આ પાંચમું દેવાળું લોકોમાં દુઃખ અને ત્રાસ વર્તાવી રહ્યું છે.

દરિદ્રતા પામી હવે દ્રવ્ય મારું સહુ ગયું.
નહિ આશા કોઇ, હરિ હરિ આ શું થયું?

"અરેરે મારું સર્વસ્વ ગયું! સ્વામી, વ્હાલા! હવે શું કરીશું? હાયહાય ગયું! સ્વામિ! પ્રભુ!" આમ બોલતી સુંદરી આ વાંચતાં બેભાન થઇ નીચે પડી.

" પ્રિયા મધુરી, વ્હાલી, આ શું? ધૈર્ય ધર. શામાટે ગભરાયછે? હજુ પાછું મળવા દરેક ચાન્સ છે. પેશન્સ, ડીઅર!"

બોલતા યુવકે યુવતિના મસ્તકને પોતાના ખોળામાં લીધું. નોકરો કોઈ લવંડર, કોઈ કોલન વોટર લેવા અને કોઈ ડાકટરને બોલાવવા દોડયા!!

વાંચકો!

These are the ups and downs of life.

પ્રકરણ ૨જું.

કમનશીબ મુસાફરી.

સમો બદલે સર્વ બદલે
વિપત્તિની વૃષ્ટા વર્ષે.

જેઠ માસની એક દુર્ભાગી સાંજને સમયે અરબી સમુદ્રમાં ચાલી જતી સ્ટીમર 'અનલકી'ના કેપ્ટને દુરબીનમાં દુરથી ધસી આવતું તોફાન જોયું. પોતાના મદદગારોને તુરતજ બોલાવ્યા—ધીમેથી કાંઈ વાત કરી! 'મુસાફરો જલદી બીસ્તરા ઉપાડી ફાળકામાં જાઓ' આવી આજ્ઞા થતી સંભળાઈ! 'શું છે? શું છે?' પ્રશ્ન થવા લાગ્યા! ઉતારુ મુસાફરોની ગભરામણ અનુક્રમે આવ્યો! તિમિરમયી ધસી આવતું તોફાન આવી પહોંચ્યું! પવન ભયંકર ફુંકવા લાગ્યો!

મુસાફરો, ઘણાખરા બિચારા, ચિંતાતુર થઇ ફાળકામાં નીચે બેઠા. એટલામાં તો તોફાને પોતાનું રૂપ બદલ્યું: નજર કરો !' આકાશ એકાએક વાદળથી ઘેરાઈ ગયું ! વિજળીના ચમકારા થવા લાગ્યા ! કાન ફાડી નાખે અને હૃદયને થરથરાવી નાખે એવા ભયંકર કંડાકા થયા ! દિશાઓ ભયાનક દીસવા લાગી ! આ દ્રસ્ય એટલું બધું બિહામણું હતું કે અદ્યાપિ જગતનો પ્રલય થવાનો નથી એવા મતનો હોવા છતાં મેં મારો અભિપ્રાય પણ બદલ્યો ! કારણ ભગવાન કાળદેવે આજેજ જગતનો પ્રલય કરવાની તઇયારી કરી જણાય છે ! દ્રષ્ટિ કરો, વાંચકો આ વર્ષાના બિંદુઓ ટપકવા લાગ્યાં! થોડી પળમાંજ તેનું જોસ વૃદ્ધિ પામ્યું ! મુશળધાર વર્ષાદ વરસવા લાગ્યો ! જાણે બારે મેઘ કોપાયમાન થઇ કાળ દેવની આજ્ઞાને અનુસરી આ પાપમય જગતનો પ્રલય કરવાની પ્રસ્તાવના શરૂઆત કરી હોય ! મોજાંઓ પહાડ જેવાં ઉછળવા લાગ્યાં; અને આગબોટ હાલક ડોલક થવા લાગી ! ખલાસીઓ દોડાદોડ કરવા લાગ્યા. મશીનરીનો ત્વરાથી ઉપયોગ થવા લાગ્યો ! ગંભીર વદને કેપ્ટન જુદી જુદી આજ્ઞાઓ આપતો અને તે તુરત અમલમાં મુકાતી. સ્ટીમરની ગતિ વધારવામાં આવી. મોજાંઓ પર ઉછળતી આગબોટ તિવ્ર વેગે પંથ કાપવા લાગી !

સ્ટીમરના કેપ્ટને જેમ બને તેમ જલદી કોઇ નજીકને બંદરે પહોંચી જવાની ઉમેદથી કે પછી તોફાનથી દુર મધ્ય સમુદ્રમાં પહોંચી જવાની આશામાં આ પ્રમાણે આગબોટને જલદીથી છોડી મુકી. વળી સ્ટીમર નાની હોવાથી, લાઇફ બોટસ વિગેરેની કાંઇ સગવડ ન હોવાથી પેસેંજરોના બચાવ માટે જે જે પગલાં લેવાં જોઇએ તે

કેપ્ટન લઈ શકયો નહિ. ઓછામાં પુરૂં જેઠ માસ હોવાથી સ્ટીમરની મોસમ બંધ થવાની તઈયારી હતી એટલે સમીપમાં કોઇ પણ સ્ટીમર સાહ્ય માટે આવી શકે એવી સ્થિતિ ન હતી. ઘડીક તો કેપ્ટનને હિંમત રહી પણ તે દીર્ઘ સમય સુધી ટકી શકી નહિ! પ્રથમ તેણે ધાર્યું જે આ તોફાન હમણાં શાંત થશે અગર ચાલ્યું જશે, પણ આમાં તે છેતરાયો. આવા ભયંકર તોફાન સામે પોતાની ન્હાની આગબોટ ટકી શકે કે નહિ તેનો હવે તેને સંદેહ ઉત્પન્ન થયો ! તોફાન પ્રતિક્ષણે વૃદ્ધિ પામ્યે જતું હતું !

ઉતારૂઓની અવદશામાં હવે શું પુછવું ! જ્યારે તેઓને તેમની સ્થિતિનું ખરેખર ભાન થયું ત્યારે તેમના ગભરાટનો શુમાર ન હતો. આ તોફાન સાધારણ ન હતું એમ જાણતાં તેઓમાં રડારોળ શરૂ થઇ. કાચા હૃદયના પુરૂષો પણ પોતાની સ્ત્રીઓની સાથે મ્હોં વાળી બેઠા—રૂદન કરવા લાગ્યા ! છોકરાંઓ ચીસો ચીસ પાડવા લાગ્યાં. માતાઓ બાળકોને હૃદય સરસી ચાંપતી તેઓને આશ્વાસન આપતી! પત્નીઓ પતિના કંઠમાં વળગી પડતી! લજ્જાનો પડદો મૃત્યુ સમયે દુર થઇ જાય એ સ્વાભાવીક છે ! સ્ત્રીઓનું રક્ષણ કરવાને સમર્થ થએલા પુરૂષો દિલાસાના બે બોલો સિવાય અન્ય તેઓને માટે શું કરી શકે ? ડાહ્યા અને ધૈર્યવાળા પુરૂષો પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા ! 'ઓ ખુદા ! ઓ ગોડ ! અરે રામ. ઓ શિવ' આદી અવાજોથી અકળાએલા ઉતારૂઓ પોતાના કષ્ટને સાહ્ય માટે પ્રાર્થના અને માનતાઓ કરવા લાગ્યા ! આમતેમ ડોલા ખાતી સ્ટીમરમાં બિચારા ઉતારૂઓ આમ તેમ ગબડતા ઘડીમાં સ્થાનભ્રષ્ટ થઇ જતા; મોં ડોલાંઓ તથા કડકડતી ઠંડી, વિજળીના ચમકારા, અને ભયંકર મેઘ

ગર્જના એ વીર પુરૂષોના હૃદયને પણ ધ્રુજાવી દે તેવાં ભયંકર હતા. હરિ હરિ આ એક હૃદય ભેદક દ્રશ્ય હતું !

મુસાફરોની અવદશા નિહાળતાં મ્હારા વ્હાલા વાંચકો! મારી સાથે આ કેબિનમાં ચાલો અને દ્રષ્ટિ કરો. બિછાનાપર પડેલી એક સુંદર અપ્સરાનાં તમોને દર્શન થશે. તેનું સુંદર ગોળ મુખારવિંદ જરા ફિક્કું પડી ગયેલું જણાય છે. કિંતુ તે કંઇ તેના સાૈંદર્યને નષ્ટ કરી શકતું નથી. તેના ચપળ મૃગનયનો જો કે દુઃખથી ઉંડા ઉતરી ગયેલાંછે તો પણ તેની ચપળ આકર્ષક શકિત કંઇ મંદ પડી ગયેલી જણાતી નથી. તેનું શરિર કોઈ મહાવ્યાધીથી પીડિત હોવાથી ઘણું દુર્બળ અને કૃશ થઇ ગયેલું જણાય છે; તથાપિ આ સુન્દર મનોહર સ્ત્રીએ પોતાના સાૈન્દર્યના એક અંશને પણ તજયો હોય એમ જણાતું નથી. એજ બિછાનાપર સુંદરિના ચરણ પાસે એક રૂપવાન યુવક આ સુન્દર પણ આશક્ત મોહિની સાથે કંઇ ગંભિર વદને વાર્તાલાપ કરતો આપણી દ્રષ્ટિએ પડેછે. મારા પ્રિય વાંચકમિત્રો શ્રવણ કરો આ દમ્પતીનો સમ્વાદ !

"પ્રિયા ! તારી પ્રકૃતિ અસ્વસ્થ તો થતી નથી ને ?"

"વ્હાલા સરોજ ! પ્રકૃતિતો સ્વસ્થ છે: કિંતુ આ કિરતારનો કોપ હૃદયને કમકમાવે છે !"

"હૃદયેશ્વરી સત્ય છે. તોફાન જરા ભયંકર છે. કિંતુ ભય હજુ દુર છે. ગભરાતી નહિ, મારી વ્હાલી!"

"સ્વામીના સંગમાં સંકટ તથા કદાપિ મૃત્યુનું દર્શન પણ સતિને ગભરાવી શકતું નથી; પરંતુ આ મોસમમાં મુસાફરી જરા ભયકારક છે જાણવા છતાં આપણે આ સાહસ કર્યું એ અનિષ્ટ થયું છે."

"પ્રિયા તારી ક્ષીણ થતી પ્રકૃતિને સુધારવા માટે ડાકટરોએ આપેલી સલાહેજ મને આગ્રહ કરાવ્યો. હવાફેરની આવશ્યકતા ઘણીજ હતી; અને પ્રિયા, તારે માટે હુ ગમે તે જોખમ ખેડવામાં પાછો હઠું નહિ, એ તો તું ક્યાં જાણતી નથી ?"

"સ્વામી, વ્હાલા ! આપનો પ્રેમ અવર્ણનીયછે, પરંતુ આ સાહસનું કારણ હું બની એ મારા હૃદયને કારી ઘા લાગેછે ! તોફાનના વૃદ્ધિ પામતા જોસની સાથે આ મારા હૃદયનો કમકમાટ વૃદ્ધિ પામતો જાયછે. શામાટે સ્વામી? વ્હાલા સરોજ જેવું રત્ન કદાપિ... ....!"

"સરલા ! શાન્ત થા, ધૈર્ય ધર; આવા અનિષ્ટ તર્કો તારા બગડી ગયેલા મગજ ઉપર બુરી અસર કરશે, અને પ્રકૃતિમાં ફરી જબરો બિગાડ કરશે! મારી ચિન્તા ન કર. આપણી સાથેજ આ સ્ટીમરના સંખ્યાબંધ ઉતારૂઓનું જીવન આ બાબતમાં જોડાએલું છે; માટે એ તો સહુનું થશે એ વહુનું થશે."

"પ્રાણેશ! આપનું કહેવું યથાર્થ છે; પરંતુ આપણા ગ્રહ અવળા છે, નહિ તો બેંકનું ન ધારેલું દેવાળું, પરિણામે આ દુર્ભાગીની ની પ્રકૃતિનો બિગાડ, અને આ મુસાફરી આ બધા સંયોગો ક્યાંથી બની આવે ? નક્કી, નાથ ! આ બધાં કોઇ મહા અનિષ્ટ પરિણામ નાં આગામી ચિન્હો છે!"

"પ્રિયંવદા, દેવી ! વળી બેંકની સ્મૃતિ? બેંક લિક્વિડેશનમાં ગઇ છે: અને તેમાં સારી વહેંચણી મળવા દરેક આશા છે, પણ તું એ તર્કોને તારા નબળા મગજમાંથી દુર કર; નહિ તો જો વળી હિસ્ટીરિઆનો એટેક થયો તો એકે આરો નથી!"

"વ્હાલા ! મારી ચિંતા તજી દો. બહુ દુઃખીને દુઃખ નહિ ઋણીને ઋણ નહિ એ કહેણી અનુસાર હવે હું દુઃખથી ડરતી નથી. પ્રાણ ! આ આપણો મૃત્યુ સમય છે એમજ સમજો કારણ સ્ટીમર કઇ ઘડીએ ડુબશે તે આપણે જાણી શકવાના નથી. માટે સરોજ આવો મને ભેટો, અને એ ગાઢાલિંગનની સાથેજ આપણે જળસમાધિ લઇએ. ભગવાન્ ! કૃપાળુ ! આ આલિંગનની સાથેજ અમોને તારા પવિત્ર ધામમાં પ્રવેશ કરાવી અમોને કૃતકાર્ય થવા દે ! આહા આજે મને બહુજ આનંદ અનુભવાશે; અને સરોજ આપણું દ્રષ્ટાંત સ્વર્ગમાં પણ લેવાશે !"

આમ બોલતી સુંદરિ બિછાનામાંથી બેઠી થઇ સરોજનાકંઠમાં વિંટળાઇ ગઇ !

"ધન્ય સતિ ધન્ય ! તારા હૃદયની દૃઢતા અને તારા પ્રેમના પ્રમાણને પણ ધન્ય ! તારા પ્રેમથી પરિસીમા છે ! ભગવતિ ! આર્યાવર્તની અબળાઓમાંજ વિશુદ્ધ પ્રેમનું દર્શન થાયછે ! ભારતનાં સ્ત્રીરત્નોજ પ્રેમને દેહની આહુતી આપી શકે છે. સુંદરિ ! તું આર્યાવર્તનું આદર્શ સ્ત્રી રત્ન છો ! અને આ આપણી પવિત્ર ભારતભુમિમાં આવી અવનતિના સમયમાં પણ તારાં જેવાં શુદ્ધ પ્રેમી સ્ત્રી રત્નો વસે છે એ કંઇ ઓછો દિલાસો નથી !

વ્હાલી પ્રિયા ! તારા અલૌકીક પ્રેમનું મને સેંકડો વખત દર્શન થયું છે ! પણ મારી પ્રેમ પુતળી ! તું જરા શાન્ત બેસ; ત્યાં હું કેપ્ટનને મળી તપાસ કરી આવું કે જેથી આપણી વસ્તુ સ્થિતિનું જ્ઞાન થાય !

"નહીં વ્હાલા. હું તમોને નહી જવા દઉં ! સ્ટીમર કેવી ડોલાં ખાયછે ! વર્ષાદ મુશળધાર પડે છે; એમાં બહાર જવું સલામત

નથી. માટે આલીંગન આપો અને એ સુખી સ્થિતીમાંજ મૃત્યુની રાહ જોઇએ ! " ઘેલી રે ઘેલી ! એમ તે સ્ટીમર બુડી જતી હશે ? મને જવા દે ! હમણાંજ હું પાછો આવું છું. આ આવ્યો હો વ્હાલી "

આમ બોલતો યુવક તેના ગાલ ઉપર ચુમી લઇ ઉભો થયો. તેનો હાથ પકડી સુંદરિ—

" વ્હાલા ! ન જાઓ ! મૃત્યુ સમયે મારાથી અળગા ન થાઓ. સ્વામિન મને મારી ઉમેદ બર લાવવા દો ! વ્હાલા, વિયોગમાં મૃત્યુ થશે તો અસદ્‌ગતિ થશે. પ્રાણ, વિચારો જે એક ઘડી પણ અમુલ્ય છે.

" પ્રિયંવદા ! આ આવ્યો ! છાની બેસ ! નાહક આટલી બધી ગભરા નહિ ! એક ક્ષણમાં આવ્યો "

આમ બોલી યુવક ત્યાંથી ચાલી નીકળ્યો અને આ મનોરમાં ઉમણે હાથ દઇ વિચાર કરવા લાગી.

" અહા પ્રભુ ! આ બધું શું ? દ્રવ્યનો નાશ આ હતભાગીનીનાં શરીરની અનારોગ્યતા, હવાફેર માટેની આ કમનસીબ મુસાફરી, સમુદ્રમાં તોફાન, આ બધું શું અનિષ્ટ ભવિષ્ય નથી સુચવતું ? કિંતુ સ્વામીના સંગમાં મૃત્યુ એ પણ સૌભાગ્યવતી સ્ત્રીને ઓછું આનંદદાયક નથી. હમણાં મારા વ્હાલા સરોજ આવશે અને હું તેને ભેટી મૃત્યુની રાહ શાન્ત તથા આનન્દિત ! તે જોઇશ. આ સંસારમાં સ્વપ્ને પણ દુઃખ નજરે જોયું નહતું તેને બદલે દુઃખના ડુંગરો આવી પડ્યા ! મારા સરોજનું સુંદર મુખડું પણ કેવું લેવાઇ ગયું છે ! અહો પ્રભુ ! તારી ગતિ ગહન છે, વિધિ ! તારા લેખ મિથ્યા કરવા કોણ સમર્થ છે ?

આમ વિચારના વમળમાં વિંટળાતી, સરોજ પતિ તેના વ્હાલાની વાટ જોતી બેઠી હતી. દરમ્યાન એક જંગી મોજું આવ્યું તેના બળથી, કે સમુદ્રની સપાટી તળેના પહાડ સાથે અથડાવાથી, કે કોઇ રાક્ષસી જળચર પ્રાણીની પીઠપર જઇ ચડવાથી સ્ટીમર એવી તો હચમચી ગઇ કે તે આખી ઉંધી વળી જશે કે શું એવો આભાસ થયો, અને આ ખળભળાટની સાથેજ તેના તળીઆમાંથી કંઈ ચડચડાટ કરતો અવાજ નીકળ્યો; જે ભાગ્યેજ કોઇથી સંભળાયો, કિંતુ જેઓએ તે શ્રવણ કર્યો તેઓને તો આગબોટનું તળીયું તદ્દન બેદાઇ ગયું હોય એમજ ભાસ થયો. આ અવાજ શ્રવણ કરનારાઓમાં આપણી વાર્તાની નાયિકા એક હતી. તે એકદમ ભયભીત થઇ, “સરોજ, વ્હાલા સરોજ, તું ક્યાં છે?” આમ બોલતી કેબિનની બહાર કુદી પડી. પણ હવે તેણે હૃદયભેદક દૃશ્ય જોયું. હવે તેને જણાયું જે તેની સર્વ ભીતિ સત્ય હતી; કારણ સ્ટીમરના તળીઆમાં મોટું ગાબડું પડવાથી, પાણી ધોધબંધ ભરાયે જતું હતું. ખલાસીઓ અને અમલદારો, કેપટન સુધ્ધાંત, આ બનાવ જાણવામાં આવતાંજ એક બીજાના અધિકારના ભેદની મર્યાદા ભુલી જઇ, કોઇ હુકમ કરવામાં, તો કોઇ ઉઠાવવામાં, કોઇ સિગ્નલો આપવામાં તો કોઇ બચાવનાં સાધન શોધવામાં રોકાઇ ગયા હતા! આ પ્રમાણે ભારે દોડધામ ચાલી રહી હતી! ઉતારૂઓ ગાભરા બની કલ્પાંત કરતા દૃષ્ટિએ પડતા હતા; તેમાંથી સુમયસુચકતા અને ધૈર્યવાળા પોતાને કે અન્યને માટે બચાવનાં સાધન શોધવા ધાંધલ મચાવી રહ્યા હતા! આ અવ્યવસ્થા અને મારામારીમાં આપણી વાર્તાની પ્રેમમૂર્તિ નાયિકા સરોજને શોધવા વ્યર્થવલખાં મારતી હતી.

સર્વની સમક્ષ મૃત્યુ મુર્તિમાન આવી ખડું થયું હતું, અને તેના ભયંકર સપાટામાં પોતાની શી સ્થિતિ થશે, હરિહિર સ્વહસ્તેજ મૃત્યુને ભેટવું પડશે, કેવું કષ્ટ દાયક, આવા તર્કો સર્વના મનમાં રમી રહ્યા હતા. પણ તેઓની આવી દુઃખમય સ્થિતિ દીર્ઘસમય સુધી ટકી રહી નહિ! સ્ટીમરે, આગળના ભાગમાં પાણી ભરાઇ જવાથી, ગુલાંટ ખાવા ઇચ્છા હોય તેમ પોતાનું મસ્તક પાણીમાં નમાવ્યું—સમુદ્રની શકિત પાસે માનવીની મતિ શું ગણતીમાં છે એમ સિદ્ધ કરી આપતી, સમુદ્રને સલામ ભરી અંદર પ્રવેશ કર્યો અને અલ્પ સમયમાં જ તેના પુંછડાનો ભાગ પણ પ્રથમ ઉંચો થઇ પછી જળમાં ગુમ થયો ! સેંકડો ઉતારૂઓ, જેઓ ધીરજ વહી જવાથી કે હિમત રહી જવાથી ડેક ઉપર આવી ઉભેલા હતા તેઓ પોતાના પગ તળેનું આધારભુત સાધન ખસી જવાથી, જળમાં તરફડીઆં મારતા થયા ! તોફાનને લીધે બરફ કરતાં અધિક ઠંડા થએલા જળનો સ્પર્શ થતાંજ કેટલાએકે એવી કારમી ચીસ પાડી કે જે પાષાણ હૃદયને પણ પીગળાવવાને—કમકમાવવાને બસ હતી ! સ્ટીમર ડુબી તેથી ખાલી પડેલું સ્થળ, જળમાં તરફડતા સંખ્યાબંધ ઉતારૂઓની ઘોરનું દર્શન કરાવતું હતું ! બીજીજ ક્ષણે આ ઘોરમાં પથરાએલાં પ્રેતોને પુરી દેવાને યાતો પોતાની સાથે લીન કરી દેવા સારૂં, બન્ને બાજુનાં પર્વત સમાં મોજાંઓ, સામસામાં અથડાયાં અને આ દુર્ભાગી મુસાફરોની જળ સમાધીની પુર્ણાહુતી કરી ! જીવનની તૃષ્ણા, વાંચ્છના વાળા વલખાં મારતા અનેક જીવોએ પોતાના ઇષ્ટદેવોને સાહ્ય કરવા વીનવ્યા, આકાશમાં વિચરતા ફિરસ્તાઓ દૈવયોગે તેમને સહાય કરવા

આવી પહોંચે માટે છેલ્લીવાર ઉંચે દ્રષ્ટિ કરી; પણ સર્વ વ્યર્થ ! ઉત્તરમાં તેઓનાં કલ્પાંત પર તિરસ્કારયુક્ત હાસ્ય કરતાં સમુદ્રનાં મોજાંઓ ફીણના ગોટેગોટ તેઓના મસ્તક પર ઉડાડતાં જણાયાં ! આટલા કમકમાવનારા, હ્રદયભેદક, ભયંકર અને ત્રાસદાયક દેખાવોમાં આશાના કિરણ રૂપ કેટલાએક લાકડાના ત્રાપા તથા દાંડાઓ ઉપર ચડી બેઠેલા જીવનનાં કાચા તાંતણા ઉપર લટકતાં મનુષ્યોનું દર્શન જરા આશ્વાસનરૂપ હતું ! ભગવન કૃપાળુ! આ બિચારાંઓનો ઉદ્ધાર કરજે !

પ્રભુ ! સરોજ તથા સરોજપત્નિ પ્રેમ પુતળી પ્રિયવંદાનું શું થયું તે અમે જાણી શકયા નહી. તેઓ સ્ટીમરની સાથેજ સમુદ્રને તળીએ બેઠાં એટલું માત્ર આપણે જાણ્યું: વાંચકો! શોકની વાત છે જે પ્રિયંવદાને મૃત્યુ સમયે પણ સરોજનો વિયોગ થયો અને તેથી તે આનંદમાં જળ સમાધી લઇ શકી નહી !

હરિ! તારી ગતિ ગહન છે ! ઘડીના ત્રીજા ભાગમાં સંખ્યાબંધ મનુષ્યોનો નાશ ! તેઓની આશાઓનો—વાંચ્છનાઓનો જીજ્ઞાસા-ઓનો નાશ ! અહા ! તારો ભેદ જાણી શકાતો નથી ! કેટલા એક મનુષ્યો પ્રભુનું અસ્તિત્વ સ્વીકારતા નથી તેઓને પ્રસ્ન છે—સેંકડો માણસ ઘડીના ત્રીજા ભાગમાં કયાં ગયાં ? ડુબી ગયાં ! કોણે ડુબાડયાં? પ્રભુએ ? ના ; એતો કુદરતનો કોપ ? કુદરત કોણ ? જે દૈવિશકિત આ વિશ્વયંત્રની ઇજીનીઅર છે.——જેની આજ્ઞા પ્રમાણે એ વિશ્વયં-ત્રનાં અનેક ચક્રો ફર્યા કરે છે; તે પોતે ! ત્યારે ક્ષમા કરો ; સાહેબો ! એજ અમારો પ્રભુ ! એજ વૈષ્ણવનો કૃષ્ણ અને શૈવીનો

મહાદેવ ! ક્રિશ્ચિયનોના જીસસનો પિતા અને એજ મુસલમાનોનો ખુદા ! આ બધાં ડુબી ગયેલાં માણસના શરીરના બંધારણમાં શું કંઇ ખામી હતી ? શા માટે એકજ પળમાં તેઓનો નાશ ? શું તેઓના શરીરનું સાંચા કામ ઘસાઇ ગયું હતું ? શું તેઓનું હાર્ટ ફેઇલ થયું હતું ? તેઓ શું શસ્ત્રાઘાતથી મૃત્યું પામ્યા હતા ? શું કેપ્ટન અને તેના માણસોની કાર્યદક્ષતાની ખામી હતી ? ના ! ત્યારે આ શું ? કુદરત—પ્રભુ—ખુદાનો કોપ !! ખુદા કહો, પ્રભુ કહો, કુદરત કહો પણ સત્ય માનજો વાંચકો ! કે આપણુ પામર મનુષ્ય ઉપર સત્તા ચલાવનાર દૈવી શક્તિનું પ્રાબલ્ય અલૌકિક છે ! તેની ઇચ્છાવીના એક તૃણ પણ હલી શકતું નથી ! એજ ઘડીમાં રાય અને ઘડીમાં રંક બનાવે છે ! એજ ઘડીમાં સૃજે છે અને ઘડીમાં નાશ કરે છે !

માટેજ—

નમું હું દૈવી શક્તિને, કરૂં હું તેની ભક્તિને,
સૃજે વિવિધ વસ્તુ જે, સૃજે વિવિધ વ્યક્તિને.
કરે છે નાશ સર્વનો, કૃતાંત કાળ ગર્વનો,
લક્ષ કોટિ ખર્વનો, એ નાથ દ્રવ્ય સર્વનો;
પ્રભુ કહો ખુદા કે રામ, કૃષ્ણ આદિથી લહો,
એ દેવી શક્તિને સદા, સર્વોપરિ જગે કહો !

પ્રકરણ ૩ જું.

સુંદરિનું સ્વપ્ન.

દશાની દરી ચડે ને પડે ઘડી વારમાં,
ઘડી ઉંચી ને ઘડી નીચી એ જાયજો !

પાશ્ચિમમાત્ય સુધારામાં પુર વેગે આગળ ધસતું નવદુર્ગ આજ કાલ હિંદના મહાન નગરોની પ્રગતીમાં આવવા માંડયું છે. નવદુર્ગના પ્રખ્યાત નરેશ નટવરસિંહજીના શાંન્ત અને ન્યાયી અમલમાં આ નગર ઉન્નતિમાં પ્રતિદિન વૃદ્ધિંગત થતું જાય છે. શહેરના રસ્તાઓ ચોડા અને વિશાળ કરી બન્ને બાજુ સુંદર ફુટપાથો બાંધી લેવામાં આવ્યા છે. અને ફુટપાથ ઉપરનાં શાંતિ દાયક ઘટામય વૃક્ષો સુંદરતાનો કંઇ ઓર ભાસ આપતાં જણાય છે. શેહેરની અંદર એક છેડાથી બીજા છેડા સુધી ટ્રામ ચાલતી હોવાને લીધે, તથા રાજ્યના અમલદારો તથા શ્રીમંત ગ્રહસ્થોની મોટર તથા અશ્વરથોની ધમાલ પશ્ચિમની કોઇ મહાન નગરીની સ્મૃતિ કરાવે છે. પશ્ચિમના સુધારાની સાથે પૂર્વના વૈભવનું દર્શન કરાવનારા કિનખાબની સુંદર ઝુલોવાળા તથા ગળાના ઘંટરાઓથી ગંભિર નાદ કરતા મદમસ્ત

ગજરાજો તથા બળદ જોડેલા રેશમ અને કિનખાબથી આચ્છાદિત થયેલા રથો ચક્રની અંદરના ઝાંઝથી મધુર સંગિત ઉત્પન્ન કરતા ચાલ્યા જતા કોઇ કોઇ સમયે દ્રષ્ટીએ પડે છે. શહેરના મધ્ય ભાગમાં સુંદર રાજમહેલ આકાશની સાથે વાતો કરતો ઇંદ્રભુવનને પણ ઇર્ષા ઉપજાવતો હોય એમ શોભી રહેલો છે. તેની સામેના વિશાળ ચોકમાં ઘોડેસવારો, ગાડીઓ, હાથીઓ, મનુષ્ય સમુદાયના દિલને આનંદ ઉપજાવે તેવા હતા. મારા વ્હાલા વાંચકો ! આ નૌતમ નવદુર્ગમાં આપણે પ્રવેશ કરવાની વખતે સંધ્યા સમય થવા આવ્યો છે. સૂર્યનારાયણ ક્ષિતિજની નીચે ચાલ્યા ગયા છે. એના નિશાન રૂપે મારા વાચકોને આવકાર રૂપ, પણ જરા ગંભીર બનું તો સંધ્યા સમય સુચક, રાજ્ય શોભા રૂપ નોબત ગડગડવા લાગી. શરણાઇઓના મધુર સ્વરથી ગવાતા કલ્યાણની છાયાથી તેમાં લીન ન થતાં આપણે આગળ ચાલીએ. જુઓ સર્વત્ર સુંદર વોશિંગ્ટન કિટસન વિગેરે નાના વિધ પણ મહા પ્રકાશમાન દીપકોથી, રાજ મહેલ સુંદર રસ્તાઓ, ઝળાં ઝળાં થઇ રહ્યા છે. કૃષ્ણપક્ષ તથા અમાવાસ્યા હોવાને લીધે નિશા બિચારી પોતાનું સામર્થ્ય દર્શાવવાને માટે ત્વરાથી ધસી ; કિંતુ, આ નગ્રમાંતો બિચારીનું કાંઇ ચાલ્યું નહિ. આગળ ચાલતાં સમૃદ્ધિવાન્ શેઠીઆઓનાં સુંદર મકાનોમાં ઝળહળની રોશની શોભી રહી છે. સર્વત્ર આનંદ આનંદ જણાય છે. કોઇ કોઇ સ્થળે સંગીત ચાલી રહેલું પણ જણાય છે. જરા આગળ ચાલતાંજ સામે સુંદર વદન વાળી મનોહર ચપળ નેત્રવાળી અપ્સરાની જાણે હાંસી કરતી હોય એવી માલિનીઓ, પુષ્પના ગજરાઓ તથા

માળાઓ વેચતી સંખ્યાબંધ ચંચળ ચિત્તના યુવકોના ચિત્તને હરતી હતી. તેને મુકી આગળ વધતાં બાજુની ગલ્લીમાં એક વિશાળ મકાન આવી રહેલું છે. તે જો કે ઘણું જુનું છે, તોપણ હાલની નવીન ફેશનના મકાનોની હરીફાઇમાં હારી જાય એમ નથી. પત્થરની અજબ કોતરણી તથા લાકડ કામની નકશી સર્વના ચિત્તને આકર્ષણ કરાવે તેવી જણાય છે. તેના દ્વારમાંથી અંદર પ્રવેશ કરતાંજ મોટો ચોક આવેલો છે. એ ચોકમાં એક કિટસન લેમ્પ પ્રકાશ ફેલાવી રહ્યું છે. ચોકની ત્રણે બાજુએ એક ભવ્ય મકાન આવેલું છે. આ મકાનના ત્રીજા માળ ઉપરના એક દિવાન ખાનામાં એક પલંગ ઉપર, વ્યાધીમાં ડુબી ગએલી, આમ તેમ પાસાં બદલાવતી એક રમણી પડી હતી. તેનો સુંદર ચહેરો તદન ફીક્કો પડી ગયેલો હતો; છતાં તેમાંથી તેના અપ્રતિમ સૌંદર્યની ઝાંખી થતી હતી. તેના સુંદર ગાલ, દુઃખથી બેસી ગયેલા હતા તો પણ તેના એક સમયના વિકાસની સંપૂર્ણ સ્મૃતિ કરાવતા હતા. તેના વિશાળ ભાલ પ્રદેશ ઉપર પ્રસ્વેદનાં બિંદુઓ દ્રષ્ટિગોચર થતાં હતાં તે તેની પાસે એક ડોશી લુછ્યા કરતી હતી. તેનાં નયનોની ચપળતા કંઇ હદ ઉપરાંત હતી તે પોતાની દ્રષ્ટિ આમ તેમ ફેરવતી ઘડીમાં કંઇ બડબડતી ઘડીમાં પોતાના બાલ પિંખતી. જુઓ તે કંઇ બડબડી. “ હરિ ! ......પ્રાઆઆણુ......હાઆઆય ” જુઓ વળી તે પોતાના બાલ પિંખવા લાગી ! પલંગ પાસે ઉભેલા બે પુરૂષો, જેમાંનો એક સહેલાઇથી ડાકટર તરીકે ઓળખી શકાતો હતો, તેઓ ધીમેથી અંદર અંદર વાતો કરતા હતા.

" તમો શું ધારો છો ? ડાક્ટર સાહેબ " Deliriam it is; Mr. Haridas ! "

" આ કેસને માટે તમો શું ધારો છો ? શું કેટલ થશે ? "

હજુ ઘણી (Hope) હોપ છે; મી. હરીદાસ ! તેના શરીર માંથી પાણી તદન બહાર નીકળી ગયું છે. શરદીની હજુ ભયંકર અસર છે; પણ એ માટે ડરવાનું કંઇ કારણ નથી. તેનું બોડી જરા બર ગરમ રાખશો. નળીઆનો જરા શેક આપજો અને શરીરને ફ્લેનલમાં પેક રાખશો. આએ દવા (એક પડી આપતો) જરા ઠંડા પાણીથી મીલાવી આપજો તેથી તેને નિદ્રા આવી જશે; અને જો નિદ્રા આવી તો તબીયત ત્વરાથી સુધરી જશે. "

" થેંક્યુ ! ડાક્ટર સાહેબ ! "

ડોશી ! આ દવા જરા પાણીમાં મીલાવી આપી દેજો અને ડાક્ટરે બતાવ્યા મુજબ તમામ ટ્રીટમેન્ટ કરજો. અમે જઇએ છીએ.

આમ બોલતાં તે ડાક્ટર સાથે બહાર ચાલી ગયો. ડોશીએ દવા આપી અને અલ્પ સમયમાંજ આ સ્ત્રી નિંદ્રામાં પડી.

વાંચકો! ડોશીએ જાણ્યું કે તે નિંદ્રાવશ થઇ; અને તે સત્ય પણ ખરૂં ! કિંતુ તેનું મન મુસાફરીએ નીકળ્યું તે તે બીચારી શું જાણે: તે તુરતજ સ્વપનામાં પડી.

મનની મુસાફરી
યાને
સુંદરીનું સ્વપ્ન.

વાંચક બંધુઓ ! પ્રથમ મને ખુલાસો કરવા દો જે એ સુંદરીના સ્વપ્નની વાત મેં કયાંથી જાણી? કારણ એ શંકા આપને સહજજ થશે. હું અંતર્યામી કે સર્વવ્યાપક નથી; તો કોઇના સ્વપ્નની વાત કયાંથી જાણી શકું? લેખકો પોતાની નવલ કથાના પાત્રોની સાથે ગમે તે સ્થળે સ્વચ્છંદે ગતિ કરી શકે છે; કિંતુ એવો દાવો હું કરી શકતો નથી કરવા ઇચ્છતો નથી ! કારણ હું કંઇ એવો વિદ્વાન્ કે મહાન્ લેખક નથી જે આવો પરવાનો મેળવી શકું ! ત્યારે આ બીના મેં કયાંથી જાણી ? આ આપણી વાર્તાની નાયિકાએ પોતાના આ સ્વપ્નની હકીકત એક નોંધ પોથીમાં ઉતારી લીધી હતી, અને તે નોંધ પોથી પ્રભુ કૃપાએ મારા સ્વાધીનમાં આવી. સર્વ હકીકત એમાં અક્ષરશઃ વર્ણવેલી છે. આ નોંધ પોથી અંદરની નોંધ પુરી કરતાં એ પવિત્ર સ્ત્રી લખે છે કે એ સ્વપ્ન મારા અતઃકરણમાં સુવર્ણાક્ષરથી કોરાઈ રહ્યું છે; અને તેની મને કોઇ દહાડો વિસ્મૃતિ થવાની નથી ! ! ! દુરભાગ્યે આજે એ સુંદરી સ્વર્ગમાં બીરાજે છે નહિ તો સર્વ ખુલાસો એ પોતેજ કરત ! કૃપા કરીને આમાં કિંચીત્ પણ શંકા કરશો નહિ; કારણ સ્વપ્નની હકીકતમાં ‘ન કરે નારાયણ’ ને સંકલના તુટતી હોય તો એ દોષ આ આપના સેવકનો નથી; કિંતુ તે રોગ પીડિત પ્રિયંવદાની વિસ્મૃતિ-

નેજ તેનું કારણભુત ગણવા કૃપા કરશો અસ્તુ. એ નોંધ નીચે મુજબ છે.

" હું જાતે ચાલતી ચાલતી એક મહા ઘનઘોર ઘટામય અરણ્યમાં પ્રવેશ કરૂં છું. સર્વત્ર અંધકાર દ્રષ્ટિએ પડે છે. મારૂં હૃદય થરથર ભયથી ધ્રુજે છે; છતાં હું આગળ ચાલી. વૃક્ષોમાં ઘસાતી, નિશ્વાસ નાખતી ઘડીમાં બેસતી, ઘડીમાં ઉઠતી, ઘડીમાં દોડતી, ઘડીમાં ધીમે પગલે; આ પ્રમાણે હું તે અંધકારમય પ્રદેશમાં આગળ ચાલી. મધ્યા ન્હનો સમય હતો એમ હું એક ખુલ્લી જગ્યામાં આવી ત્યારેજ જાણી શકી. વળી હું આગળ વધી; પાછું તેજ બીચ વન ! તેવોજ ઘોર અંધકાર ! કયાં જાઉં છું ? શા માટે જાઉં છું ? એનું મને આ સમયે જ્ઞાન ન હતું ! મારા સુકોમળ પગમાં કાંટા વાગ્યા તેથી લોહી લોહાણ થઇ હું વિલાપ કરતી, એક વૃક્ષ નીચે બેઠી ક્ષુધા અને તૃષાના દુખથી અત્યંત પીડિત થયેલી હું મોટે સ્વરે રૂદન કરતી વિલાપ કરવા લાગી.

અરે સ્વામિ ! ઓ વ્હાલા ! કયાં ગયા ? અરે હું અતિ દુઃખી છું ! મને સહાય કરો ! ઓ પ્રભુ મને કિંચીત પણ ખાવાનું આપો ! ક્ષુધાથી મારો જીવ હમણાં ચાલ્યો જશે ? તત્ક્ષણે વૃક્ષ ઉપરથી એક અવાજ સંભળાયો.

' સુંદરી ! શરમાઓ ! જ્યારે આપ ધનવાન હતાં ત્યારે ક્ષુધાથી પીડીત થયેલા જીવોની તમોએ કેવી પરવા કરી હતી તેનું સ્મરણ કરો.

'પ્રભુ મેં કોઇ દહાડો પારકાની ચિંતા કરી નહોતી વિલાસ અને આનંદમાં લીન થયેલી આ દુર્ભાગણીનો દોષ ક્ષમા કરો.

આમ બડબડતાં મેં વૃક્ષ ઉપર દ્રષ્ટિ કરી; પરંતુ કંઇ પણ દ્રષ્ટિએ પડયું નહિ! મારી દીનતાથી જાણે પ્રસન્ન થયેલ હોય એમ તે અવાજ ફરી સંભળાયો.

સુંદરી! ઉત્તર દીશા પ્રતિ ગમન કરો! ત્યાં આમ્ર વૃક્ષોનું એક સુંદર વન આવેલું છે; તેનાં મધુર અને મિષ્ટ ફળ આરોગો અને પરોપકાર કરતાં શીખો.

હું તે વૃક્ષ સામું ઊંચું જોઇ, નમસ્કાર કરી ક્ષમા માગવા લાગી 'વૃક્ષ દેવ! તમો પ્રભુ હો, દેવ હો અગર ગંધર્વ હો, હું પ્રતિજ્ઞા લઊં છું જે હવેથી મારૂં દ્રષ્ટિ બિંદુ અને મુદ્રા લેખ પરોપકાર થશે.' આમ બોલી મેં શુદ્ધ ઉત્તર દિશા પ્રતિ પ્રયાણ કર્યું. શનૈઃ શનૈઃ વૃક્ષોની ઘટા તથા તેનો થતો અંધકાર ઘટવા લાગ્યો, ચાલતાં ચાલતાં હું સુંદર માનસમ સરોવરના કિનારા ઉપર આવી પહોંચી. ત્યાં પહોંચતાંજ મેં તે સરોવરનું અમૃત સમ જળ પીધું; અને પછી શાંત થઇ એ પ્રદેશની અત્યુતમ સુંદરતા નિહાળતી આગળ વધી જરા આગળ ચાલતાંજ સામાં લીલાં કુંજાર વૃક્ષોનો સુંદર સમુદાય નજરે પડયો. તુરતજ મેં મારી ગતિમાં વૃદ્ધિ કરી અને ત્વરાથી ત્યાં જઇ પહોંચી.

અહો! સુંદર આમ્ર વૃક્ષો ફળના ભારથી તદ્દન નમી ગયેલાં સુશોભિત લાવણ્યમય દીસતાં હતાં; અને આપણને સમૃદ્ધિનાં સપન

માં પણ વિનયી થવાનો ઉપદેશ કરતાં જણાતાં હતાં ! તેમાં ફળ એટલાં બધાં લાગેલાં હતાં કે તેની ગણતરી કરવી અસંભવિત હતી, અને તે એટલાં બધાં નીચાં આવી ગયા હતાં કે આપો આપ મારા મ્હોમાં આવી પડતાં હતાં ! ત્વરાથી હું તો તેમાંથી ચાર ફળ તોડી ત્યાંજ ખાવા લાગી. અહા! શો તેનો અમૃતમય સ્વાદ ! શું મીઠાશ! આ અવનિતળ ઉપર એવાં ફળ અસ્તિત્વ ધરાવતાં હોય એની મને શંકા છે ! એક ફળ ખાતાંજ મારા પેટમાં શાંતિ થઇ ગઇ ! મારૂં પેટ ભરાઇ ગયું અને જીવમાં આનંદ આનંદ થઇ ગયો આ આનંદ સાગરમાં હું કોણ જાણે કયાં સુધી વિલાસ કરત પણ ઘડીમાંજ આ બધું આમ્ર વન બદલાઇ જઈ વેરાન થઇ ગયું ! હું જાણે કેમ કોઇ ઉજડ પર્વત ઉપર હોઉં એવો મને ભાસ થયો! પવન સપાટાબંધ વાવા લાગ્યો; અને ટાઢ કહે કે મારૂં કામ!

મારૂં શરીર થરથર કંપવા લાગ્યું. આશ્રયને માટે આજુ બાજુ નજર કરી પણ વ્યર્થજ. ઠંડીથી મારૂં શરીર અકડાઇ જઇ સજ્જડ થઇ ગયું. એક મોટા પથ્થર નીચે ટુંટીયા વાળી ભરાઇ બેઠી પણ ઠંડીથી બચાવ થયો નહિ; હમણાંજ મારા પ્રાણ ચાલ્યા જશે એમ મને ભાસ્યું. હું પ્રભુ સ્તવન કરવા લાગી:

' ઓ નાથ ! ઓ પ્રભુ ! વિશ્વંભર ! મને આ ઠંડીથી ઉગાર ! મારો દોષ ક્ષમા કર ! મમ શરણાગતની સહાય કર ! ઓ ભકતવત્સલ સહાય કર ! ઓ ભકતવત્સલ ભગવાન્ ! દુખિયાના બેલી પ્રભુ ! હું તારે આશ્રયે છું ઇત્યાદિ "

આમ વિનયથી પ્રાર્થના કરી હતી. તેવામાં ઘણે દુર એક

એક સુંદર, ચિત્તાકર્ષક મંદીર મારી દ્રષ્ટિએ પડયું ! હું તો તત્ક્ષણેજ ત્યાંથી ઉઠીને મંદિર પ્રતિ ઘેલીની માફક દોડી. ઠંડીના સપાટા સહન કરતી, મહા દુઃખે હું ... જઇ પહોંચી. ખરેખર એ મંદિર સૌંદર્ય અને રચનામાં અપ્રતિમજ હતું. આ સુંદર મંદિરના દ્વાર પાસે પહોંચતાંજ તે ઉપરનો સુંદર સુશોભિત અક્ષરે કોરી કાઢેલો લેખ મારા વાંચવામાં આવ્યો—

" પ્રભુના બાળકો તરફ પ્યારથી દ્રષ્ટિ કરનાર પરોપકારી સ્ત્રી પુરૂષો માટેજ."

'શું મેં પ્રભુના બાળકો તરફ દ્રષ્ટિ કરી છે ? મેં તેઓની પરવા કરી છે ? તેઓના આપત્તિ સમયમાં મેં તેઓની સંભાળ લીધી છે ? અરે ના ! પરંતુ મેં કંઇ તેઓના ઉપર દ્વેષ રાખ્યો નથી ! તેઓને દુઃખી કર્યાં નથી ! તેઓ ઉપર ત્રાસ કે જુલમ વર્તાવ્યો નથી ! તેમ કંઇ હું દ્રવ્યની લોભી નથી ! પણ તેથી શું ! દ્રવ્યનો લોભ ન છતાં, પ્રભુનાં બાળકો પ્રતિ રહેમ શામાટે ન કરી આ વિચારો ઝપાટા બંધ મારા મગજમાંથી પસાર થયા; કિંતુ પવનના સપાટાઓ મારા શરીરને વીંધી નાખવા લાગ્યા, અને તેથી વ્યાકુળ બની હું, આ દ્વાર પર મુદ્રિત આજ્ઞાની અવજ્ઞા કરી અંદર પ્રવેશ કરવા લાગીઃ તત્ક્ષણે કાન ફાડી નાખે એવો ભયંકર ધ્વની સંભળાયો—

" અરે ઓ નફટ, નિર્લજ્જ સ્ત્રી ! દ્વાર પરના લેખ પર દ્રષ્ટિ

કર ! તે પ્રમાણે તારૂં વર્તન ન હોય તો દ્વારમાં પ્રવેશ કરીશ નહિ નહિ તો પળ વારમાં તારા પ્રાણનો નાશ થશે !"

ગર્ભવતીના ગર્ભનો નાશ કરે એવો આ ભયંકર ધ્વની શ્રવણ કરતાંજ હું તો ભયથી કંપવા લાગી, મારૂં હૃદય ધમકવા લાગ્યું અને મૃત્યુ અને જીવનની વચ્ચે લટકતી, હું તેજ સ્થળે અવાચક ઉભી રહી. કડકડતી ઠંડીના સપાટામાંથી ઉગરવા એ મંદિરના દ્વાર માં પ્રવેશ કરૂં તો પલક વારમાં મારો પ્રાણ જાય. આથી તો પવનના સપાટા સહન કરવા એ વધારે સારૂં ! આમ તર્ક કરતી હું જડ જેવી દ્વાર પાસે ઉભી રહી, અલ્પ સમયમાંજ મારી પાસેથી કોઇ ચાલી જતું હોય એમ મને જણાયું મેં તુરતજ સામું જોયું. કોણ ? પ્રિયતમ ? મારા નાથ ! પ્રાણેશ ! મારી રક્ષા કરો ! આપ અહિં ક્યાંથી ? કડકડથી ઠંડીથી મારા પ્રાણ હમણાંજ ચાલ્યા જશે આમ બોલતી હું તો વૃક્ષને જેમ વેલી, તેમ મારા સ્વામીની કોટે વળગી પડી.

'દેવી ! શાન્ત થાઓ આ સામેના સુંદર મંદિરમાં મારો નિવાસ છે; ત્યાં મારી સાથે ચાલ !' તેણે કહ્યું. 'અફસોસ, ! આ દ્વાર પરનો લેખ તથા તે ભયંકર ગેબી અવાજ મને મંદિર દ્વાર માં પ્રવેશ કરતી અટકાવે છે !'

સત્ય છે સુંદરિ ! તમોએ પૃથ્વી ઉપર કિંચિંત પણ પરોપકારનું કાર્ય કર્યું નથી' કરવા સમર્થ છતાં તેની પરવા કરી નથી; અને તેથીજ આ પવિત્ર મહાલયના રક્ષક ફિરસ્તાઓ તમોને પ્રવેશ કરવા મના કરે છે. જો કે મેં પણ તમારી માફકજ કંઇ બહુ

પરોપકારના કૃત્યો કર્યાં નથી; તો પણ મહા પ્રભુ બુદ્ધદેવના ચરિત્ર ના વાંચન પછી મને મારી ગત ભુલોને માટે પુર્ણ પશ્ચાતાપ થયો હતો તે તમારી સ્મૃતિમાંજ હશે ! તત્પશ્ચાત મેં મારો જીવ પરોપકારમાંજ પરોવ્યો હતો તે પણ તારી જાણ બહાર નથી. તેને પરિણામે મને આ પ્રદેશમાં સ્વચ્છંદે વિચરવા કુલ પરવાનો છે; તો પણ હું તમોને મારી સાથે લઇ જઇ શકું એવું સામર્થ્ય મારા પુણ્યનું નથી. પરંતુ; હા!: મને ઠીક સ્મૃતી થઇ ! વ્હાલી ! દ્વાર પ્રતિ દ્રષ્ટિ કરી નમૃતા પુર્વક દ્વિકર જોડી વીનંતી કર–' હે પ્રભુ ! હે દેવ ! મારી વિજ્ઞપ્તિ શ્રવણ કરો ! મેં વિષયોમાં લીન થઇ જવા થી પર ઉપકાર કરવાની કિંચિંત પણ પરવા કરી નથી. એ મારો મહાન અપરાધ છે છતાં આ બધો અપરાધ મારા સ્વામીની સેવામાં લીન થઇ જવાથી, તેમી સાથેના રંગ રાગમાં ડુબી જવાથીજ બન્યોછે મારો પતિવૃત ધર્મ પાળવા જતાં આ મારી ગફલત થઇ માટે ક્ષમા કરો ! તત્સમયે મારા સ્વામીની સાથે રંગ રાગમાં લીન થવું એજ મારૂં કર્તવ્ય સમજતી હતી હું મારી પતિ ભક્તિના સામર્થ્ય ઉપર અને ભવિષ્યમાં પ્રતિજ્ઞા પૂર્વક પરોપકાર કરવાનું વચન આપી આપને વિનંતી કરૂં છું જે મને આ મહાલયમા પ્રવેશ કરવા આજ્ઞા આપો ! હે દેવ મારા સ્વામીની સાથે મારે જવું જોઇએ ! આ મહાલયમાં મારા સ્વામીનું નિવાસ સ્થાન છે; માટે મને તેમાં પ્રવેશ કરતાં ન અટકાવો ?

મારા સ્વામીની આજ્ઞા મુજબ આ શબ્દોનો મારા મુખમાંથી ઉચ્ચાર થતાંજ બની ફરીવાર સંભળાયો ! આ ફેરે તે મધુર તથા શાન્ત હતો:

"સુન્દરી ! તમારી સ્વામીભક્તિથી હું પ્રસન્ન છું. તમો સુખેથી આ જ્ઞાનમંદિરમાં પ્રવેશ કરી મહા પ્રભુજીનાં દર્શન કરી કૃતાર્થ થાઓ ! ભવિષ્યમાં પરોપકાર પર બરાબર વૃતિ રાખજો ! સ્મૃતિમાં રાખજો જે પતિ સાથે વિષયોના રાગમાં ડુબી જઇ ધર્મ કર્તવ્યથી વિમુખ બનવું એ કંઇ પતિવૃતા સતિ ઓનો ધર્મ નથી."

આ શબ્દો શ્રવણ કરવાથી હું આનંદમાં ડુબી ગઇ. હું અને મારો પ્રિય પતિ બને આ દ્વારમાં પેઠાં—દ્વારમાં પ્રવેશ કરતાંજ દુ;ખ માત્રનો નાશ ! એક સુંદર પુષ્પોદ્યાનમાં મેંદીની કિનારી બાંધેલા સુંદર રસ્તા ઉપર અમો દંપતી ખુશનુમા હવાનો સ્વાદ લેતાં આગળ ચાલ્યાં મેં વાત કરવી શરૂ કરી:

"વ્હાલા ! તમો અહિં ક્યારે આવ્યા ? આ સુંદર સ્વર્ગને પણ ઇર્ષા ઉપજાવનારૂં મંદિર તથા પુષ્પોદ્યાન કોનું છે? આ મંદિરમાં કયા દેવની સ્થાપના છે ? કોણ મહાત્માઓ અત્રે વસે છે ? આ મારી શંકાનું તુરત સમાધાન કરો. સ્વામીન્ !"

આમ બોલી મેં સ્વામી તરફ દ્રષ્ટિ કરી તો કયાં ગયા એ હાય ? ચાલ્યા ગયા ! અંતર્ધ્યાન્ ? ઓ નાથ વળી તમે કયાં ચાલ્યા ગયા ? શું મને આ સંકટ સમયે માર્ગ બતાવવાજ આપનું આગમન થયું હતું ! એમ વિલાપ કરતી હું આગળ ચાલી. ઉદ્યાનની શોભાએ તથા પુષ્પોની સુગંધીએ મારા દિલને શાંન્ત કર્યું. શું આ એડમની ઇડન તો નહિજ હોય એમ વિચારતી આગળ વધી તો એક સુંદર આરસપાણ જડેલો ચોક આવ્યો. તે ચોકમાં થઇ હું મંદિરનાં પગથીઆં ઉપર ચડી. અહા ! શી ઘુમટની શોભા ? રત્ન

તથા જડતરથી આકઝમાળ થયેલા ધુમટે મારી આંખોને આંજી દીધી. સર્વત્ર પ્રકાશમયજ જણાતું હતું. આ સચ્ચિદાનંદ પ્રકાશ મંદિરમાંથી નીકળી સર્વત્ર વ્યાપી રહેલો હતો. કોણ જાણે મારાં દીવ્ય ચક્ષુઓ થઇ ગયાં કે હું તો એ પ્રકાશમાં દ્રષ્ટિ કરી જોઈ રહી, તો મંદિરના મધ્ય ભાગમાં એક સુંદર તેજોમય શાન્ત કિશોર આનંદ દાયક મુર્તિનું આસન દર્ભનું કે હીરાઓનું બનેલું હતું. તે હું જાણી શકી નહિ. આજેજ મારા મનના મનોરથો પૂર્ણ થયા—આજેજ મારો આત્યંતિક મોક્ષ થયો—આજેજ મને કૈવલ્ય પદ પ્રાપ્ત થયું, આમ મને કૃત કૃત્ય માનતી હું વારંવાર તેઓને નમસ્કાર કરવા લાગી! તત્ક્ષણજ એક આશ્ચર્ય થયું! તે પ્રકાશ અને તે કિશોર મુર્તિ ત્યાંથી ગુમ થઇ ગયાં અને તેને બદલે દર્ભાસન ઉપર બીરાજેલા ગંભીર શાન્ત તપઃપ્રભાવાળા મ્હોટી દાઢીવાળા વૃદ્ધ મહાત્મા મુનિરાય ધ્યાનમાં લીન થયેલા દર્ભાસન ઉપર બેઠેલા મારી દ્રષ્ટિએ પડયા!

પ્રકરણ ૪ થું.

ગુરૂનો ઉપદેશ

ગુરૂબિન જ્ઞાન મિલે નહિ, ગુરૂ હે જ્ઞાનકા કુપ;
ગુરૂસેં જ્ઞાન મિલે યદિ, યહિ જ્ઞાન અનુપ.

પાએક કલાક પછી તે સૌમ્ય મૂર્તિએ પોતાના ચક્ષુ ઉઘાડયાં. મારા સામી દયાથી દ્રષ્ટિ કરતાં તે કૃપા મૂર્તિ ભગવાન બોલ્યાઃ—

"શાન્તિઃ! શાન્તિઃ! ભગવતિ! કલ્યાણ મસ્તુ. પુત્રી તું

આ અપ્રતિમ જ્ઞાન પ્રદેશમાં તારા મહાભાગ્ય વશાત આવી લાગી છે."

"ભગવાન્ ! આપના દર્શનથી હું કૃતાર્થ થઇ છું. ખરેખર મારા ઉપર પ્રભુનો અનુગ્રહ થયો છે, કે જેને લીધે આપના દર્શનનો અલભ્ય લાભ અને આશ્રય મારા જેવા ક્ષુદ્ર સંસારની મોહ જાળમાં લપટાએલા આત્માને મળ્યો. કારણ કે—

दुर्लभं त्रयमेवैतद् देवानुग्रह हेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥

મને મારા દિલમાં નિશ્ચય થયો છે જે આ સુંદર પ્રદેશમાં મારૂં આગમન મારા કલ્યાણ માટેજ થયું છે. માટે હે પરમકૃપાળુ, કૃપા નિધિ ભક્ત વત્સલ પ્રભુ ! મારૂં કલ્યાણ થાય એવાં હિતકર વચનોનો મને ઉપદેશ કરો જેથી અજ્ઞાનતિમિરમાં ડુબેલી હું જ્ઞાનપ્રકાશનું દર્શન કરી, તેનો લાભ લઇ કૃત કાર્ય થાઉં !"

"શ્રવણ કર, પુત્રી ! આ તારી જ્ઞાન પિપાસાને હું પુર્ણ રીતે સંતુષ્ટ કરીશ. તારા જેવા મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવું એજ અમારૂં કર્તવ્ય છે ! તારા પુર્વ જન્મના પૂન્યથીજ તને આ અલભ્ય લાભ મળ્યો છે; નહિતો અનેક પામર જીવોની માફક તારા પણ સર્વનો નાશ થઇ જાત. કિંતુ હવે ભય નથી. મનુષ્યના મોક્ષનો ઉત્તમ અને સરળ માર્ગ તને બતાવીશ અને તે પંથે વિચરવાથી તારો ઉદ્ધાર થશે. સંસારના ક્ષણિક વિલાસમાં મગ્ન થઇ, કિંચિત પણ જ્ઞાન વિનાના જડ જીવો, પ્રભુના બાળકો પ્રતિ દ્રષ્ટિ કરવાની લેશ પણ પરવા કરતા નથી એ ઘણું શોચનીય છે. એકજ મહા

પ્રભુના બાળકો અન્યો અન્ય પ્રીતિભાવ–દયાભાવ ન દર્શાવે એ કેવો અન્યાય? બેટા! તારા જેવી સ્થિતિવાળાં લક્ષકોટી મનુષ્યો જગતમાં તારી માફક બલ્કે તારા કરતાં વધારે બેપરવાઇથી વિચર્યા કરે છે! તેઓ પોતાનું કર્તવ્ય સમજતા નથી સમજવા પરવા કરતા નથી! અવિદ્યાના અંધકારમાં ડુબેલા અશિક્ષીત જીવો કદાપી પોતાનું આયુષ્ય આ પ્રમાણે શ્વાન હેવાનવત ગાળે, તેનો અફસોસ, તો ઓછો; કિંતુ તમારા જેવાં શિક્ષીત, વિદ્યાન સુસંસ્કારવાળાં, શાસ્ત્રોના જ્ઞાનવાળાં, અને જગતમાં સર્વત્ર સુધરેલાં કહેવાતાં સ્ત્રી પુરૂષો પોતાનાં કર્તવ્યથી વિમુખ રહે તો તો તેઓ મહા પાપના ભોક્તા થઇ ભયંકર શિક્ષાને પાત્ર થાય તો તેમાં કંઇ આશ્ચર્ય નથી."

"પાહિ મામ્! પ્રભુ! મારા દોષ અનેક છે!" આમ કરતી હું પ્રભુના ચરણમાં પડી."

"ધૈર્ય ધર પુત્રી! અને જે ઉપદેશ હું આપું તે તું શ્રવણ કર! ગર્ભમાં અનેક દુઃખો સહન કરી, પ્રભુ સ્મરણ કરી, કર્તવ્ય બજાવવાનો કોલ આપી, જ્યારે જીવ બહાર આવ્યો, કે તુરતજ ગત દુઃખોને ભુલી જાય છે! બાળપણમાં માત પિતાના અંકમાં અનેક પ્રકારના આનંદ અનુભવવા માંડે છે, અને આ પ્રમાણે માત પિતામાં આસક્તિ થતાંજ, પ્રભુની સ્મૃતિ કે કર્તવ્યનું જ્ઞાન કે આપેલો કોલ એ બધાની કિંચીત પરવા કરતો નથી! દિન પ્રતિ દિન દેહમાં બંધાએલો આ જીવાત્મા, પોતાને વૃદ્ધિંગત થતો માને છે! ભ્રાતા, ભગીનિ નાના બાળક, મિત્રો, નાની નાની વસ્ત્ર તથા કાષ્ટની પુતળી

ઓમાં તેની પ્રીતિ બંધાય છે. આ ભુમિકા પસાર કરી જ્યારે યુવાવસ્થા પ્રાપ્ત થાય, ત્યારે સુંદર એવી સ્ત્રીની સાથે તેનું લગ્ન થતાં તેમાંજ તેની લગ્ની લાગી જાય છે. સ્ત્રીની સંગેના નાના વિધ વિલાસમાં નિમગ્ન થએલો જીવાત્મા દ્રવ્ય પ્રાપ્તિ માટે અનેક પાપ કાર્યોમાં પ્રવૃત થાય છે. આ પ્રમાણે માયામાં ગુંથાએલો જીવ દિન પ્રતિદિન તેમાં વધારે ને વધારે ગુંથાતો જાય છે. આ પ્રમાણે જ્યારે તે જીવ ઉપરના વિચારો શરીરને માટે ચિંતા અને કોઇક સમયે મૃત્યુ પછીની ભયંકર સજાનાં સ્વપ્નો અનુભવે છે. સત્યછે કે

બાળપણે ખુબ ખેલ કર્યાં, વિચર્યાં જોબન સ્ત્રી સંગ મહીં
વૃદ્ધપણે ફીકરે વિચર્યાં, સમર્યાં મણિ તેં કદી નાથ નહિ !
મૂરખ માનવ માયા મહિં તું, આમ સદાએ દુઃખી રહ્યો
ધિક્! ધણીનું તેં ધ્યાન કર્યું નહિ, ધિક્ તુજનો અવતાર ગયો!

આ પ્રમાણે જીવન વ્યતીત કરી કૃત કર્મો અને કર્તવ્યથી વિમુખતાને, એ મહાન્ ન્યાયાધીશ કેવે પ્રકારે ક્ષંતવ્ય ગણે? તેને માટે શાસન તૈયાર છે અને એ શાસન કયા પ્રકારનું છે! કેવું પીડાકારક છે? ત્યાંનું દુઃખ કેવું અસહ્ય છે, અને કમકમાટ ઉપજાવનારું છે, તેનો ખ્યાલ તમોને હાલ આવી શકે એમ નથી!"

"કૃપાળુ! કૃપા કરી કહેશો જે સંસારમાં મોક્ષ મેળવી પરમ કૃપાળુ પરમેશની સાનિધ્યમાં વાસ શી રીતે થાય!"

"પુત્રી! જે મનુષ્ય પોતાને દેહથી જુદો માની બ્રહ્મ રૂપ થઇ પર બ્રહ્મ જે પરમાત્મા તેનું અહોનિશ રટણ કર્યા કરે તેજ સર્વદા તેના સાનિધ્યમાં રહી શકે છે; અન્યનું સામર્થ્ય નથી."

“ પ્રભુ! કૃપા કરી કહેશો જે પરમાત્માનું સ્વરૂપ કેવું છે; બ્રહ્મ અને પરબ્રહ્મમાં શો ભેદ છે, અને શી રીતે મનુષ્ય બ્રહ્મ થઇ શકે ? વળી કોઇ એ પ્રભુને સાકાર કહે છે કોઇ નિરાકાર કહે છે તો સત્ય હકીકત શી છે ? ”

“ ધન્ય ભાગ્યવતિ ! તારી જીજ્ઞાસાને ધન્ય છે ! જો કે આવા મહાન્ પ્રશ્નને સમજવો એ સાધારણ મનુષ્યની બુદ્ધિથી અસંભવિત છે; કિંતુ અલ્પાંશે પણ હું તારી જીજ્ઞાસાને તૃપ્ત કરીશ. જેને લોકો બ્રહ્મ કહે છે, સચ્ચિદાનંદ પ્રકાશ કહે છે, તે પ્રકાશ એજ પ્રભુનું અક્ષર બ્રહ્મ છે; અને તે બ્રહ્મથી પર એવા પરબ્રહ્મ પુરૂષોત્તમ છે. તે કેવી રીતે છે? એક વિશાળ મહાલયમાં, એક મહા પ્રકાશમય દીપક રાખેલો હોય, અને તેનો પ્રકાશ સર્વત્ર પ્રસરી રહેલો હોય, ત્યારે દ્વારમાં પ્રવેશ કરતાંજ, સકળ મહાલય પ્રકાશમય દ્રષ્ટિગોચર થાય છે; કિંતુ તે પ્રકાશ શેને લીધે છે ? અંદરના દીપકને લીધે. વળી એ વિશાળ મહાલયના પ્રકાશને કંઇ પણ આકાર નથી. ત્યારે તેના ઐશ્વર્ય દાતા કારણ રૂપ દીપકને આકાર છે. આ દ્રષ્ટાંત છે; પણ સિદ્ધાંત તો એ છે જે એ નિરાકાર દીસતો પ્રકાશ સચ્ચિદાનંદ બ્રહ્મ જેને કેટલા એક બ્રહ્મ મહેલ કહે છે, એનો ઐશ્વર્ય દાતા જે પરબ્રહ્મ તે દીપકને જેમ આકાર તેમ સાકાર મુર્તિ છે. પણ એ દીવ્ય રૂપે સાકાર છે. નિરાકાર વાદીઓ સચ્ચિદાનંદ બ્રહ્મ જે માત્ર તેના ઐશ્વર્યદાતાનું ઐશ્વર્ય છે, તેને પ્રભુ માનતા હોય તો તે સંભવે છે; કારણ તેઓ જેમ આપણે દીપકના પ્રકાશનેજ સર્વ માની પાછા વળીએ છીએ તેમ કરે છે.

વળી એટલું સ્મૃતિમાં રાખવાનું જે જ્યાં દીપક, ત્યાં પ્રકાશ; તેમ જ્યાં બ્રહ્મ ત્યાં પરબ્રહ્મ અને પરબ્રહ્મ ત્યાં બ્રહ્મ, અને તે દેહમાં જેમ જીવ, તેમ બ્રહ્મમાં પર બ્રહ્મ સમજવાનું છે.

હવે બ્રહ્મ શી રીતે થવું એટલે શી રીતે પરબ્રહ્મની સંનિધ્યમાં રહેવાને પાત્ર થવું તે હું તને સમજાવું છું. તે આ મહા ભાગ્યશાળી સ્ત્રી, તું લક્ષ પૂર્વક શ્રવણ કર!

પોતાના દેહથી આત્માને જુદો માનવો, કારણ દેહ જડ છે, અને જીવ ચૈતન્ય છે. પોતાના દેહથી થતી ક્રિયાઓ, પોતાને (જીવને) બંધનરૂપ નથી થતી, એ સિદ્ધાંત માનવો. દેહના દોષો દેહની સાથેજ રહેવાનાં છે, આ પ્રમાણે હમેશાં માન્યતા રાખવી. જનકરાજા વિદેહી કહેવાતા છતાં રાજ્ય ચલાવતા, ગૃહસ્થાશ્રમી હતા, અને ભોગ વિલાસમાં નિમગ્ન જણાતા. આ પ્રમાણે દેહની સાથે સંબંધ ધરાવતાં દરેક સુખોના ભોક્તા છતાં, વિદેહી કહેવાતા તે શી રીતે, જે જેમ એક ગુન્હેગારને ફાંસીને લાકડે લટકાવવાની નોટીસ મળી ગયા પછી ઉંચા પ્રકારના ખાનપાન તથા ભોગો ભોગવવાની છુટ આપી હોય ત્યારે તે શું આનંદથી કે આસક્તિથી આવા ભોગ વિલાસ ભોગવી શકે? તે પ્રમાણે વિષયોમાં બિલકુલ આસક્તિ વગર દેહના સંબંધી રૂપે તેને જાણી લઇ, ભોગ ભોગવવા છતાં, મહાત્મા જનક વિદેહી કહેવાયા, શ્રીકૃષ્ણ બ્રહ્મચારી કહેવાયા, ઇત્યાદિ. તદનુસાર હું જીવાત્મા છું, ચૈતન્ય છું, પ્રકાશ છું, માયાના બંધન રહિત છું, જ્યારે આ મારો કહેવાતો દેહ જડ છે, અંધકાર મય છે, માયામય છે, આમ સમજનાર પોતે બ્રહ્મ પણાને પ્રાપ્ત

થયેલ છે. એમ સમજવું. આ પ્રમાણે પોતાના આત્માનેજ ચૈતન્ય રૂપ-પ્રકાશ-બ્રહ્મ માની પોતાના આત્માની અંદર પરબ્રહ્મ જે પુરૂષોત્તમ તેની મૂર્તિને ધારણ કરવી, અને તેનુંજ ધ્યાન કરી તેની સાથેજ એકાકાર થવા પ્રયત્ન કરવો. એજ ઉત્તમોત્તમ પદની પ્રાપ્તિ છે! માટે ઓ સુંદર સ્ત્રી, મેં જે તને આ હિતકર વચનોના ઉપદેશ કર્યો તે પ્રમાણે વર્તના પ્રયત્ન કરી આ મનુષ્યાવતારનો ઉત્તમ લાભ લઇ લેજે."

ભગવાન! કૃપાળુ! ગુરૂદેવ! આપે મારા ઉપર પરમ કૃપા કરીને આ માર્ગ દર્શન કરાવ્યું. કિંતુ ક્ષમા કરો ભગવન! આ માર્ગ અમારા જેવા ક્ષુદ્ર, માયામાં ડુબી રહેલા જીવોને માટે ઘણો વિકટ અને અગમ્ય છે. અમોને તો કૃપા કરીને સરળ માર્ગ બતાવો જેથી કરીને અમારો મોક્ષ થઇ શકે?"

ગુરૂ (જરા સ્મિત કરી)—"ઓ સુભગા! તું શા માટે હિંમત હારે છે? પણ નહિ! તારી વાત સત્ય છે. એ માર્ગમાં ઘણા વિઘ્નો છે ખરાં. સાધારણ પંક્તિના મનુષ્યો, જે સદા મમત્વમાં ગુંથાએલાં. અને માયામાં ડુબી રહેલાં છે તેઓને માટે કોઇ સરલ માર્ગની અવશ્યકતા છે ખરી!"

"હા, કૃપાળુ! આપ કૃપા કરી એવો માર્ગ બતાવો કે જેથી સર્વ મનુષ્યો તે ગ્રહણ કરી શકે, અને પોતાનું કલ્યાણ કરી પ્રભુની સાનિધ્યમાં રહેવાનો અલભ્ય લાભ લઇ શકે!"

"પુત્રી! ત્યારે શ્રવણ કર! **अहिंसा परमोधर्मः** એ સુત્રને હમેશાં અનુસરવું અર્થાત કોઇ પણ પ્રકારની હિંસાથી હમેશાં દુર

રહેવું. હવે હિંસા એટલે શું એ એ મહાભાગવતી તને સમજાવું. એ લક્ષ પુર્વક સમજી લે, કોઇ પણ પ્રાણીનો વધ કરવો એનું નામ હિંસા એતો સર્વ માન્ય બાબત છે, પરંતુ કોઇના મનની લાગણી કે અંતઃકરણને દુઃખાવવું એ પણ એક હિંસાનો પ્રકાર છે ત્યારે આ પ્રકારની હિંસા પણ ન કરવી જોઇએ. વળી હિંસાનો અભાવ એટલે અહિંસા ત્યારે કોઇ પણ પ્રાણીની લાગણીને ન દુઃખવવી બલકે એને ખુશી પ્રસન રાખવાં. આ પરોપકારથીજ બની શકે છે. પરોપકારમાં આ પ્રમાણે અહિંસાનો સમાવેશ થાય છે કારણ પરોપકારી પુરૂષ હમેશાં અહિંસા સુત્રનો અનુસરનારજ હોય છે. વળી પરોપકારી પુરૂષ નીતિ અને સદાચારના નિયમો ઓળંગી શકતો નથી. માટે પરોપકાર એજ કર્તવ્ય છે. એજ સંસાર સાગર તરવાનું ઉત્તમ નાવ છે ! વળી આ પરોપકારનું ઉત્પતિસ્થાન દયા છે કે જેને માટે મહાત્મા તુળશીદાસે કહ્યું છે કેઃ—

દયા ધર્મકા મુલ હે, પાપ મુલ અભિમાન,
તુળસી દયા ને છાંડીએ, જબ લગ ઘટમેં પ્રાન.

માટે દયા—પરોપકારનેજ પોતાનું પ્રથમ કર્તવ્ય સમજી પરહિત કરવામાં ઉદ્યુકત રહેવું. જે મનુષ્યો પોતાના કર્તવ્યથી વિમુખ રહેછે તેઓના ઉપર કિરતારનો કોપ ઉતરી પડે છે, તેઓ દુઃખી થાય છે, રિબાય છે, અને ભયંકર સજા મૃત્યુ પછી તેને માટે રાહ જુએ છે. ! ! !

"ગુરૂદેવ !" મેં દિકર જોડી વિજ્ઞપ્તિ કરી. "આપે પરોપ

પ્રકાર વિશે કહ્યું તો તે પરોપકાર કયા પ્રકારનો કરવો તે કૃપા કરી આપ મને સમજાવી કૃતાર્થ કરો."

"પુત્રી! કલ્યાણુ મસ્તુ! આ તારો પ્રશ્ન ઘણો ઉત્તમ પ્રકારનો છે; કારણ ઘણા લોકો માર્ગ જાણ્યા વિના પરોપકાર કરવાની ઇચ્છાથી દાન કરે છે; એ દાન કરવા પહેલાં पात्रेषुज्ञानम् । એ સ્મૃતિમાં રાખવું; કારણ કુપાત્રને દાન કરવું નહિ. અહીં ઉદાહરણ જે એક ભિક્ષુકને આપણે કંઇ દ્રવ્ય આપ્યું; તે દ્રવ્યનો ઉપયોગ તે હિંસા કરવામાં, અગર માંસ ભક્ષણ કરવામાં કરે, તો તે પાપફળના ભોક્તા આપણે થઇશું! વળી દાન કરવું એ દેશમાં ભિક્ષુકોની વૃદ્ધિ કરવા સારૂ નથી; કિંતુ અશક્ત, સામર્થ્ય હીનને સાહ્ય કરવી, અનાથ પ્રાણીઓની વ્હાર કરવી એનેજ પરોપકાર કહી શકાય! વળી વિદ્યાદાન એ સર્વ દાનમાં શ્રેષ્ટ છે, માટે એ દાન કરવા તત્પર રહેવું, દેશના પ્રત્યેક સ્થળમાં વિદ્યાદાન માટેની ઉપયોગી સંસ્થાઓ સ્થાપન કરવી, એ દ્રવ્યવાનનું કર્તવ્ય છે. તદુપરાંત પરોપકાર એ કંઈ દ્રવ્યથીજ બની શકે એમ નથી! અજ્ઞાન લોકોને જ્ઞાન માર્ગ બતાવવો એ પરોપકારનો પ્રથમ પ્રકાર છે. એ માટે જ્ઞાનનો એઓને ઉપદેશ કરવો. બેટા! તું સ્ત્રી છો—અબળા છો તો પણ તારૂં કર્તવ્ય હવે તું લક્ષ પુર્વક શ્રવણ કર! તું પતિવ્રતા સતિ સ્ત્રી છો અને તેને પરિણામે તને આ અનુપમ, અલભ્ય લાભ મળ્યો છે! માટે આ ધ્યાન પુર્વક શ્રવણ કરી લક્ષમાં રાખી તેને અનુસરવા પ્રયત્ન કર!

સર્વ જગતમાં ભરતખંડ શ્રેષ્ઠ છે, કિંતુ એજ ભરતખંડમાં સ્ત્રીઓની દશા અધમ અવનત અને અજ્ઞાન તિમીરમાં ડુબેલી છે! કર્તવ્ય જ્ઞાનને તેઓમાં અંશજ નથી. તેઓને ઉપદેશ કરી એ અવદશામાંથી ઉદ્ધાર કરવા પ્રયત્ન કર! વિધવાઓ જેનું પ્રમાણ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતું જાયછે, અને જેથી તેઓમાં અનેક કુકર્મો અને પાપોનો ફેલાવો થાયછે, તેને માટે વિધવાશ્રમો જેવી સંસ્થાઓ ઉત્પન કરી, તેઓને ધર્મનાં મહાન સુત્રો સમજાવવા પ્રયાસ કર! તેથી હજારો સ્ત્રીઓનાં અંતઃકરણો તને આશીર્વાદ આપશે. સેંકડો બાળ હત્યાઓ થતી અટકશે, નીતિનો પ્રચાર થશે, પરિણામે દેશની સાંસારિક સ્થીતીમાં સુધારો થશે!!! આ બધાના ફળ રૂપે તને પરમાત્માના સાંનિધ્યનો લાભ મળશે! તારા મુખ ઉપર નજર કરતાં મને જણાયછે જે, તું આ કાર્ય મહાન તથા તારી શકિત ઉપરનું ગણે છે, પણ સ્ત્રીઓનો ઉદય સ્ત્રીજ કરી શકે છે, પુરૂષોથી કિંચીત પણ સુધારો અસંભવીત છે! માટે ધૈર્ય રાખી પ્રયાસ કર! ગુરૂનો આશીર્વાદ છે, તારો વિજય થશે. પરંતુ જોજે! વળી વિષયોમાં લીન થઇ જઇ, કર્તવ્યથી વિમુંખ થતી નહિ. કારણ વિષય વિલાસ એજ વિનાશનું મુળ છે! વિષયની લાલસાવાળાઓના પ્રભુ શી રીતે નાશ કરે છે તે સંબંધી શ્રીમદ્ભાગવતમાં ભગવાન પ્રતિ ઉકિત છે.

प्रमत्त मुच्चै रितिचिंत्य कृतया
प्रवृध्धलोभं विषयेषुलालसम् ।
[illegible]त्तः सहसाभिपद्यसे
क्षुल्लेलिहानो हिरिवाखुमन्तकः ॥

માટે એનાથી ચેતતી રહેજે !"

"પ્રભુ ! આપની આજ્ઞા શિરસા વંદ્ય છે, મારા ઉપર આપનો મહદ ઉપકાર થયો છે, ભગવાન !"

"**अखंडसौभाग्य!** ભગવતિયે! શરીર ઉપાધિ દ્રવ્યની હાની, દુષ્ટોથી થતાં વિઘ્નો વિ. દુ:ખથી હૃદય ભગ્ન થઇશ નહિ ! પરિણામે તારો વિજય છે. **अस्तु**"

અરે પણ એ સૌમ્ય શાન્ત ગુરૂની મૂર્તિ ક્યાં ગઈ? એ સુંદર મંદિર ક્યાં ગયું ? હા ! મારાં નેત્રો ખુલ્લાં થઇ ગયાં ! મારૂં સ્વપ્ન નષ્ટ થઈ ગયું ? પાછી એની એ જગતની ઉપાધિ !

પ્રકરણ પાંચમું

સતિને ત્રાસ

कंदर्प दर्प दलने विरला मनुष्याः

આજે પ્રિયંવદા, સ્નાન ધોઇ, પોતાના લાંબા નાગ જેવા કેશ ઓળતી, પોતાના આશ્રય દાતાના મકાનમાંના એક નાના રૂમમાં સાડીના ટુકડા ઉપર વિચાર કરતી બેઠેલી છે. તેનું દર્દ એ છે કે હવે

નાશ પામ્યું છે તોપણ તેના ચ્હેરા ઉપર ઉંડી ચિંતાના ચિન્હો પ્રત્યક્ષ જણાય છે. વાંચકો ! તેની ચિંતાનું કારણ તમો સહજ કલ્પી શકશો; કારણ !

ચતુરા ચિંતા માંહ, સ્વામિ વિણુ શોચે સદા;
સ્વામિ સંગે નહિં, એ અબળાની આપદા !

શ્રવણ કરો પોતાના સુંદર વાળ ઓળતી તે શું બોલે છે તે !

"સરોજ પ્યારા, સરોજ મારા, સરોજ વ્હાલા પ્રાણ છે!
સરોજ સેવા મિષ્ટ મેવા એજ જીવન પ્રાણ છે!

અહા ! સરોજ ! મારા વ્હાલા ! તમો ક્યાં હશો ? તમારી સમુદ્રમાં શી ગતિ થઈ તે હું શી રીતે જાણી શકું ? હું અનાથ અહિં પારકાના આશ્રમમાં પડેલી છું. વારંવાર અરજ કર્યા છતાં મને મારે વતન જવા દેવામાં શેઠ હરિદાસ કંઈ કંઈ વિઘ્ન આણે છે તેમજ મારા પ્રાણનાથની તપાસ કરવામાં પણ ઢીલ કરતા જણાય છે. તેઓએ મારા ઉપર ઉપકાર કર્યો છે છતાં મારા અતિ રૂપને લીધે મને ભય લાગે છે. કારણ:

अति रुपाद् हृतासीता अति गर्वाच्च रावणः ।
अति दानाद् बलिर्बध्धो अति सर्वत्र वर्जयेत् ॥

જે અતિરૂપ મને એક સમય સ્વામિના સંગમાં આલ્હાદ દાયક હતું તે આજે મને અંતરમાં ભય ઉત્પન્ન કરે છે ! વળી શેઠની અવસ્થા જુવાન છે, સ્વતંત્ર છે, દ્રવ્યવાન છે અને દ્રષ્ટિપણથી.....! પણ મા-

રે આપી શંકા આ માટે કરવી ! જે ગુરૂદેવે મારા ઉપર કૃપા કરી, સ્વપ્નમાં દર્શન આપી ઉપદેશામૃતનું પાન કરાવી, આશિર્વાદ આપ્યો છે તેજ ગુરૂદેવ મારૂં રક્ષણ કરશે. આ પ્રમાણે સતી વિચાર કરતી હતી. દરમ્યાનમાં તો એક વૃદ્ધ સ્ત્રીએ આવી એક પત્ર તેના હાથમાં આપી કહ્યું જે શેઠે આ પત્ર આપને આપવા કહ્યું છે.

"પત્ર ! અને તે પણ શેઠનો ! "

રમણીનું હૃદય કંપવા લાગ્યું ! થરથરતા હાથે પત્ર વાંચવો શરૂ કર્યો.

" પ્રિયંવદા !

આહા ! આપનું નામજ મને કેવું પ્રિય લાગેછે ! તમારા ઉપર મેં ઉપકાર કર્યો છે, અને એ ઉપકારનો બદલો વાળવા તમો સમર્થ નથી એમ તમો કહેતાં હતાં, કિંતુ તમો તેનો બદલો વાળવા સર્વ પ્રકારે સમર્થ છો."

" હરિ હરિ ! આનો શું અર્થ ? હૃદય ધૈર્ય ધરી જરા આગળ વાંચ !"

" પ્રથમતો મને જણાવવા દો જે તમારા સ્વામિનો સમુદ્રમાં નાશ થયો છે અને કદાપિ જીવતો હોય તો પણ એ તમોને શું ઉપયોગનો ? તેનું લગભગ સર્વ દ્રવ્ય નાશ પામ્યું છે ! શું તમો દ્રવ્ય વિના તેના ઉપર પ્યાર કરી શકશો ? નહિંજ"

" અરે શા માટે નહિ ? દુષ્ટના આશયો પણ દુષ્ટ ! " આમ બડબડતાં તેના વિશાળ કપાળમાં કરચોળી પડી. " ચાલ જલદી

પુરૂં કરૂં અને એ દુષ્ટની દુષ્ટવાસનાથી પરિચિત થઇ ચેતી જાઉં !"

"આપ વિધવા છો એમજ માની લઇ હવે પુનર્લગ્ન કરવા તઇયાર થશો ! કારણ હું જાણી શક્યો છું, જે આપ ભણેલાં, વિદ્વાન તથા સુધરેલાં સ્ત્રી છો. વળી પુનર્લગ્નને માટે તમોને મારા જેવો યોગ્ય પુરૂષ મળી નહિ શકે! મારી પાસે અખુટ રિદ્ધિ, યૌવન વિગેરે તમામ સાનુકુળતાછે, કે જે સાનુકુળતા સ્ત્રીઓને સદાએ પ્રિય છે ! અદ્યાપિ મેં તમોને મારા વિચારો જણાવ્યા ન હતા. તે દહાડે હું તમારી સેવામાં એકલોજ હાજર હતો ત્યારે મને તમારૂં સુંદર મુખ કમળ જોતાંજ મોહ ઉપજ્યો. તમારા નેત્ર કટાક્ષમાંથી છુટેલાં બાણે મારા જીગરને ઘાયલ કરી નાખ્યું અને તે દહાડથીજ હું કામજવરથી પીડિત થયો છું, આજે મારા શરીરમાં તાવ ભરાઇ આવ્યો છે. મારી સ્થિતિ—

હૃદયમાં અગ્નિબળે, ભ્રમીત થયું મમ શીર;
શું વદું ? હું ક્યાં વસું ? નથી ધરાતી ધીર.
મિષ્ટ મેવા શરબતો એ વિષ જેવાં લાગતાં;
પ્યારી મારી પદ્મિણિ! હું ડુબ્યો તારા રાગમાં.
નહિ શરાબી, નામું ઠામું, ધંધો ધાપો, કંઇ નહિ,
ઓ દેવી તું ! ઓ દેવી તું ! મમ દિલમાંહિ વસી રહી!

મારા હૃદયમાં ભડભડ કરતો અગ્નિ (કામ) સળગી ઉઠયો છે. મારૂં મસ્તક ફર્યા કરેછે ! ઓ મોહિની ! હું શું બોલું છું, શું લખું છું, તેનું મને ભાન નથી ! મારાં વિલાસનાં સાધનો મને

દાહ ઉપજાવે છે. મિષ્ટ મેવાઓ સર્વોત્તમ શરબતો વિષ જેવાં લાગેછે ! મારા શરાફી વહીવટ અને હિસાબ કિતાબમાં મારૂં દિલ ખુંચતું નથી ! ઓ મનહર મોહિની ! તેં મને ઘેલો બનાવી દીધો છે ! એક વખત મારા દિલને શાન્ત કર ! તારા અધરામૃતના પ્રસાદથી આ મૃતપ્રાય જીવનમાં ચૈતન્યનો પ્રવેશ કરાવ.!

સુગુ સુતનુ સુંદરિ ! મમ પ્રાણનો આધાર છો !
વિમળવદની વહાલી તું ! સંસારમાં સુખકારછો !
આવો પ્યારી મારી, વારી, જાઉં તારી પગથી હું !
હું નવાણું, ઓ નવોઢા ! વિભવ વસ્તુ જરથી હું,

પ્યારી કહું તો ક્રોધ ન કરજે ! પ્રિયા ! તારા પ્રાણના ઉગારનારનો પ્રાણનાશ કરવા તું તત્પર નહિ થા, એવો આ હૃદયને નિશ્ચય છે ! તારૂં હૃદય કંઇ કઠોર નથી, મારા ઉપર દયા કર ! ઓ મનહરણિ, અને મને સુખી કર.

મારા ઉપર દયા આવે તો—મારા તરફ પ્રેમ ઉત્પન્ન થાય તો મારી અખુટ દોલતના માલેક થવાની ઇચ્છા થતી હોય તો ઉત્તર આપ, અને ઘડીમાં તારો દાસ તારી સેવામાં હાજર થશે. !

ના પાડયા પહેલાં વિચાર કરજે ! મારા સામર્થ્યનો તોલ બાંધજે ! સકળ રાજ્યમાં મારો કેવો વગ ચાલે છે તેનો ખ્યાલ કરજે ! હરિદાસ શેઠનું અનાજ રાજ્યના ક્યા અમલદારના પેટમાં નથી ગયું ? તારી દાદ કોઇ સાંભળશે નહિ, અને આજ નહિ તો કાલે આ સામર્થ્યવાન નગર શેઠને તાબે થયા વિના તારે છુટકો નથી. !

દેવી અપ્સરાથી નહિ! મારી વિજ્ઞપ્તિ સ્વિકારજે; અને પછી કિંચિત પણ ભય નથી. ઉત્તર વિચાર કરી તુરત આપજે.

લી. તારા પ્રેમમાં ઘેલો થયેલો.

તારા પ્રસાદની રાહ જોતો

હરિદાસ."

"હરિ! હરિ! શી દુષ્ટતા!" આમ બોલતી નિરાધાર નારીએ પોતાનું કપાળ કુટયું!!

દુઃખી પ્રિયંવદાની અનાથ સ્થિતિને જાણે હસતી હોય એમ, તે વૃદ્ધા વચ્ચેજ બોલી; "શું છે છોડી? આટલું બધું કલ્પાંત શા માટે? પત્રમાં શું છે?"

"પત્રમાં શું છે! મારૂં દુર્ભાગ્ય! તે પાપીની પાપ વાસના હું કદી પાર પામવા નહિ દઉં!" પ્રિયંવદાએ ક્રોધમાંજ ઉત્તર આપ્યો.

"ત્યારે શું કંઇ આડું અવળું લખ્યું છે કે? દીકરા! મને વાત તો કર?" તે પાપણીએ જરા આતુરતા દર્શાવી પુછ્યું.

"હા માડી હા! તે પાપીની મારી સાથે પ્રેમ જોડવાની ઇચ્છા થઇ છે પણ એ તો નહિ બને! નહિ બને! અને નહિજ બને!

કારણઃ

'સિંહ મુછ ભોરિંગ મણી, કરપી ધન સતી નાર;
જીવતાં પર કર નવ ચડે, જેમ ક્ષત્રી તલવાર.'

ડોશી અત્રે હસી પડી અને પોતાનું પોત પ્રકાશતી બોલી—

"માડી ! એવું તારૂં સામર્થ્ય અહીં કેમ કામ આવશે ? તું અનાથ છો–નિરાધાર છો; માટે સમયને અનુસરી, હાલ તુરતને માટે તેની ઇચ્છાને આધીન થઇ જવું એમ મારી વૃદ્ધની સલાહ છે."

"અરે ! અરે ! આ તમે શું બોલો છો ? સ્ત્રીઓને શીયળથી વધારે પ્રિય અન્ય શું ? અને એક વખત લુંટાયું તો રહ્યું શું ? તમો વૃદ્ધ થઇને આ શું બોલો છો ?"

પાપણીએ હવે પોતાનું ખરૂં સ્વરૂપ પ્રકાશ્યું.

"છોડી ! આવી હઠ શા માટે ? તું આવી ગુલાબના ગોટા જેવી જુવાન છો, અને મોજ નહિ કરે ત્યારે શું કરીશ ? આટલો બધો પૈસો ! આવો ઉદારચિત્ત શેઠ ! ધન્યભાગ તારૂં ! માટે ઉડાવ મજા ! અમારા જેવી ડોશીઓને કરી દે ન્યાલ ! તારો ધણી તો દરિયામાં ડુબી મુઓ છે અને જીવતો હશે તો પણ બીજી બાઇડી કરી હશે: તારી માફક સત રાખી બેસી નહિ રહે ! માટે માની જા ! આ જુવાની કાંઇ કાયમ રહેવાની નથી ! ભગવાને તને રૂપાળી બનાવી છે અને જુવાન છો તો તારા ભાવ પુછાય છે ! કાં અમને કોઇ બોલાવતું નથી ?"

અહાહા ? કેવા ત્રાસજનક શબ્દો એક વૃદ્ધ સ્ત્રી મરણને કાંઠા ઉપર આવી બેઠેલીના મુખમાંથી પડે છે ! ખરૂં છે કે

जना: धृष्टा नष्टा बहुह कलिकाले प्रभवति ।

દુષ્ટાના દુષ્ટ વાક્પ્રહારથી પ્રિયંવદાના હૃદયમાં ભારી જખમ થયો. તે ત્રાસથી કમકમી ઉઠી !

"અરે ઓ દુષ્ટા ! તારી વચનો વિચાર કર ! તું મૃત્યુના મુખમાં જવાની તૈયારીમાં છો ! તારા મ્હોમાં આવા શબ્દો શોભે નહિ. મારો સ્વામી અનેક સ્ત્રી કરશે તેથી મારે શું અનેક પુરૂષ કરવા ? હરિ હરિ ! આ શું વદે છે !

કહ્યું છે જે:

'પદ્મ ભ્રમર ઇચ્છે સદા, ભ્રમરને પુષ્પ અનેક
નર નારી નવ નવ ચહે,(પણ) સ્વામી સતિને એક.'

મારે તારા શેઠના દ્રવ્યની પરવા નથી ! તેની ઉદારતાની દરકાર નથી ? ભોગ વિલાસની વાંચ્છના નથી ! ઓ દુષ્ટ સ્ત્રી, મારે તો મારો સ્વામિજ મારો પરમેશ્વર છે, પછી તે મૃત હોય કે જીવીત હોય, દ્રવ્યવાન હોય કે દ્રવ્ય વિહીન હોય, તેની મારે પરવા નથી. હું તો એનેજ ભજું છું અને એનેજ ભજીશ !"

"છોડી ! ગાંડી ન થા ! સમજી જા ! હિમ ચાંલ્લો કરવા આવી ત્યારે મ્હોં ધોવા ન જા ! આવો સમય આવવાનો નથી ! પતિ, પતિ, શું કરી રહી છે ? આ મનખા દેહ કંઇ વારે વારે મળવાનો નથી ! જાત જાતની મોજું માણવી એ આપણું કામ છે. આ આપણા કાનજી મહારાજે (શ્રીકૃષ્ણે) શું કર્યું હતું ? કેટલી બાયડીઉં ? સોળ હજારએકસો ને આઠ ! એને કંઇ મોજ માણવામાં બાકી નહોતી રાખી ! ભગવાન પણ મોજ માણે ત્યારે આપણે

હજાુત શું ? શેઠ તારા ઉપર આશક થઇ ગયા છે. અને તારા વિના તેને ક્યાંયે ગોઠતું નથી; માટે માની જા ! શેઠ તો મોટા માણસ છે અને ન્યાલ કરી દેશે. એની ઉદારતાની હદ નથી ! હમણુંજ મારા છોકરાને પરણાવી દીધો, અને મને પણ બેઠી બેઠી પાળેછે. કાંઇ નહિ કામ કે કાજ ! માત્ર શેઠની મરજી થાય ત્યારે ગલગોટા જેવી છોકરીઓ તેની પાસે લાવી આપવી અને તેને પણ મફત નહિ, સમજી છોડી ? સોના મહોરે વાત ! સોના મહોરે ! ”

અહિં પ્રિયંવદાએ સાક્ષાત ભગવાનની નિંદા થતી સાંભળી ત્રાહિ ત્રાહિ થતાં પોતાના કાનમાં આંગળાં ઘાલ્યાં. તે ગુસ્સાથી બોલી ઉઠી.

“ અરે ઓ પાપિણી ! તું મારી નજર આગળથી દુર થા ! તારા કુટણાની કથા કરતાં તને શરમ આવતી નથી ? ધુળ પડી તારા ધોળા વાળમાં ! તારી વૃદ્ધ અવસ્થાને ધીટકાર છે. તારા શેઠને પણ કોટિ કોટિ ધીટકાર છે. ઓ દુષ્ટ હૃદયની ડાકણી, તારૂં મુખ કાળું કર, અને મારી નજરથી દુર થા ! ! તારા શેઠની ઉદારતા, જુવાની, અને દ્રવ્યને પુળી લગાવ ! તેની સંપત્તિને સળગાવી દે !

શેષ સજે, કદિ મેરૂ ચલે,
(વળી) પદ્મ ઉગે કદિ પર્વત માંહિ;
શીળ સતી કદિ સત્ય ચુકે નહિ
સૂર્ય ઉગે કદિ પશ્ચિમ માંહિ !

અગ્નિ કદાચ ઠંડો થઇ જાય, પૃથ્વી રસાતાળ જાય, સૂર્ય પશ્ચિમમાં ઉદય થાય તો પણ ઓ કુલટા કુટ્ટણિ, શિયળવંતી સતી પોતાનો ધર્મ ચુકે નહિ ! આ દેહને ગમે એટલો રિબાવે તેના રાઇ રાઇ જેટલા ટુકડા કરે તો પણ તારા શેઠને કહેજે કે તારી મુરાદ પાર નહિ પડે ! વળી એટલું ઉમેરજે જે તારી ધમકીથી હું ડરતી નથી ! તારી રાજ્યની લાગવગની મારે ભીતી નથી ! જે રાજ્યની સહાયની મને આશા છે તે રાજ્યમાં, તારા દ્રવ્યની, તારી સંપતિની વગ ચાલી શકવાની નથી ! એ નિરાધારનો બેલી રાજા મારૂં રક્ષણ કરશે ! માટે જા ! ઓ ડોશી ! અને તારા શેઠને મારો સ્પષ્ટ ઉતર સમજાવ ! તેના નિશ્ચયમાંથી પાછો ફરવા ભલામણ કર; અને મારો છુટકારો કરાવ એટલે તારૂં કલ્યાણ થશે ! મારે આ ઘરમાં રહેવું નથી મને અહિંથી જવા દે ! ”

“ અરે મુરખ છોડી આમ લાલચોળ શા માટે થાય છે ! તારૂં સારૂં થાય એવા રસ્તો બતાવીએ છીએ ! અમો તારા બુરામાં રાજી નથી; માટે હજુ માન, હરિદાસથી હેત જોડ અને તારા પતિનો ખ્યાલ છોડી દે ! ”

“ શું હરિદાસથી હેત ?

સ્નેહ એક સરોજથી
અન્ય તાત કે ભ્રાત
પત્થર સમ તુજ શેઠ છે
મારૂં એને લાત !

"હું પથ્થર ! જોઉં છું કે તું હવે પત્થર સાથે કેમ પ્રીત નથી જોડતી તે !"

આમ બોલતા એક પુરૂષે લાત મારી, અડકાવેલું દ્વાર ખોલી, માંહિ પ્રવેશ કર્યો ! !

આ પુરૂષના એકાએક આગમનથી ભયથી વિહ્વળ થયેલી પ્રિયંવદા દિગ્મુઢ થઇ એક બાજુ ખસી ઉભા રહી.

"બોલ ! પ્રિયંવદા ! બોલ !" તે આવનાર નર–પિશાચે આગળ ચલાવ્યું: 'તું શું કહેવા માગે છે ? તારી તમામ વાતચીત મારા સાંભળવામાં આવી છે અને તેથી જોકે મને ક્રોધ ચડ્યો છે તો પણ પ્રિયા આ તારા સુંદર મુખકમળના.........

"બંધુ, જરા વિચારીને બોલો ! આપે મને સમુદ્રમાંથી ઉગારી જીવિતદાન આપ્યું તે શું આટલા માટે ?" પ્રિયંવદા વચ્ચેજ ગળગળે સાદે બોલી ઉઠી.

"અને તે ઉપકારનો બદલો પણ તું આમજ વાળી શકે ?" હરિદાસે ઉત્તર આપ્યો.

"હું આપની રૂણી છું ! આપ મારા બંધુ છો !"

"બંધુ શા માટે ? એક વખતજ 'પ્રાણ' કહે એટલે ઉપકારનો બદલો સહસ્ત્રવાર મળી ચુકયો !"

"હરિ ! હરિ ! આ શું બોલો છો ? એક અનાથ અબળા ઉપર આવો જુલમ ન શોભે ! પ્રભુ પાસે જવાબ આપવો પડશે ! ગુરૂદેવ સહાય કરો !"

"હવે જોએ તારો પ્રભુ! પ્રભુ મને શું કરવાનો છે! માટે મારૂં કહ્યું માન અને મારી ઇચ્છાને આધીન થા!"

"ત્યારે આટલાજ સારૂં તમોએ મને સમુદ્રમાંથી બચાવી? જો એમજ હોય તો મને પાછી સમુદ્રમાં નાખી આવો! અરેરે આમ ન બોલો! એક નિરાધાર અબળાને ન સતાવો! હું ખોળા પાથરી તમોને અરજ કરૂં છું જે મારા પર દયા કરો!"

"સુંદરી! હું તમોને સતાવવા માગતો નથી! કિંતુ તમારા જેવી સુકોમળ સુંદરી આવી કૃતઘ્ની માલુમ પડવાથી મારા અંતરમાં અફસોસ થાયછે, મારા હૃદયમાં કામાગ્નિની જ્વાળાઓ સળગી રહી છે અને તે કામાગ્નિએ મને ઘેલો બનાવી મુક્યો છે! જેમ જેમ તારૂં સૌંદર્ય હું વધારે વધારે નિહાળું છું તેમ તેમ મારા હૈયાનો આતશ વધુ પ્રજવલીત થતો જાય છે. મારા ઉપર કૃપા કરી મારી વિજ્ઞપ્તિ સ્વીકાર! તારા ઉદય થતા ભવિષ્યનો વિચાર કર અને કરેલા ઉપકારનો યોગ્ય બદલો આ. આ તારા સેવકને ઉપકૃત કર?" હરિદાસે તદન નરમ થઇ કહ્યું.

"કામ અંધ શાને બને! કામી કરી વિચાર.
મુરખ માનવ! માન તું, સુખનો કરે સંહાર.
દુર્યોધન આદી ગયા, કીચક સૂર;
સતીઓ કેરા શાપથી, કંઇક ગયા જન ક્રુર.
પસ્તાયા પાપી પછી, ક્રોધી બની ફિરતાર
વિમાસણ વનમાં બધાં સૌ પામ્યા સંહાર.

માટે ઓ કામી પુરૂષ ! આ તારી કામી વૃત્તિનો ત્યાગ કર ! તારાં અંધ ચક્ષુ ઉઘાડ ! તારૂં કર્તવ્ય સમજ ! તારી ગ્રહસ્થાઇનો વિચાર કર ! તારી ખાનદાની પર કલંક ન લગાડ ! એક અનાથ અબળા ઉપર ત્રાસ કરવાથી ઘણું વિષમ પરિણામ આવશે ! ગુરૂદેવ તારૂં અનિષ્ટ કરી નાખશે! માટે જરા વિચાર કર! તારા અંતઃકરણ ને પુછી જો ! મનોવિકારની અવળી સલાહ પર ચાલી, દીપક લઇ કુવામાં ઉતરવાનું સાહસ શામાટે કરે છે! મનોવિકારજ (Passions) મનુષ્ય નાસનું મુળ છે; કિંતુ તારા જેવા મુઢ મનુષ્યોની પાસે તેનું સામર્થ્ય ઘણું ચાલે છે. અંતઃકરણ (Conscience) જે સદા સત્ય માર્ગ દર્શક પવિત્ર દૈવી શક્તિ છે, તે તો બીચારૂં તમારા મનો-વિકારના પ્રાબલ્ય પાપે કયાંએ દબાએલું પડયું હોય છો જ્યારે પરિ ણામે મહા દુઃખના ભોક્તા બનશો ત્યારેજ તમોને પશ્ચાતાપ થશે ! અંતઃકરણની સલાહ ન માન્યા બદલ ઘણી વિમાસણ થશે ! માટે હમણાંથીજ તમારા અંતઃકરણને પુછો ! તે શું કહે છે તે હું જાણું છું! તે કહે છે 'ઓ મુઢ ! પાપી ! હાથે કરીને ખાડમાં ન પડ! જે કામદેવના ફાંસોમાં ફસાવાથી અનેક દેવો મહર્ષિઓ તથા જ્ઞાની પુરૂ ષોનો પણ નાશ થયો છે તેના ફાંસામાં હાથે કરીને ના ફસા? તારા આ દુષ્ટ કૃત્યનું ફળ—

નાશ કીર્તિ દ્રવ્ય કેરો, સર્વ નાશ સિદ્ધ છે;
ઓ નૃશંસ માની ! આ નાશકારક જીદ છે !"

"હવે જાણ્યું તારૂં જ્ઞાન! મારૂં અંતઃકરણ તો મને કહેછે જે—

મોજ મારો, માનવી ! આ મોજનો સંસાર છે,
મોજ માટે દ્રવ્ય લક્ષ્મિ, મોજ માટે નાર છે;
સુંદરીના સંગમાં, સુમોજ સર્વે માણવી;
એ સુંદરી એ સ્વર્ગ (ને) નિર્વાણ પણ એ જાણવી!

સુંદરી! મારૂં અંતઃકરણ મને આમ સુચવે છે માટે તારા કહેવા પ્રમાણે હું તો બ્યાજબીજ કરૂં છું!"

"ઓ મૂર્ખ! એ તારા અંતઃકરણની નહીં, પણ તારા પાપી મનોવિકારોનીજ સુચના છે!"

"ગમે તેની એ સુચના હશે તેની હું પરવા કરતો નથી. પણ હવે તું મને શું જવાબ આપે છે?"

"જવાબ ના! સહસ્ત્ર વખત ના!"

"વિચાર કર કે તું મારા કબજામાં છે અને આજ નહીં તો કાલ પણ તારે મને આધીન થવું પડશે!

ડોશી! આ મુર્ખ સ્ત્રીને સમજાવ! હાથે કરી દુઃખ શામાટે વહોરી લે છે. એને સમજાવી મને જવાબ આપજે કે તેની શી ઇચ્છા છે! હું જોઇ લઇશ! હાલ તો હું જાઉં છું."

આમ બોલી ક્રોધ દ્રષ્ટિ ફેંકી તે ચાલતો થયો; ત્યાર પછી ડોશી તેને સમજાવવા લાગી.

"બેટા! આવાં તોફાન ન કર! આપણે અબળા જાતી! વળી અનાથ–નિરાધાર! તો આપણે સમયને અનુસરી ચાલવું જોઇએ. જો એક વખત તું શેઠને રીઝવી પ્રસન્ન કરીશ તો તારૂં ધાર્યું થશે

ઓ! તું વિચાર કરી જો. આપણી–સ્ત્રીની બુદ્ધિ પાનીએ એમ ન કર! ડહાપણમાં માલ છે માટે હું જરા બહાર જઈ આવું ત્યાં સુધીમાં વિચાર કર! પછી તારી મરજી" કહી ડોશી દ્વાર અટકાવી ચાલી ગઈ! પ્રિયંવદાએ એના સામી દ્રષ્ટિ પણ કરી નહિ! "હાશ! એ દુષ્ટ ગયો! હાલ તુરત તો નિરાંત થઇ!" એમ બોલી નીચે બેઠી; અને પોતાની સ્થિતિનો વિચાર કરવા લાગી.

"આહા

કળિ કાળનું પ્રાબલ્ય આ! જન નષ્ટ ભ્રષ્ટ સહુ થયાં;
મલીનતા મનમાંહ્ય તર્કો, તિમિરમય સૌ બની ગયા!

શું પાપનું પ્રાબલ્ય? કળી સર્વત્ર વ્યાપિ રહ્યો છે! જ્ઞાનનો નાશ થઇ, સર્વત્ર અજ્ઞાન તિમિર પ્રસરી રહેલું છે! આ પાપીની મનોવાંચ્છાઓ કેવી નીચ? તેનો ઉપકાર કરવાનો હેતુ જુઓ! અહા! મારૂં અંતઃકરણ ત્રાસથી કમ કમે છે! તે વૃદ્ધ સ્ત્રીના પાપી વિચારોથી કયા પાપીને ત્રાસ નહિ થાય? મૃત્યુના મુખમાં બેઠેલી પાપણીને હમણાંજ કાળ ઝડપી જશે એ પણ જ્ઞાન નથી! ખેર હાલમાં ડોશીને પક્ષમાં લેવાની જરૂર છે. સાંભળવા પ્રમાણે અહીંના રાજા બહુજ નીતિવાન અને ન્યાયી છે. જો મારી સ્થિતિની ખબર હું પહોંચાડી શકું તો મારો ઉદ્ધાર થવાનો સંભવ ખરો! પણ તે શી રીતે બને? જો આ ડોશી મને સહાય કરે. મારો પત્ર તેને પહોંચાડે તો કામ થાય. હરિદાસની લક્ષ્મિનો પ્રભાવ એ રાજા ઉપર તો નહિ જ પડયો હોય ને? પણ ના, એવો ભય રાખવાનું કંઇ કારણ

નથી. પણ સર્વ આધાર આ પાપી ગૃદ્ધા ઉપર જ છે. ગુરૂદેવ સહાય કરો.! આ અભાગિનીનો ઉદ્ધાર કરો "

આ પ્રમાણે તર્ક કરતી. તે વિચાર સાગરમાં મુસાફરી કરવા લાગી. વાંચક બંધુઓ સત્ય છે કે:

અબળા પ્રબળા બની શકે શિયળ રક્ષણ માટ,
ખોએલી જિંદગી જાણી; શિયળ શિરને સાટ !

પ્રકરણ છઠ્ઠું

નિરાધારનો બેલી પ્રભુ

જેને રાખે રામ, તેને ચાખે કો નહિ;
સત્ય એ નિરધાર, ન માને તો જો અહિં !

સ્ટીમર અનલકીના કમનશીબ હોનારતમાંથી આપણી વાર્તાની નાયિકાનો કેવી રીતે ઉદ્ધાર થયો. તે મારા વ્હાલા વાંચકોની જાણમાં આવી ગયું, કિંતુ સરોજનું શું થયું એ ચિંતા આપના હૃદયને [illegible] કરતી હશે !

સ્ટીમરના ડુબવા પછી સરોજ તથા સ્ટીમરનો કેપટન દૈવ યોગે બંને એકજ લાકડાના ત્રાપાને વળગી રહ્યા. ત્રાપો ભરતીના પાણીની સાથે ઉછળતો ઉછળતો આગળ વધ્યે જતો હતો, તેવામાં 'જેને રામ રાખે તેને કોઇ ન ચાખે' એ કહેણી અનુસાર એઓ તરફ જતી એક સ્ટીમરના જોવામાં આવ્યો. દુરબીનમાંથી દ્રષ્ટી કરતાં તે ત્રાપા ઉપર કંઇ મનુષ્યોના મૃતદેહ જેવું વળગેલું તેઓને જણાયું. આ સ્ટીમર અનલક્ષ્મીની માફક કંઇ ન્હાની ન હતી; પણ વિલાયત તથા મુંબઇ વચ્ચે દોડનારી એક મોટી માલની આગબોટ હતી. તુરતજ કેપ્ટને મછવો ઉતારી તપાસ કરવા ખલાસીને મોકલ્યા. મહા મુસીબતે પણ તે બહાદુર ખલાસીઓ આ બંને દેખાતા મૃતદેહોને ત્રાપા સહીત લાવ્યા. તુરતજ તેઓને સ્ટીમર પર લેવામાં આવ્યા. સ્ટીમરના કુશળ ડાકટરે આ મૃતદેહોને તપાસતાં તેમાં જીવ હોવાના ચિન્હો તેના જોવામાં આવ્યાં. તેઓને ત્રાપા ઉપરથી ઉપાડી પલંગ ઉપર નાખવામાં આવ્યા, પરંતુ ત્રાપા ઉપરથી તેઓનો હાથ છોડાવતાં જે તકલીફ કરવી પડી તથા શ્રમ વેઠવો પડયો તે તો ખલાસીનું મન જાણે છે. ડાકટરે તુરતો તુરત તેની સારવાર કરવા માંડી અને બેએક કલાકમાં તો તેઓનો શ્વાસ પણ બરાબર ચાલવા લાગ્યો. ડાકટરની માફક સ્ટીમરનો કેપટન પણ ઘણોજ ભલો અને માયાળુ ગ્રહસ્થ હતો. સાત કલાકની બરાબર સારવાર પછી સરોજ કુમારે પોતાની આંખ ઉઘાડી એ વખતે પણ એ હાજર હતો. તુરતજ મોંમાંથી ઉદ્દગાર નીકળી પડ્યા: "Thank God! There is every hope now!" ડાકટર તો હવે

ઘડી તેને દવાઓ આપતો નાડી તપાસતો હાર્ટ પર નળીઓ મુકતો ઘડીકમાં પાછો હઠી લમણે હાથ મુકતો તો ઘડીક ઉમંગ ભેર દરદીની નજીક જતો કામે લાગેલો હતો. બીજા બે કલાક થયા નહિ દરમ્યાનમાં તો સરોજને બરાબર જાગ્રતિ આવી! પોતાની આસપાસની બદલાએલી સૃષ્ટિ જોતાંજ ' હું સ્વપ્નમાં છું કે જાગ્રતિમાં ' એવો ભ્રમ તેને થયો ! તે આસપાસ દ્રષ્ટિ ફેરવવા લાગ્યો; પણ તેનું હૃદય આ દ્રશ્યનું ખરાપણુ અને પોતાની વાસ્તવિક સ્થિતીને કબુલી શકતું ન હતું ! આ જાણી તે ભલા વૃદ્ધ ડાક્ટરે કહ્યું.

" Fear not my child ? All friends here "

" And where am I, ye Gods and angels as you are ? "

તેણે ઉન્માદમાં ઇંગ્રેજી ફિરસ્તાઓને ઇંગ્રેજીમાંજ પુછ્યું.

ડાકટરે તુરતજ તેના મ્હોંમાં કંઇ દવા રેડી; જેથી ફરી તે નિદ્રાવશ થયો. આ નિદ્રામાંથી જ્યારે તે જાગ્રત થયો ત્યારે તે ઘણો શાંન્ત હતો. માયાળુ કેપ્ટને તથા વૃદ્ધ દયા મુર્તિ ડાકટરે તેને બહુજ માયાથી બધી વાત સમજાવી શાંન્ત કર્યો. અનઘકાના કેપ્ટનની સ્થિતી પણ સારી થતી જતી હતી. બરાબર ત્રીજે કલાકે સ્ટીમર બોમ્બેના બારામાં આવી પહોંચી. બોમ્બે ! મુંબઈ ! મનોહર મુંબઇ ! સ્ટીમરના ખલાસીઓ તથા બીજા કામદારો તો આનંદથી નૃત્ય કરવા લાગ્યા. સરોજ ઘડીક તો પોતાની સ્થિતિનો વિચાર કરી ગંભીર થયો; પણ તુરતજ બંદરની અનુપમ શોભા

જોતાંજ તેના હૃદયમાં આનંદનો સંચાર થયો, તેણે કેપ્ટનને પોતાને ત્યાંજ ઉતરવા દેવાની, વિજ્ઞપ્તિ કરી. કેપ્ટને તે માન્ય કરી. તે વૃદ્ધ માયાળુ ડાકટર તથા ઉમરાવ દિલના કેપ્ટનની રજા લઇ જુદાં પડતાં, તેની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. તેણે ગદ્ગદ કંઠે તેઓને કહ્યું. "મને જીવીત દાન આપનારનો બદલો આપવા મારી પાસે કંઇ નથી; કિંતુ તે ઉપકાર તો કદી ભુલીશ નહિ !" કેપ્ટને જવાબમાં ફક્ત પોતે પોતાની ફરજ બજાવી છે એટલુંજ કહ્યું.

આ માયાળુ અંગ્રેજોનો આભાર માની, સરોજ તેના મોકલેલા બે ખલાસી સહિત પોતાના પિતાના વૃદ્ધ મિત્ર લક્ષ્મિદાસ શેઠના બંગલા તરફ ભાડાની ગાડીમાં હંકારી ગયો. ગાડીની ગતિની સાથેજ તેના વિચારોની ગતિ પણ શરૂ થઇ.

"અહો પ્રભુ ! તું રાયનો રંક અને રંકનો રાય કરી શકે છે ! તારી માયાના સામર્થ્ય આગળ પામર મનુષ્યોની બુદ્ધિ કામ કરી શકતી નથી. સરોજ ! સરોજ ! તારી સ્થિતિ તપાસ ! તારા ઉપર પડેલી વિપત્તિઓ તપાસ ! તે ભયંકર દ્રષ્ય ! સ્ટીમરનું તળિએ બેસવું ! મૃત્યુ અને જીવન વચ્ચેનું ભયંકર યુદ્ધ ! ત્રાપા ઉપરથી બેભાન અવસ્થા ! ઉદ્ધાર ! અંગ્રેજોની સારવાર ! અહા કેટલા રંગ પલટ્યા અને તે પણ કેટલા ટુંકા સમયમાં ! ભગવાન્ બુદ્ધદેવ ! આપના સંસાર ત્યાગનું કારણ સત્ય હતું ! માયાના ઘડી ઘડી પલટતા રંગને આપ મહાત્મા દૈવી દ્રષ્ટિથીજ પરખી શક્યા ! મેં સંસાર ત્યાગ ન કર્યો તો આ દશા પ્રાપ્ત થઇ ! [illegible]રાનો [illegible]

ત્યાગ કર્યો. હું પ્રિયંવદાનો ત્યાગ કરી શક્યો નહિ. પરિણામે વિયોગ તો થયોજ ! ભગવન્ આપ જ્ઞાની હતા, આપને દુઃખ થયું નહિ ! અજ્ઞાની છું તેથી મને દુઃખ થાય છે. પ્રિયંવદાનો વિયોગ કાળજું કોરી ખાય છે ! પ્રિયંવદા ? પ્રિયંવદા ! શું તેં જળ સમાધી લીધી ! તું જે મારાથી ઘડી જુદી રહી શકતી ન હતી તે હવે કાયમને માટે જુદી રહી ! હરિ હરિ ! મારા સર્વ દ્રવ્યનો નાશ થાય ! મારી તમામ મિલ્કત ટળી જાય ! તેનો મને બિલકુલ શોક ન થાય કિંતુ મારી અર્ધાંગનાનો નાશ ! હાય ! મારૂં દિલ ચીરી નાખે છે ! હૃદય વિદારી નાખે છે ! દેવી પ્રિયંવદા ! વ્હાલી મનોરમા ! સ્ટીમરમાં કેપ્ટન પાસે દોડયો ન હત તો આપણે સાથેજ જળ સમાધી લેત ? પ્રિયા ! હું પાપી, સ્વાર્થી એ તારો કોડ પૂર્ણ કરી શકયો નહિ. પ્રિયા ? તારા વિના મારા પ્રાણ ચાલ્યા જશે ! મને ઋતુધ્વજની દશા પ્રાપ્ત થશે ! મારી મદાલસા ! મારી પ્રેમ મૂર્તિ ! તારા વિના આ સંસાર મને હવે અસાર વિષમય જણાય છે ! અહિં તરંગમાળા જરા તુટી. બીડેલાં ચક્ષુ ખુલ્લાં થયાં ! મોટરોની દોડાદોડ, વિજળીક ટ્રામ તથા વિકટોરિયાની મારામાર, લોકોની ધમાધમ ! આકાશ સાથે વાતો કરતાં સુંદર મંદિરો ! બારીઓ તથા ઝરૂખામાંથી દર્શન દેતી મુંબઇની મનોહર અપ્સરાઓ ! આ બધું તેની દ્રષ્ટિએ પડતાં પાછી દ્રષ્ટિ બંધ કરી ! "પ્રિયા! હું તારી સાથે મુંબઇમાં આવવાનો હતો. આ મુંબઇની મોજ આપણે સાથે માણવાનાં હતાં. બોધદાયક નાટકો આપણે સાથે જોવાના હતાં. મિત્ર મંડળમાં સાથે જવાનાં હતાં. વનિતા વિશ્રામમાં તુંજ 'સી-

ઓની ઉન્નતિં વિષે ભાષણ આપવાની હતી. કન્યાઓની પાઠશાળામાં તું ઇનામો વ્હેંચવાના હતી. ભગવતિ, ક્યાં ગઇ તે આશા? સમુદ્રમાં? અહો મુનિરાજ અગસ્ત્ય! આ સમુદ્રનું પાન કરો તેને સૂકવી નાખો. મારી પ્રિયંવદાને કાઢી આપો. આ નિરાધારની વારે ધાઓ. આપ શરણાગત વત્સલ છો, હું આપને શરણે છું! પણ ના, વૃથા, બધું વૃથા.

સામેથી દોડતી આવતી મોટર એક વિકટોરિયા સાથે અથડાણી અને અવાજથી તરંગમાળા તુટી.

એ અકસ્માત ઉપર જરા નજર કરી ન કરી દરમ્યાન ગાડી આગળ વધી; વળી તે તરંગ પ્રવાહમાં તણાવા લાગ્યો. "પ્રભુ! જે વખતે હું ઘેરથી નીકળ્યો ત્યારે મારી શી સ્થિતિ? આ સમયે મારા શા હાલ? હું લક્ષ્મિદાસ શેઠને ત્યાં જવા ધારૂંછું: કિંતુ ઘણા સમય થયાં હું તેને મળી શક્યો નથી. હાલ આટલે બધે વર્ષે અને આવી સ્થિતીમાં તેને ત્યાં જવું એ જરા શરમ ભરેલું તો ખરૂં, પણ ના, અન્ય ઉપાય નથી; તેમ આવી શંકાને માટે અવકાશ પણ નથી."

"વાલુકેશ્વર? સાહેબ! ક્યાં જવાનું છે?" વિકટોરીયાવાળાએ વિચારનો ભંગ કરતાં પુછ્યું.

"આગળ ચલાવ" વિચાર નિદ્રામાંથી જાગ્રત થતાં સરોજે કહ્યું. ગાડી ધડધડાટ કરતી આગળ વધી, અને અલ્પ સમયમાંજ સરોજની સુચના મુજબ સુંદર વેલથી આચ્છાદિત થએલી કમાનવાળા દ્વારમાં થઇ એક સુંદર વિલાસ મંદિરના પોર્ચમાં આવી ઉભી

રહી. સામેજ દિવાન ખાનામાંથી એક સુંદર તેર વર્ષની મનોહર બાળા ગાડીનો અવાજ શ્રવણ કરતાંજ, હરણીસમ ફાળ ભરતી ત્યાં આવી પહોંચી. બે યુરોપીઅન સેલરના ખભા ઉપર હાથ મુકી અંદર આવતા સરોજને જોઇ તે જરા વિચારમાં તો પડી; પણ તુરતજ ગંભીર થઇ, તેઓને 'પધારો' કહી આવકાર આપ્યો. દિવાન ખાનામાં તેઓને એક વિરામાસનપર બેસાડી, પોતાના મુરબ્બીને બોલાવવા તે અંદર દોડી ગઇ. ઘડીમાંજ વૃદ્ધ લક્ષ્મીદાસ શેઠ આવી પહોંચ્યા. સરોજ મહા શ્રમથી ઉઠી તેના પગમાં પડયો.

"મુરબ્બી! હું સરોજ કુમાર આપને નમન કરૂંછું!" તે વૃધ પુરૂષના કપાળ ઉપર કરચોળી પડી, પણ જરા વારમાંજ તેની ચપળ આંખે તુરતજ તેને ઓળખી કાઢયો.

"કોણ? સરોજ! બેટા તું અચાનક કયાંથી? બહુ વર્ષ થયાં જોયેલ નહિ એટલે જરા પિછાનતાં મુશ્કેલી પડી. માફ કરજે બાપુ? પણ આ તારી પ્રકૃતિ આમ આટલી બધી નરમ કેમ છે? આ તારા સાથીઓ કોણ છે?"

સરોજે, તેમને પોતાની પાસે બેસાડી અથેતિ બધો વૃતાંત કહ્યો. શેઠે તે ધૈર્યથી સાંભળ્યો. પછી કહ્યું.

"બેટા તારા ઉપર બહુ દુઃખ પડયું. આ ભલા સાહેબ લોકો એ તને ઘણી સહાય કરી. તારી સ્ત્રી ગુમ થવાના સમાચારથી મને ઘણો ઉદ્વેગ તથા ચિંતા થાય છે. કિંતુ અધુના એ ચિંતા કરવી એ કર્તવ્ય નથી. તારે આરામની ઘણી જરૂર છે; માટે હાલ તુરત તો હું તારે માટે સર્વ વ્યવસ્થા કરૂં છું!

" લલિતા ! "

" આવી જી ! " કહેતી તે સુમધુર બાળા તુરત હાજર થઇ કે શેઠે તેને આજ્ઞા કરી.

" બેટા ! જા ! આ સરોજકુમાર ભાઇને માટે પહેલા માળ ઉપર બધી વ્યવસ્થા કર! તેમની પ્રકૃતિ ઘણી નરમ છે; માટે સર્વ સારવાર તું જાતથી કરજે.

"બહુ સારૂં પિતાજી! મેં તેઓનો સર્વ વૃતાંત દ્વાર પછવાડે થી સાંભળ્યો છે; જેથી તેમના ઉપર ઘણીજ દયા આવે છે. તેની સુશીલ સ્ત્રી સમુદ્રમાં ડુબી મુઇ ! અહા ! કેવું ત્રાસદાયક ! હું હમણાંજ બધી વ્યવસ્થા કરૂં છું" આમ બોલી તે વાચાળ બાળા અંદર ચાલી ગઇ.

તેના ગયા પછી શેઠે કહ્યું—

" સરોજ ! આ તારા સાથીઓ માટે હું શું કરી શકું છું તે મને જણાવ ! હવે તું આરામ લે. કાલે તારા જીવન દાતા કેપ્ટન તથા ડોકટરને મળી આપણે ત્યાં સ્ટીમરના સર્વ માણસોને ઈવનીંગ પાર્ટી આપીશું; અને તારા મુરબ્બી તરીકે તેઓનો ઉપકાર માનીશ. મારા વ્હાલા મિત્રના બાળકને માટે હું શું નહિ કરૂં ? આમ બોલતા તે વૃદ્ધ મુરબ્બીએ પોતાના ગજવામાંથી કંઇક કહાડી તે બન્ને અંગ્રેજ ખલાસીના હાથમાં આપી તેઓને રજા આપી.

બહાર નીકળતાંજ તેમાંનો એક આનંદમાંજ બોલી ઉઠયો.

"A Guinea ! oh ! A Guinea ! Certainly this is a best opportunity for a drink !"

આ બનાવને એક માસ વીતી ગયા પછી આપણે લક્ષ્મીદાસ શેઠના બંગલા તરફ નજર કરીએ. બંગલાની આસપાસના સુંદર પુષ્પોદ્યાનમાં એક બાંકડા ઉપર સરોજ બેઠેલો હતો અને બાજુમાં સુંદરતાની દેવી આ અલબેલા ભુવનની અપ્સરા બેઠેલી હતી.

'સરોજ!" તેણે કહ્યું. "આવો ઉદ્વેગ શામાટે? શાસ્ત્રમાં પણ **गतं न शोचन्म् ।** એમ કહ્યું છે. માટે ધૈર્ય ધરો! પ્રિયંવદા! પ્રિયંવદા! એજ વાત! અન્ય કાંઇ વાતજ સુઝતી નથી!"

"લલીતા તું બાળક છે: પ્રેમ શું ચીજ છે તે તું સમજી શકતી નથી. પ્રિયંવદા મારા હૃદયમંદીરની દેવી હતી; અને હું તેનો ભક્ત હતો."

'ત્યારે તમો તેની પુજા કરતા હશો?" તે હસતી હસતી બોલી.

"અંશેઅંશ સત્ય! બાળા! એમાં કિંચિત પણ આશ્ચર્ય નથી."

"સ્ત્રીઓની પુજા! તમારા આ તર્કો પાશ્ચિમાત્ય પ્રજાથી પણ આગળ વધેલા જણાય છે!"

"અને ભગવાન મનુએ શું કહ્યું છે?

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः !"

સ્મિત હાસ્ય કરતી તે મધુર બાળા તેના સામું ઘડી જોઇ રહી. પછી બોલી:—

"સરોજ કુમાર! તમારા વિચાર ઘણા ઉત્તમ છે. સ્ત્રીઓને માન આપવું એ પુરૂષોનું કર્તવ્ય છે, પણ આપણા આર્યવર્તમાં તો તદ્દન વિપરીતજ વર્તન થાય છે! સ્ત્રીઓ માટે દાસત્વ નિર્માણ

રહેલું છે. ઉઠ્યાથી આથમ્યા સુધી મજુરી, એ તો ધર્મ-તેની ફરજ છે. અને એ ફરજ-ધર્મને ને અનુસરે છે! આ માતા, વિર-વિદ્વાન મહા પુરૂષોને શી રીતે ઉત્પન્ન કરી શકે? જ્યાં તેઓનેજ જ્ઞાન નથી, પોતેજ અજ્ઞાન તિમીરના સાગરમાં ડાલાં ખાય છે, જ્યાં પોતાનેજ સન્માન (Self Respect) નથી. ત્યાં તેઓની પાસેથી ઉત્તમ પ્રજાની આશા રાખવી એ વ્યર્થ અને ત્યાં સુધી દેશનો ઉદય પણ દુર !"

"શાબાશ લલિતા ! સત્ય કહ્યું; કારણ—

રિદ્ધિ વસે સિદ્ધિ વસે, નારી તણું સન્માન જ્યાં;
આનંદ વાયુ વાય છે, વ્યાધી તણો વિનાશ ત્યાં.

શા માટે જે:—

अर्धं भार्या मनुष्यस्य भार्या श्रेष्ठतमः सखा ।
असहायस्य लोके स्मिन् लोक यात्रासहायिनी ॥

"જ્યાં સ્ત્રીઓની ઉન્નતિ ત્યાં દેશની ઉન્નતિ ! જ્યાં સ્ત્રીઓની અવનતિ ત્યાં દેશની પણ અવનતિજ, જ્યાં સ્ત્રીઓને આનંદ ત્યાં સર્વને આનંદ ! એ શાસ્ત્રનો તથા મહા પુરૂષનો અભિપ્રાય હતો ! કિંતુ લલીતા! હજુ એ સમય આપણા માટે ઘણો દુર છે! સ્ત્રીઓની ઉન્નતિને માટે ભગીરથ પ્રયત્ન કરવાની જરૂર છે. અને એ પ્રયત્નો પ્રત્યેક સ્થળે અને પુર્ણ ત્વરાથી કરવાની આવશ્યકતા છે." !

"પણ સરોજ! ક્ષમા કરજો! જ્યાં સુધી સ્ત્રીઓ પોતે પોતાની ઉન્નતિને માટે પ્રયાસ નહિ કરે ત્યાં સુધી સર્વ વૃથા- નિષ્ફળ

જવાનું. સ્ત્રીઓએ પોતેજ પોતાની ઉન્નતિ કરવાની છે, અને જ્યાં સુધી એમ બનશે નહિ ત્યાં સુધી કંઇ પણ ફળ નથી." લલીતાએ પોતાનો સ્વતંત્ર અભીપ્રાય દર્શાવ્યો! પણ વાંચક બંધુઓ અહીંજ વાતાવરણ બદલ્યું! સરોજને કંઇ એકાએક સ્મૃતિ થઇ આવી, અને તે ઉંડા નિશ્વાસ નાખતા બોલ્યો.

પ્રિયંવદા! અહા તારા દ્વારા હું આ પ્રયાસ કરાવી શકત! પણ હાય! તે આશા વ્યર્થ છે! પ્રિયંવદા તું કયાં છો! અરે મારી બધી આશા નિષ્ફળ થઇ જાય છે!"

"આ શું? આ ઉન્માદ ભર્યો ઉચાટ શું? વળી તમારી પ્રકૃતિમાં બીગાડ થશે! શું આપણે તેની તપાસ કરતા નથી કે? પુરૂષ પ્રયત્ન કરીએ છીએ, અને ઇશ્વર કૃપાથી સૌ સારાં વાનાં થશે માટે શાંત થાઓ!" ચમકી જઇ લલિતાએ આશ્વાસન આપ્યું.

"લલિતા! તારૂં કહેવું સત્ય છે. કિંતુ મારા દીલમાં ઘણું દુઃખ થાય છે! માટે હું અહીંથી સવારની ટ્રેનમાંજ રાજનગર જઇશ! મારા વ્યાપાર રોજગાર વિગેરેની સ્થિતિ પણ મારે તપાસવી જોઇએ! તેમજ પ્રિયંવદાની પણ હું સંપૂર્ણ શોધ કરાવી શકીશ!" સરોજે એકદમ જવાનું નકકી કરતાં કહ્યું.

"સરોજ તમો હાલ જવાની ઉતાવળ ના કરો! તમારા એકાએક જવાથી અમોને બીલકુલ ગમશે નહિ! તમારી પ્રકૃતિમાં પણ સંતોષકારક સુધારો થયો નથી. પિતાશ્રી પણ તમોને નહિ જવા દે!"

"લલિતા ! જવું એ નિશ્ચયજ ! એ મારો વિચાર દૃઢ છે."

"ત્યારે સરોજ તમો જશોજ ?"

ઊંડા આઘાતની વેદના સહન કરતી બાળાએ આ પ્રશ્ન પુછતાં અનેક પ્રકારની લાગણી અંતરમાં અનુભવી. આ સુંદર બાળાના શરીઅટ નિર્દોષ મુખ ઉપર કંઇક ગ્લાનીનાં ચિન્હનું દર્શન થયું ! સરોજ જશે એ ખ્યાલે કોણ જાણે શી અસરથી પણ તેના દીલ માં કારી જખમ કર્યો ! તેનાં સુંદર મૃગસમ ચંચળ નેત્રો સ્થિર થઇ સરોજને જાણે નહિ જવાને વિનવવા લાગ્યાં આ નિર્દોષ યૌવન ના દ્વારમાં પ્રવેશ કરતી મુગ્ધ બાળાનું આ સમયનું કોઇ કુશળ કારીગરે ચિત્ર ચિતર્યું હોય તો અતિ મનોહર બને !

વાંચકો ! પ્રેમના દ્વારમાં પેસતા મનુષ્યોને પ્રથમ પ્રેમ એ એક સાધારણ વસ્તુ જણાય છે. શુદ્ધ નિર્મળ પ્રેમની દિન પ્રતિદિન થતી વૃદ્ધિનું પ્રમાણ તેનાથી સમજી શકાતું નથી. લલિતાનો શુદ્ધ પ્રેમ સરોજની સાથે જોડાયો અને તેનું પ્રમાણ આટલું બધું વધી ગયું હશે તેની તેને કલ્પના સરખી પણ હશેજ નહિ. આ પ્રેમ અત્યાર સુધી તેને સાધારણજ જણાતો હતો. પણ સરોજ જશે અને તે પણ નિશ્ચયજ ! આ બાબતે તુરતજ પ્રેમનું પરિમાણ સિદ્ધ કરી આપ્યું. તેના જવાના વિચારે વિયોગ શું એ તેને સમજાવ્યું—વિયોગમાં સમાયેલાં ભયંકર દુઃખની તેને કલ્પના આવી. અને એ કલ્પનાએ ક્ષણમાં તેના હૃદયમાં કારી જખમ કર્યો. મિત્રો ! પ્રેમ એવીજ ચીજ છે ! પ્રેમી વસ્તુનો વિયોગ ત્રાસ દાયક છે ! એક કિશોર બાળકને પોતાની માતાનો વિયોગ, અરે વિયોગ થવાનો ફક્ત ખ્યાલ

દુઃખ આવે છે ? વિદેશ જતા સહોદરને જોઇ ભગિની કે બંધુને કેવું દુઃખ થાય છે ? તેના અશ્રુમાંથી કેવો અશ્રુ પ્રવાહ ચાલે છે ? આવો સજ્જડ પ્રેમ બાળક અને માતામાં, બંધુ અને ભગિનીમાં, અને જરા આગળ વધીએ તો સ્ત્રી અને પુરૂષમાં અસ્તિત્વ ધરાવે છે, તે ક્યારે સમજી શકાય છે ? હમેશના સંયોગ સમાગમમાં નહિંજ કિંતુ વિયોગ સમયમાંજ તેનું અસ્તિત્વ અને પ્રમાણ સમજી શકાય છે. તું વાચકો ! શિક્ષા કરતાં શિક્ષાનો ડર વધારે દુઃખ દાયક છે તેમજ વિયોગ કરતાં વિયોગની કલ્પના એ ભયંકર દુઃખ દાતા છે !

શું લલિતા સમજતી હતી કે સરોજ ઉપર તેનો આટલો પ્રેમ હતો ? નહિંજ ! પણ સરોજ નિશ્ચય જવાનેઃ— નો વિયોગ થવાનો એ કલ્પના તેને અત્યંત દુઃખકારી થઇ પડી ! તેના અંતઃકરણ ઉપર ભયંકર આઘાત થયો ! તે સજળ નેત્રે સરોજના સામે દ્રષ્ટિ કરી દીનતા દર્શાવતી ઉભી રહી. એટલામાં સરોજને બોલાવવા ધારી આવ્યો તેથી 'લલિતા ! હું આ આવ્યો, તું અહિંજ બેસજે' એમ કહી ને લલિતાને વિચારના વમળમાં ગુંચાતી મુકી શેઠ પાસે ચાલ્યો ગયો.

લલિતા, તેની તરફજ દ્રષ્ટિ રાખી ત્યાંજ બેડી રહી. તેના મનમાં હજારો તર્ક આવવા લાગ્યા.

"શું સરોજ જશે ? અને તે પણ મને છોડીને ? મને તેના વિના કેમ ગમશે ? અરે પણ મને સરોજ માટે આટલું બધું દુઃખ શા માટે થાય છે ? તેનો વિયોગ કેમ સહન થાય ? પણ તે અહિં કાયમ તો નહિંજ રહે ? આજ નહિ તો કાલે પણ તે જશે ? ત્યારે પરીણામે તેથી જુદા થવાનું એ નક્કી ? પણ અરેરે તેના વિના તો

મને નહિ ગમે ? તેનું સુંદર મુખ મને કેવું ગમે છે ! તેની મીઠી વાણી મને કેવો મધુરો ઉપદેશ આપેછે ? અહા એ આનંદ સરોજના આવ્યા પહેલાં હું સખીઓના મંડળમાં ફરતી ત્યારે ન આવતો શું ? પણ એ આનંદમાં અને આ આનંદમાં ફેર ! શું ફેર તે સમજી શકતી નથી ! ત્યારે સરોજ વિના મારે નહિજ ચાલે એ વાત તો નિશ્ચય ! મારે તો ખાતાં–પીતાં–હરતાં–ફરતાં સરોજ જોઇએ ! તે શી રીતે બની શકે ? એનો કંઇ ઇલાજ થવો જોઇએ ! '

એક વિચાર એના મનમાં આવ્યો ! તેનાં રોમાંચ ઉભાં થયાં ! હૃદય કંપ્યું ! મુખ ઉપર ગુલાબી રંગ ચડી આવ્યો ! તે ઉંડા વિચારમાં પડી ! વાચક બંધુઓ ! મુગ્ધાના મનોભાવ સમજ્યા ? ન સમજ્યા હો તો વળી વાંચો એના મનના વિચારો !

" પણ સરોજને મારા વિના ચાલી શકશે ? હા ! તેને શું જરૂર છે ? પ્રિયંવદા. એ પ્રિયંવદા વિના રહી શકતા નથી ! તેમ હું સરોજ વિના રહી શકતી નથી ! માટે નક્કી મારા અને સરોજ વચ્ચે અને સરોજ અને પ્રિયંવદા વચ્ચે કંઇ સાંકળ જડાએલી છે ખરી ! (અહિં તે કિંચિત હસી) અને તે સાંકળ સરોજના કહેવા પ્રમાણે પ્રેમની. હા ! સત્ય પ્રિયંવદાને તે સદા સાથે રાખવા ઇચ્છે છે. અહા ! હું પ્રિયંવદા હોત તો ? પણ હું શું પ્રિયંવદા બની શકું ? અરે પણ પ્રિયંવદા તો એની સ્ત્રી ! એની પત્ની ! ત્યારે હું શું......(અહિં તેણે પોતાની જીભ કચરી પણ મનમાં જરા હસી) ગમે તે થાય કિંતુ સરોજને હું દુર નહિ કરૂં ! કારણ

સરોજ મારો સરોજ પ્યારો, સરોજ સુખનો સાર છે;
નિર્દોષ ને નિસ્વાર્થી પણ મુજ સરોજ ઉપર પ્યાર છે,

પ્રકરણ ૭મું.

A faithless servant is indeed a curse to his masters. !

સ્ટીમર અનલકીના નાશની સાથે સરોજ તથા પ્રિયંવદાના નાશના સમાચાર તેના નીમકહરામ નોકર કુટિલદાસે એક લગની વધામણી સમ માન્યા ! સરોજની રોકડ પૈકી ઘણી ખરી તો સુરાષ્ટ્ર બેંકના દેવાળામાંજ નાશ પામી હતી. પણ તેની પાસે કેટલાએક દાગીના તથા સ્પિનિંગ વિવીંગના શેરો અને સ્થાવર મીલકત હતી. આ દ્રવ્યની ગેરવ્યવસ્થામાંજ પોતાનો લાભ સમાએલો છે એ કુશળ કુટિલદાસના જ્ઞાન બહાર ન હતું. સ્ટીમરની અંદરના તમામ ઉતારૂઓનો નાશ થયો છે એવા સમાચાર અઠવાડીક તથા દૈનિક પત્રોએ ફેલાવ્યાથી કુટિલદાસને માત્ર એકજ ચિંતા હતી. સરોજનો વારસ જો કોઈ પણ પ્રકાશમાં આવી આ મિલ્કત ઉપર સરકારી મેનેજમેંટ બેસાડવા અરજ કરે તો તે કુટિલદાસની સ્વાર્થ સાધનામાં કંટકરૂપ થઇ પડે ! આ બાબતમાં પણ કુટિલદાસ અજાણ્યું ન હતો ! તેણે તુરતજ સુરતમાં વસતા સરોજના પિતરાઇ વારસની તપાસ કરાવી. પણ સુભાગ્યે તે હાલ મોમ્બાસાની એક

ફર્મમાં નોકર હોવાથી તેના વતી વ્યાપારના કાર્ય માટે ઇંગ્લાંડ ગયો હતો ! આ સમાચાર જાણતાં કુટિલદાસના આનંદનો પાર રહ્યો નહિ ! તેના મનમાં તો હજારો ઘોડાં ઘડવા લાગ્યો—હવામાં કિલ્લાઓ બાંધવા લાગ્યો ! " આજસુધીની નોકરીનું ફળ આજે મળ્યું ! પ્રભુએ આપણા સામું જોયું ! હવે જેમ બને તેમ આ મિલ્કતમાંથી સારી રકમ ઉચાપત કરવી એ કર્તવ્ય છે ! બિચારાં શેઠ શેઠાણી સમુદ્રમાં ડુબી મુવાં ! સત્ય છે કે તે ભલાં હતાં ! પણ ડુબી ભલાઇ શા અર્થની ? કોઇ દિવસ સ્વહસ્તે આવી રકમ આપણને આપત નહિ? માટે લક્ષ્મી ચાંલ્લો કરવા આવી ત્યારે મુખમાર્જન કરવા જવું એ નીતિશાસ્ત્રથી વિરૂદ્ધ છે !" આવા અનેક તર્કો તથા વિચારોના વમળમાં વિંટળાએલ કુટિલદાસ, ભાગ્ય દેવીને આવકાર આપવા સર્વ તૈયારીઓ કરી બેઠો હતો. દરમ્યાનમાં શેઠ લલિતદાસના અણચિં-તવ્યા તારે—સરોજની સલામતીના શુભ સમાચારે તેને એકદમ ચોંકાવ્યો ? આ શુભ સમાચાર એને અશુભ અપશુકન જણાયાં. તે સરોજને સેંકડો ગાળો દેવા લાગ્યો ! શાપ આપવા લાગ્યો ! પણ તેથી શું ? ત્યારે શું હાથમાં આવેલી લક્ષ્મી પાછી સરોજને સોંપવી ? તેથી શું લાભ ? આવા વિચારોમાં ગુંચવાતો ગુમાસ્તો પૈસા ઉચાપત કરવાનો રસ્તો શોધતો હતો. સુભાગ્યે તેના જાણવામાં આવ્યું જે સરોજ હજુ ત્રણ માસ સુધી બિછાનું છોડી શકશે નહિ ! આ ત્રણ માસમાં મારે ઘણું સમેટવું જોઇએ ! ત્યાંના કામકાજ કરવાનું કાયદેસર અધિકાર પત્ર (Power of Attorney). મારી પાસે છે! તમામ વહિવટ મારા

[illegible]ધીનમાં છે. તો સિલ્લિકની રકમ મારા બંધુ વર્ગને ધીરી દેવી! પણ એ રકમ તો બહુજ નાની છે તેમ એકની ઉઘરાણી પણ દૂર [illegible]! હજુ શેઠની શાખ સારી છે માટે ગામમાંથી બીજાં નાણાં વ્યાજે લાવી એક સારી રકમ સગાં મિત્રોને ધીરી દેવી અર્થાત એ રકમ ઓહિયાંજ કરી જવી! આ ગોઠવણ જલદી પાર પાડવી જોઇએ! પાપી કુટિલદાસ તુરતજ આ પાપ યુક્તિ અમલમાં મુકવા બહાર પડયો; અને એ કારસ્થાની વણીક અલ્પ સમયમાંજ ગોઠવણ પાર પાડી, સરોજની શેષ રહેલી લક્ષ્મી તથા મિલ્કતને પાયમાલ કરી! સરોજના મિત્રો, આડતિયા અને સંબંધવાળા શેઠિઆઓને ત્યાં હર હમેશ સરોજના કુશળ સમાચાર તે આનંદી વદને આપતો અને પછી યુક્તીસર તેઓના પાસેથી કંઇ બહાને ઉછીનાં નાણાં લાવતો! વળી આ કુશળ ખંધા વણીકે બીજી પણ સાવચેતી રાખી હતી! તેણે સરોજના પરિચિત સંબંધવાળા તથા આપ્ત મંડળમાંથી છુટક છુટક રકમ ઉછીના લીધી હતી; અને તેનું શાહુકારી વ્યાજ આપવાની શરત કરી આવા વ્યાપારના ગભરાટ સમયમાં કુટિલદાસને સરોજને નામે મોટી રકમ ઉભી કરવી એ વિકટ ન હતું, અને એ પ્રમાણે ઉભી કરેલી રકમની તેણે સ્વચ્છંદે વ્યવસ્થા કરી.

આવા કટાકટીના પ્રસંગે, જ્યારે બેંક તથા વ્યાપારીની પેઢીઓ ઘડીના ત્રીજા ભાગમાં ઉડી જતી, ત્યારે જોકે સરોજની શાખ સારી હતી તો પણ એકજ સપાટે મોટી રકમ મેળવવી એ ઘણું વિકટ હતું. કદાપિ સારી રકમ તે મેળવી શકત પણ તે તુરતજ પાછી વાળવી પડત! માટે તેણે ઉભી [illegible] ચાર

આનાના વ્યાજે લાવેલી આ રકમો, તેણે પોતાના બંધુ વર્ગમાં બે અને ત્રણ ટકાના દરે ધીરી દીધી; પણ તે રકમ વસુલ થવી અસંભવિતજ હતી ! આ પ્રમાણે સરોજની શેષ રહેલી સુખ રૂપ લક્ષ્મિનો કુટિલદાસે સંહાર કર્યો. શા માટે ? સ્વાર્થ માટે—દ્રવ્ય માટે !

અહો વાચક મિત્રો ! લક્ષ્મિ કેવી ખરાબ ચીજ છે ? મનુષ્ય પાસે કેવાં અધમ પાપ કર્મ કરાવેછે ! ઓ લક્ષ્મિ દેવી ! તારા પર નજર કરતાંજ મનુષ્યનું મન ચળી જાયછે ! તારે માટેજ સંસારમાં કલેશ—વિગ્રહ દુઃખ અને સંતાપ વર્તી રહે છે ! તારે માટેજ વિશ્વાસઘાત અને એક બીજાનો પ્રાણનાશ કરવા પણ મનુષ્યો તૈયાર થાય છે. અરે ! પણ એમ કરવાને મનુષ્યો લલચાય એમાં કિંચિત પણ આશ્ચર્ય નથી ! કારણ તું હોઇનેજ સુખ—માન અને તું હોઇનેજ શાન્તિ છે ! તારા વિના મનુષ્યોનું જીવન વૃથા અને નિર્માલ્ય નિવડે છે ! એથીજ

કનક કારણ જાણ સંબંધ કીર્તિ કાર્ય,
કનક કારણ જાણ એથી સુખ અનિવાર્ય;
કનક હોય જો પાસ તો બેની બંધવ કહે,
કનક વિના મણિ ખાસ કુલાંગાર સોદા લહે;
કનક વિના વળી તાત માત પણ ચાહે નહિ,
કનક વિના નિઃજાત માં માનવ આંત નહિ!
વિષ્ણુ પણ શ્રીને વરી સદાયે રાખતો પાસ,
પામર પ્રાણી શું કરે ભોળાયો જગનાથ,
લક્ષ્મિમાં લલચાય સહુ મોહ ને મુનિરાય,

છદ્મિની લાગી સદા સંસારીને લાગ;
સમુદ્ર કેરી એ સુવા જગમાં વાવે છીછ નકુ,
ચપળા વિજુ ચાલે નહિ દિલમાં એ ઉચ્ચાટ ઘણું.

સંસારમાં છદ્મિથી લાજઆબરૂ, સુખશાન્તિ સર્વ મળે છે ! આ-ટલા માટેજ લોકો એની પ્રાપ્તિ માટે કાળાં કર્મો પણ કરતા ચુકતા નથી ! પણ મૂઢ મનુષ્ય એમ સમજી શકતો નથી કે છદ્મિ ચંચળ છે અને પરિણામે એથી મળતું સુખ પણ ચંચળ (અસ્થિર) છે ! એવાં ક્ષણિક અસ્થિર સુખ માટે ઘોર પાપો કરી, પરમાત્માના મં-દિરમાંનું અનંત ઉત્તમ સુખ, કે જે એકજ ઇચ્છવા યોગ્ય છે, તેનો આ પામર મનુષ્ય શા માટે નાશ કરે છે !

આ સંસારના સર્જનહારે સર્વ મનુષ્ય પ્રાણીઓને વહેંચી આપેલી વસ્તુઓ શિરજોરી વા કપટથી ઝુંટી લેવી એ મહાન પ્ર-ભુના નિયમનો ભંગ કરવા જેવું છે; અને એના બદલામાં ભયંકર શિક્ષા અને રિબામણી તારે માટે રાહ જુએ છે ! અલબત્ત ! સંસા-રમાં ઉપયોગી એ ચીજ હોવાથી તેને ઉપાર્જન કરવા માટે પ્રયત્ન કરવો એ કર્તવ્ય છે, કિંતુ નિતી અને પ્રમાણિકપણાથીજ એ પ્રાપ્ત થવી જોઇએ !

પાપી કુટિલદાસ પોતાની પાપ વાસનામાં ફાવવાથી એના મ-નમાં કદાપિ અતિશય આનંદ માનતો હશે—કદાપિ આ આનંદ તે જીવિત પર્યંત ભોગવશે; કિંતુ પરમાત્માની પાસે જ્યારે આ પાપક-ર્મોના જવાબ આપવા પડશે—જ્યારે ભયંકર શિક્ષાની આજ્ઞા તેના કર્ણદ્વારમાં અથડાશે સંભળાશે, અને જ્યારે તે શિક્ષા ભોગવવામાં મુ

જ્યાં અનેક દુઃખનો તે ભોક્તા થશે, ત્યારેજ તેની ગયેલી શુદ્ધિ ઠેકાણે આવશે—ત્યારેજ પશ્ચાતાપનો કીડો તેને કોરી ખાશે ! પરમેશ્વર પરમ દયાળુ હોવા છતાં તે પાપીઓ અતિ ભયંકર ક્રુરતા દર્શાવે છે; અને તેમાં લેશ પણ દયા ધરતો નથી. માટે હે નર નારીઓ ! લક્ષ્મીની લાલચમાં ન લપટાતાં પરમાત્માના મંદિરના પરમ સુખને પ્રાપ્ત કરવા, નિતી અને સદાચારીથી ચાલી એ પરમ કૃપાળુ પ્રભુને ઓળખતાં શીખો, અર્થાત એની પવિત્ર આજ્ઞાઓનું પાલન કરો ! એજ પરમ સુખનો દાતા છે, અને એજ આપણું કર્તવ્ય છે. માટે એ કર્તવ્ય બજાવી તે અદ્ભુત પરમાનંદનો લાભ મેળવો ! અસ્તુ,

વાંચકવૃંદ ! આજે આસો શુદી દશમનો શુભ દિન છે. આ દશેરા હિંદુ લોકનું સર્વ માન્ય પર્વ હોવાને લીધે રાયદુર્ગમાં અત્યંત આનંદ વર્તી રહ્યો છે. પુરવાસીઓ સુંદર વસ્ત્રા ભુષણો પહેરી દેવમંદીર તરફ જતા જણાય છે. સ્થળે સ્થળે તોરણો બાંધેલાં છે, સુંદર સાથીઆઓ પુરેલા છે. પ્રત્યેક સ્થળમાં —પ્રત્યેક હૃદયમાં આનંદ સિવાય અન્ય વસ્તુ માટે સ્થળ—અવકાશ નથી. રાયદુર્ગનું સુંદર બજાર આજે વસ્તુઓનું પ્રદર્શન બન્યું છે ! ગ્રાહકોની મારામારીએ દુકાનને ટંકશાળ બનાવી દીધી છે ! કંદોઇઓને આજે સારી કમાઇ સંભવે છે. કારણ આજે મીઠાઇઓનો ઉપયોગ ઓછા વત્તા પ્રમાણમાં પણ સર્વ કોઇ કરવાનોજ ! આ પર્વને દહાડે શુકનને માટે પણ લોકો અનેક સંપ્રેત મિષ્ટ પદાર્થોનો સ્વાદ લેવાના ! સગા મિત્રોમાં ભેટ બક્ષિસ આપવાના ! આ પ્રમાણે રાયદુર્ગનો શ્રીમંત અને ગરીબ વર્ગ બંને આજે આનંદમાં મગ્ન જણાય છે ! નાનાં બાળકો પણ આજ

જે શાળાંઓમાં ખૂટી રોવાથી સ્વચ્છંદે આનંદમાં વિચરે છે ! આ

રે આ પ્રમાણે સર્વત્ર આનંદનુંજ દર્શન થાય છે ત્યારે શહેર બહાર ના એક સુંદર બંગલાના પુષ્પોદ્યાનમાં એક પથ્થરની બેઠક ઉપર બેઠેલો સરોજ આજે વ્યાધીમાં ઉંડો ઉતરી ગએલો દ્રષ્ટિ ગોચર થાય છે ! સંધ્યાનો સમય થવા આવ્યો છે અને આકાશ પણ વાદળાંથી ઘેરાએલું છે ! વાંચકો તેજ આ સ્થળ છે કે જે એક વખત સરોજ–પ્રિયંવદાનું નિવાસ સ્થાન હતું ! આ એજ સ્થળ છે કે જ્યાં આપણને સરોજ અને પ્રિયંવદાનું પ્રથમ ઓળખાણ થયું ! આ તે જ સ્થળ છે કે જ્યાં સુખી જોડું આનંદ સુખના શિખર ઉપર પહોંચેલું હતું ! આજે એજ બંગલા એજ સુખ મંદીર એજ સુંદર પુષ્પોદ્યાન સરોજને સ્મશાનનો ભાસ આપે છે ! આજે આ ગૃહમાંથી સમૃધિ નાશ થએલ જણાય છે ! આજે આ આનંદ ભુવન શોક નિવાસાલય બન્યુ છે! અહા! પ્રભુ ! કેવો અજબ ફેરફાર ?

ચિંતામાં નિમગ્ન થએલો સરોજ ઘડી અવાક રહી પછી સ્વગતજ બોલ્યો—

" અહા પ્રભુ ! પ્રિયંવદા ગઈ તેની સાથે મારી રિદ્ધિ સિધિ અને શાન્તિ પણ ગઇ ! ઉદ્વેગથી ઘેરાએલા મનને કયાંઇ ચેન પડતું નથી ! હજુ બોમ્બેથી અહિં આવ્યા બે દહાડા થયા તેમાં તો કંઇ ભા ગયો ! બહેતર હતું કે હું અહિં ન આવ્યો હોત ! પણ હવે મારે અહિંનું કામ જલદી આટોપવું જોઇએ ! કારણ એક માસમાં મારે પાછું મુંબાઇ જવું જોઇએ ! મારા વચનનો ભંગ મારાથી બની શકે નહિ. અહા શો લલિતાનો સરળ પ્રેમ ભાવ ? શેઠની પણ મારા

ઈશ્વરની કૃપા અનહદ! કિંતુ શેઠના મુંબઇ છોકરી વખતનાં વચન! સરોજ તારા વિના લલિતાને શાન્તિ નહિ થય વળી મારો વિચાર તમારાં......હા પણ એ ઠીક! એ બધું મુંબઇ ગયા પછી! પણ અહિંનું શું કરવું! કુટિલદાસ! પાપી કુટિલદાસ! તેં મારા સર્વસ્વ નો નાશ કર્યો છે! અરે દુષ્ટ! ધ.રેલી રકમ મારે કયાંથી વસુલ કરવી? લેણદારોની તાકીદના ઉઘરાણીનો જવાબ શી રીતે અપાશે?. અરેરે! કોર્ટમાં ફરિઆદો થવાની! ડીક્રીઓ બજવાની! અને આ મારી સર્વ મીલકત લિલાંઉ થવાની! અહા! આ તર્કોજ મને ત્રાસ આપે છે. સુભાગ્યે બેંકની વહેંચણી નથી થઇ. નહિ તો એ રૂપિઆ પણ આ પાપી કુટિલદાસ આ પ્રમાણેજ ઉડાવી જાત! આ પાપી કુટિલદાસે મારી પુરી કમબખ્તી કરી! અરે પાપી! તેં મને પડતા ને પાટુ મારી! પણ નહિં તેમાં તારો દોષ કિંચિત પણ નથી! હા પણ આ સામેથી કુટિલદાસ આવતો જણાય છે!"

આ વૃદ્ધ, સુકલકડી, મેલાં કપડાંવાળો દેખાવમાંજ કંગાળ વણીક, હાથમાં લાકડી લઇ ચાલતો, સરોજ પાસે આવી પહોંચતાંજ બોલ્યો:—

"શેઠ સાહેબ પ્રકૃતિ તો સ્વસ્થ છે ને?"

"હા, સારૂં છે! પધારો કુટીલદાસજી.?."

"જુઓ ભાઇ! ગભરાશો નહિ! આપના જરા ગ્રહ વાંકા છે; નહિ તો પ્રિયંવદા બાઇનું અચાનક મૃત્યુ શામાટે આવે.! આખું સમુદ્રનું દુઃખ! વળી ઓછામાં પુરૂં આ નાણાં ભીડ!! આ બધું શામાટે બને!"

સરોજ—' એતો કુટિલદાસજી સર્વ કર્માધીન છે. આપ જેવા વૃદ્ધ અનુભવીની સલાહથી સર્વ વિપત્તી દુર થશે ! "

કુટીલદાસ—"હા શેઠજી! એ તો પ્રભુ સર્વ સારૂં કરી દેશે! પણ આપણા લેણાવાળા પેલા ગિરિધરલાલ શેઠ, પેસ્તનજી પારસી, લક્ષ્મીદાસ ભાટીઓ વિગેરે હવે નાણાં સંબંધી તાકીદ કરે છે, અને કદાચ તેઓ કોર્ટે ચડે એ ભય પણ મને ઉત્પન્ન થયો છે ! બાકી એ તો ગજબ થાય શેઠજી ! મને આપનું બહુજ લાગી આવે છે !"

સરોજ (જરા મર્મમાં)—"આપ મારા શુભેચ્છક છો એ ક્યાં મારા જ્ઞાન બહાર છે ! વારૂં આપણે જે નાણાં આપના પિતરાઈ પ્રભાકરને તથા આપના મિત્ર મનમોહનને ધીર્યા છે તે ક્યારે પાછાં મળશે? જો એ નાણાં પાછાં મળે તો તેમાંથી પેસ્તનજી વિગેરેની પતાવટ થઇ જાય. કેમ આપની શી સલાહ છે ?"

કુટિલદાસ—શેઠ સાહેબ ! મારૂં સાળું પ્રભાકરને મેં આજે દબાવીને કહ્યું ! દાણો દાબી જોયો ! એ તલમાં કંઇ તેલ નથી ! મનમોહન હજુ કંઇક હા ભણે છે, પણ એની પાસે પણ કંઇ કસ જેવું જણાતું નથી !"

સરોજ (ગુસ્સામાં)—"ત્યારે શામાટે તમોએ તેને ધીરધાર કરી શું સિક્યુરીટી ઉપર તમોએ એ લુચ્ચાઓને નાણાં ધીર્યાં ? એ આસામીની આબરૂ તો તપાસવી હતી ? પણ શા માટે ? પ્રભાકર તમારો પિતરાઇ અને મનમોહન મિત્ર ! એ આબરૂ ક્યાં જોવી

ગણાય? શેઠ! કાં તો સારી પાઘડીની આશા અને કાં તો આ લુચ્ચાઓની સાથે આપનો ભાગ અવશ્ય સંભવે છે!"

કુટિલદાસ (વચ્ચેજ) "હરિ હરિ! શેઠ આ શું બોલો છો? સરોજભાઇ! આ ન શોભે! આતો મારાં ધોળામાં ધુળ પડી! મારાં પગી પીંજાણાં! આપના પીતાશ્રીના વખતથી આપની નોકરી નિમકહલાલીથી બજાવું છું એના ઉપર પાણી ફરી વળ્યું! મારાં કર્મ ફુટી ગયાં!"

આમ કકળાટ કરતા કુટિલદાસે પોતાનું કપાળ કુટી નાટકી દીલગીરીનું દર્શન કરાવ્યું!

સરોજ—'કુટિલદાસ! તમારૂં આ નાટક બંધ કરો અને મારાં તમે ધીરેલાં નાણાં જલદી પાછાં મેળવી આપો: નહિ તો પરીણામ બહુ અનિષ્ટ આવશે! હું સ્પષ્ટ કહું છું જે તમો પોતેજ મારા નાણાં ઓહીયાં કરી ગયા છો અને એ નાણાં કેવી રીતે પાછાં કઢાવવાં તે રીત હું બરાબર સમજું છું! સ્મૃતીમાં રાખો હું તમારી અપ્રમાણીકતાને સજા દીધા વગર રહીશ નહિ!"

કુટીલદાસ—"શેઠ! મેં તમારા નાણાં ઓહીયાં કર્યાં નથી, અને એમ છતાં તમોને મારો અવિશ્વાસ આવ્યો તો લાચાર છું. મારાથી તમારાં ધીરેલાં નાણાં પાછાં મેળવી શકાય એમ નથી! કારણ: એ બંનેની પ્રોપર્ટિ બીજે સ્થળે મોર્ગેજ થએલી છે એ ખબર મને હજુ કાલેજ મળ્યા!

" કુટિલદાસ ! તમારી દુષ્ટતાથી અવધિ છે. તમારા હૃદયપટમાં આવી દુષ્ટતા ચિત્રાએલી હશે એ મેં આજેજ જાણ્યું. તારા ઉપર વિશ્વાસ રાખી મારી સર્વ સંપત્તિનો તનેજ મે વ્યવસ્થાપક બનાવ્યો—મારી મિલકતનો મુખત્યાર તનેજ કર્યો; તેનું ફળ—તેનો બદલો આ પાપી વૃદ્ધ પુરૂષ, તેં મને આ આપ્યો ! તારા વૃદ્ધપણાં ઉપર એમ છે ! કુટિલદાસ ! હમણાંજ જાઓ ! આપણા બંન્ને દેણદારપાસે ચાંપતી ઉઘરાણી કરો અને જે મળે તે વસુલ કરવા ચુકશો નહિ ! બીજી નાની નાની રકમો પણ આપણી લેણી હોય તે ભેગી કરો ! જાઓ જલદી જાઓ ! મારે એકાંતની વધારે જરૂર છે ! "

" બહુ સારૂં શેઠજી ! હું તો આ ચાલ્યો. આપણે કાંઈ મહેનત કરવામાં ખામી રાખવી નથી ! તમે જુવાન માણસ બે વેણ બોલી જાઓ એનું પણ અમારે તો કંઇ નથી ! એતો નાણાંભીડ બોલાવે છે સમજ્યા ! એ કાંઈ આપ બોલતા નથી ! " આમ બોલતો આ પાપી વણિક, ત્યાંથી ઉઠયો, સલામ કરી નિશ્વાસ નાખતો ચાલતો થયો અને સરોજ કુમાર પોતાના દિલથીજ સંતાપ કરવા લાગ્યો !

" અરે ! આ કપટી વણિકે સત્યાનાશ વાળ્યું ! આ મારા દ્રવ્યમાંથી એક પાઇ પણ પાછી મળવાનો હવે સંભવ નથી ! લેણદારો કોર્ટે ચડી મારી મીલકત લીલાંઉ કરાવશે ! બેંકની વ્હેંચણી પણ હજુ દુર જણાય છે. આ મુશ્કેલીમાં હવે એકે રસ્તો સુઝતો નથી ! અરે મારા ગૃહની દેવી પ્રિય ચંદા ગઇ એની સાથે મારૂં

સર્વસ્વ ગયું. હું આજે વિપદ્‌ના વાદળામાં ઘેરાયો છું. તેમાંથી મારો મોક્ષ શી રીતે થશે ?

હરિ હરિ !

વ્યાધિ વિકળતા આદિ, વિશ્વમાં વિચાર્યા કરે,
નહિ સુખો ? નહિ શાન્તિ, હૃદય જવાળાથી બળે.
ઓલાયે નહિ આગ આ દિલ વિશે, જે મુજને બાળતી.
ચિંતા દુઃખો ને વળી વ્યાધિ દિલની આ હૃદયને વિદારતી !

આહા દઈવની ગતી વિચિત્ર છે ! સત્ય કહું તો આ સંસારજ અનેક ફંદ કપટ અને સ્વાર્થથી ભરપુર છે ! એકની હાનીથી બીજાનો લાભ અને બીજાના લાભથી પેલાની હાની એ સંસારનો નિયમ જણાયછે ? મારા દ્રવ્યનાશમાંથી કુટીલદાસ પોતાનો સ્વાર્થ સાધી ગયો અને તેથી મારા દિલમાં ક્ષોભ થાયછે. કિંતુ સર્વત્ર આ પ્રમાણેજ વર્તન ચાલી રહ્યું છે ! ત્યારે હવે મારે આ વિપત્તિમાં ધૈર્ય રાખી કંઇ ને કંઇ રસ્તો શોધી કાઢવો જોઇએ ! હા ! રસ્તો એકજ છે ! કિંતુ તે ગ્રાહ્યછે, કે અગ્રાહ્ય એ પ્રશ્ન છે. લક્ષ્મિદાસ શેઠનો મારા પરનો વાત્સલ્ય પ્રેમ, અને લલિતાનો મારા પ્રતિ ઉત્તમ સદ્‌ભાવ એ જોકે મારા દુઃખી દિલને દિલાસો છે તદ્યપિ લક્ષ્મિદાસ શેઠની ઇચ્છાને તૃપ્ત કરવી એ બની શકે ખરૂં ? જોકે તેઓએ સ્પષ્ટ કર્યું નથી, તો પણ તેઓની વાતચીતનો ભેદ હું પામી ગયોછું. સુંદર લલિતાની આંખોમાં નવીન ભાવ હું પામી ગયોછું. પરંતુ પ્રિયંવદા ! તને હું બેવફા થઇ શકું કે ! આહા !

તે જીવતી માલમ પડે અને મને મારી એ નવીન સ્થિતિમાં જુએ ત્યારે મારાથી તેના સામું દ્રષ્ટિ પણ કરી શકાય કે? પણ ના, તે જીવતી તો નથી; અદ્યાપિ તેને શોધવાના મારા સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા છે. પ્રિયંવદા મૃત્યુવશ થઇ માટે મારે અન્ય સ્ત્રીથી લગ્ન કરવાં એ શું મારા વ્રતનો ભંગ નથી થતો? જ્યારે પુરૂષના મૃત્યુ પછી સ્ત્રીઓથી પુનર્લગ્ન નથી થતું ત્યારે પુરૂષોને એ હક શા માટે? સત્ય તો એ છે જે "બાઇઆના બે ભાગ" હા! પણ મારી આ અનાથ નિર્ધન સ્થિતિમાં શેઠ લક્ષ્મિદાસનો આશ્રય મારે અવશ્ય જોઇએ! ત્યારે શું લલિતાને હું દ્રવ્ય વાસ્તે ગ્રહણ કરૂં? ખરેખર એતો અધમ! પણ કેવો એ સુંદર લલિતાનો સરલ શુદ્ધ પ્રેમ? લલિતા! લલિતા! હું તને મારી પ્રિયંવદા બનાવીશ! વ્હાલી પ્રિયંવદાની ખોટ તું પુરી પાડીશ! તેના ગુમ થવાનો કારી જખમ રૂઝાવીશ! અને આ હતભાગી સરોજનાં અંતરના દુઃખને ઓછું કરીશ. પ્રિયંવદા, તું મૃત્યુ આધીન થઇ! તારા મારા વચ્ચેની સ્નેહ સાંકળ એ મૃત્યુની સાથે તુટી ગઇ! હા, હું સ્વાર્થી છું! પણ ના મારૂં હૃદય નિર્મળ છે. પ્રિયવંદા, બસ! તારા અને મારા સંબંધને સલામ! આ અંતરમાં જે અદ્યાપિ તારી મનોહર મૂર્તિ બિરાજતી ત્યાં હવે લલિતાનો નિવાસ થશે! હું સમજું છું કે હું અનીતિ કરૂં છું—પાપ કરૂં છું વ્રત અને વચન ભંગ કરનાર થાઉં છું પણ લાચાર, પ્રિયંવદા તું હવે મૃતુજ રહેજે. હા એ મારી ઇચ્છા છે! શા માટે? હું તે સમજી શકતો નથી. બસ હૃદય દ્રઢ થા સરોજ પાછો જલદી મુંબઇ પ્રતિ ગમન કર! અને ફરી એકવાર તારા ભાગ્યનો ઉદય કર!

પણ હવે મારે અહિંનો સર્વે વહીવટ સત્વર સંકેલવો જોઇએ. કુટીલ દાસના કુંભાડથી થએલા લેણદારોની ચોખવટ કરવી જોઇએ! ધીરેલાં નાણાં વસુલ કરવાં અશક્ય છે! લેણદારોની ઉપરા ઉપરી નોટીસો લાગી છે. પાપી કુટીલદાસ પણ કાંઇ ઉંડી બાજી રમતો જણાય છે. બેંકની વહેંચણીમાં કંઇક મળશે પણ આ વખતમાં લેણદારને શું મળશે એ ખાત્રી નથાય. ત્યારે હવે કરવું શું? શેઠ લક્ષ્મીદાસને આ પેલા વચન અનુસાર મારે એક માસમાં ત્યાં પહોંચવું જોઇએ. હા એક રસ્તો છે. તે એ કે મારે આ મારી તમામ મીલકત સરકારમાં કબ્જામાં મુકી દેવી. અહિંના ફર્સ્ટ ક્લાસ માજીસ્ટ્રેટ મી. છોટાલાલ મારા મિત્ર છે તેઓ મારા કરજની બરાબર તપાસ કરશે અને વાજબી ફેંસલો કરશે. લેણદારો પણ બેંકની વહેંચણી સુધી પછી ધીરજ ધરશે માટે એજ વિચાર. કાલેને કાલે મી. છોટાલાલને તથા મારા વકીલ મી. પીરોજશાહને મળી મારી સર્વ મીલકત લીક્વીડેશનમાં મુકાવું. દેણાં કરતાં લેણું વધારે છે અપ્રમાણીક પણ કરવું નથી. કોઇનાં નાણાં ખોટાં કરવા નથી. તો લીક્વીડેશનમાં જવામાં શો ડર? બસ એજ કર્તવ્ય પણ લોકો હસશે! સગાવહાલાંઓ હાંસી કરશે! મિત્રો ધિક્કારશે! બંધુ મંડળમાં નીચુ જોવું પડશે. નગરમાં ઘેર ઘેર મારી હોહા થશે! સૌ મારા પ્રતિ આંગળી ચીંધશે! ગમે તે થાય શરમના માર્યા દુઃખમાં સડયા કરવું એ મુર્ખ માણસનું કામ છે! ડાહ્યા માણસો સડો પામેલા વૃક્ષને મુળમાંથીજ કાપે છે! જો હું મારા વહિવટનો જલદી નીકાલ ન કરૂં તો હું કરજના બોજામાં

અને આજના વજનમાં ફસાતો જઇશ. ખટપટી કુટીલદાસ કંઇ કંઇ કાવતરાં કરશે અને પરિણામે અનેક વાદળમાં (વિપત્તીના) ઘેરાવાથી હું સ્થળ તજી શકીશ નહિ માટે જલદીથીજ આ વિચાર પાર પાડવો! પ્રભુને ગમ્યું તે ખરૂં! મારી વંશપરંપરાની ગંજાવર મીલકતના નાશનો આરોપ મારા ઉપર ચડવાનો. પણ તેમાં મારો શો દોષ ? જ્યાં દઇવજ વિપરીત ત્યાં અન્યનો શો દોષ ? આહા સરોજા! આજે તું એવું કામ કરવા તત્પર થયો છું કે જેથી તારી સંપતિ અને કીર્તીનો નાશ થશે! તું નિર્બળ કે મુર્ખ ગણાઇશ! પણ અભાગી સરોજા! તારે માટે અન્ય ઉપાય નથી. મોમ્બે જઇ લક્ષ્મિદાસ શેઠના આશ્રયનો સ્વીકાર કરીશ અને લલિતાને મારી અર્ધાંગના બનાવીશ જેથી દ્રવ્ય તથા અંતઃકરણના દુઃખનો પણ નાશ થશે! દ્રવ્યને લીધે પાછી કીર્તિ પણ મળશે. જો જલદી મુંબઇ જઇશ તો કદાચ આ વિપતિમાં શેઠ લક્ષ્મિદાસની સહાય પણ મળશે. માટે જલદી જવું એજ દ્રઢ નિશ્ચય. ત્યારે માત્ર દુઃખ એક! પ્રિયંવદા તરફ હું બેવફા થાઉં છું એ શંકા એક! લલિતા પ્રિયંવદા બની શકશે કે! પણ એતો

પ્રભુ તુંને ગમે તે તું કરતો ઘડીમાં દુઃખને સુખને હરતો
મમ પ્રિય ગણું અપ્રિય થશે અપ્રિય કદી પ્રિય નીવડશે.

પ્રકરણ ૮મું

હિમ મારૂં બહુ બ્હાવરૂં આ પાપી આવાસ
પળમાં પિયુચિંતામહિં પળમાં પાપી ત્રાસ.

"અહા!! મારૂં મન વ્યાકુળ થઇ ગયું છે! પ્રિયપતિનો વિયોગ તેની ખરી સ્થિતિની અજ્ઞાનતા અને આ પાપીનો ત્રાસ એ મારા જેવી નિર્બળ હૃદયની અબળાને માટે ખરે અસહ્ય છે! આ દુષ્ટ વિષયાસક્ત દુરાત્મન પોતાની નીચ ધારણા પાર પાડવા માટે આ ઉજડ ગામના ભયંકર મકાનમાં મને લાવ્યો છે! આહા! મકાન ખરેખરૂં પાપ મંદીર છે! એની મજબુત પડોશી દિવાલો અંધારાવાળા ભયંકર ઓરડાઓ અને પંખી પણ સંચરી ન શકે એવી ગોઠવણ પાપીઓએ પોતાની પાપવાસના પાર પાડવા માટેજ કરેલી હશે! લુંટારાઓનું નિવાસ સ્થાન અગર કોઇ તોફાની સરદાર કે ઠાકોરનું સ્થાન હશે! ઘણા જુના સમયમાં આ મકાન બંધાએલું હશે એ તો સ્પષ્ટ જણાય છે, કારણ દિવાલમાંથી ખંડિત થઇ જુદા પડેલા પથરાઓ અને ઘસાઇ ગએલી છો અને ધાબો તેના સબળ પુરાવા રૂપ છે. ડોશીના કહેવા પરથી જણાય છે કે આ ઉજડ ગામનો એ પાપી હરિદાસ માલીક છે અને જે થોડા ખેડુતો તથા રજપુતો અ

હીં વસે છે એ તેની ઉદારતા ઉપર નિભાવ કરનારા છો! આ ભયંકર કારાગ્રહમાંથી ઉદ્ધાર થવો એ ઘણું વિકટ છે! પાપી હરીદાસ અહિં બે ત્રણ દહાડામાંજ આવી પહોંચવો જોઇએ! અરે એ પાપીના નામનું સ્મરણજ મારા હૃદયને કંપતિ કરે છે અરે મારા સરોજ તું ક્યાં હોઇશ? મારી સહાય કરી મારી વારે ચડ વહાલા! તું મને તજી દઈ અન્યના પ્યારમાં લુબ્ધ થયો હોઇશ? નહિ નહિ આવા અનિષ્ટ તર્કને હૃદયમાં સ્થાન શામાટે? આહા! મારો એ વહાલો પ્રિયતમ સમુદ્રમાં એ નકી ડુબી મુઓ. મારૂં શિરછત્ર ઉડી ગયું. મારૂં સૌભાગ્ય નષ્ટ થયું હાઆય મારૂં જીવન વૃથા છે" આમ બોલતી પ્રિયંવદા એક નાના ઉજડ ગામડામાંની મજબુત ગઢી જેવા મકાનમાં ભોંયપર બેઠી બેઠી રડી પડી. રૂદન કરી કરી તેની આંખો લાલ થઇ ગઇ. એ બીચારીની આંખો નિશદીન રૂદન કરવાથી તદન ઉંડી ઉતરી ગઇ હતી. ચિંતા અને દુ:ખથી તેના ગુલાબી ગાલ કરમાઇ ગયા હતા. ઓળ્યા વિનાના તેના સુંદર બાલ સુગરીના માળા જેવા થઇ ગયા હતા. ટુંકમાં તેનું સર્વ સૌંદર્ય નસ્ટ થયું હતું. સુંદરતા પર તેને સંપુર્ણ તિરસ્કાર ઉત્પન થયો હતો.

> સુંદરતાને શાપ સુંદરતા નાશી જજો
> સીતાને સંતાપ સુંદરતાથી માનજો.
> અબળા અન્ય અનેક રૂપ થકી દુખણી બની
> સુંદરતા સંતાપ દુખડાનું રૂપે લગણી

આ લીટીઓ બોલતી તે હમેશાં પોતાના બાલ પિંખતી! આહા કેવું હૃદય દ્રાવક દ્રસ્ય?

આજે પણ તે આ હીટી બોલી પોતાના બાલ પીંખવા લાગી! ધડાધડ પોતાનું કોમળ મસ્તક પૃથ્વી પર પછાડવા લાગી! ડોશી બહારથી એકદમ અંદર આવી. આ દ્રશ્ય જો કે હમેશાં તે જોતી હતી છતાં પણ તેના નિષ્ઠુર હૃદયમાં દયાનો સંચાર થતો ન હતો, પરંતુ આજે પ્રિયંવદાની સ્થિતિ જોતાં તેનું હૃદય કંપી ઉઠયું! તેની આંખોમાંથી થતો અવીરત અશ્રુ સ્રાવ તેના મસ્તકમાંથી નીકળતું હૃદય કંપીત કરતું રક્ત અને તેના વીંખેલાં કેશ આ બધું જોતાંજ આજે ડોશીની આંખમાં પણ આંસુ આવી ગયાં અને તે આજે દયાથી ગળગળી થઈ ગઈ! પ્રિયંવદાને મજબુત પકડી તે બોલી "બાઈ આ તું શું કરે છે? ધીરજ રાખ" "આ મારા આત્મઘાતની પ્રસ્તાવના છે; ઓ વૃદ્ધ સ્ત્રી તારા પાપી શેઠની પાપવાસના પુરી કર્યા પહેલાંજ મારા જીવનો ત્યાગ કરીશ આમ બોલી પ્રિયંવદાએ પોતાનું મસ્તક વળી એક વાર પછાડયું.

દીકરી તુ શાન્ત થા! હું તને સહાય કરીશ. તુ તારા પ્રાણનો ઘાત ન કર! મને તારી અત્યંત દયા આવે છે. બોલ બેટા હુ તારે માટે શું કરી શકું?" ડોશીએ ગળગળે સાદેજ કહ્યું. દુખી પ્રિયંવદાના અંતરમાં વળી આશાનું કીરણ ઉદય થયું તોપણ શંકિત હૃદયે તે વૃધ સ્ત્રીના સામું જોઇ રહી. તેની આંખમાંથી ઝરતો ક્રોધનો અગ્નિ તેના શિયળનો પુરાવો આપતોઃ ડોશીને આંજવા લાગ્યો! અને તેથી ડોશીને ભાન થયું કે આ શિયળવતીને સહાય કરવી એ મારૂ કર્તવ્ય છે. કારણ એ જીંદગીમાં કરેલા અનેક પાપોના પ્રાયશ્ચિત રૂપ તે નીવડે. આજેજ તેને ખરૂં ખોટું સદાચાર દુરાચાર પતિવ્રતા અને કુલટાના

ભેદનું જ્ઞાન થયું. આવી અનાથ સ્થિતિમાં પણ આ કોમળબાળા પોતાના શિયળનું રક્ષણ કરી શકે છે, એ અસર એના કાળા હૃદયમાં થઇ અને તેના હૃદયની મલિનતા ખસી ગઇ! પાપમાં ઉછરેલી–પાપમાં કેળવાએલી વ્યભિચારમાં વસેલી અને વ્યભિચારમાંજ વૃદ્ધ થએલી આ પાપ મુર્તિ વૃદ્ધાને આજે જ્ઞાન થયું. તે દુઃખી સ્ત્રીના મુખ ઉપર હાથ ફેરવતી ઘણા વ્હાલ અને દયાથી બોલી–

" બેટા ? શંકા ન રાખ. આજે મારા હૃદયમાં જ્ઞાન પ્રકાશ થયો છે! હું તને સાહ્ય કરીશ! બોલ ? બેટા ! જલદી બોલ? હું તારે માટે શું કરૂં ? "

" મા ! જો આ વાતમાં સત્ય હોય તો અહો હું તારો કેટલો ઉપકાર માનું ? માડી ! હું તારે ખોળે છું ! મને મારવું અગર ઉગારવું એ તારા હાથમાં છે ! " આમ બોલતી પ્રિયંવદા ડુસકાં ભરવા લાગી !

" દીકરી ! તું શાન્ત થા ! જરા આરામ લે. આપણે તારા ઉદ્ધાર માટે કંઇ રસ્તો કરીશું. "

ડોશીએ કહ્યું,

" હું શાન્ત છું માડી ! જે રસ્તો થાય તે ત્વરાથી કરો ! મારી બુદ્ધિ બુઠી થઇ ગઇ છે ! ઓ મા મને અનાથ, નિરાધારને સહાય કર ! " તેણે આજીજી કરતાં કહ્યું.

"બેટા ! ધૈર્ય ધર ! મને એક ઉપાય સુઝ્યો છે. રાયદુર્ગના પ્રખ્યાત મહારાજા વારંવાર અહિં સીમમાં શિકાર માટે આવેછે, તેને જો તારી સ્થિતિનું જાણ થાય તો તારો ઉદ્ધાર બની શકે. મહારાજા ઘણાજ દયાળુ અને પ્રજા પાળક શાણા નૃપતિ છે." આમ બોલી આ વૃદ્ધા જરા વિચારમાં પડી:" ચલાવો ! માડી ! આગળ ચલાવો ! મારા હૃદયમાં હવે ધૈર્ય માટે અવકાશ નથી !"

"જો દીકરી ! તું એક પત્ર લખી એ મહારાજાને વિનંતિ કરી તારી ખરી સ્થિતિથી તેને વાકેફ કર તો એજ ઘડીએ તારો ઉદ્ધાર!"

"કિંતુ મારાં શુભેચ્છક માતા ! એ મારો પત્ર તેને પહોંચાડે કોણ? કેમકે એ તો અહિંથી દુર જંગલમાં શિકાર ખેલતા હશે !" પ્રિયંવદાએ શંકા કરી.

"પત્ર પહોંચાડવો એ મારૂં કામ ! બાકી અન્ય શંકા કરવા કારણ નથી ! મહારાજા પુર્ણ નીતનમાન કોલેજમાં જ્ઞાન પામેલા, નિષ્પક્ષપાત નૃપતિછે, એના તરફથી કિંચિત પણ ભય સંભવતો નથી."

"માડી ! હું તારો કેટલો ઉપકાર માનું ? તુંજ મારો ઇશ્વર તુંજ મારા શિયળનું રક્ષણ કરનારી સત્યની દેવી !" આમ બોલતી પ્રિયંવદા વારંવાર ઉપકાર દર્શાવવા લાગી.

"જો બેટા ! આ આપણા તર્કટનું ભોપાળું બહાર પડી જાય અને શેઠ હરીદાસના જાણવામાં આવે તો આપણા બાર વાગી જાય! હજુ હરિદાસને અત્રે આવવાને બે દહાડાનો વિલંબ છે ! દરમ્યાન

આપણે આ કાર્ય સિદ્ધ કરવું જોઈએ. એક વખત આપણો પત્ર મહારાજાના હાથમાં પહોંચ્યો એટલે બસ! કાર્યની સિદ્ધિ થઇ ચુકી! અને તું જરા સ્વસ્થ થઈ નિરાંતે બેસ! કાલે બપોરના મહારાજા અહિં શિકાર ખેલવા આવનાર છે; અને હું તેને ગમે એ ઉપાયે આ પત્ર પ્હોંચાડીશ"

"માડી! તમો સાવધ રહેશો; કારણ જો આ વાત બહાર પડી તો ઉદ્ધારનો એકે રસ્તો નથી,"

"ચિંતા ન કર, આ ડોશી કાંઇ કાચી નથી. કાલે ગમે તેમ કરી મધ્યાન્હ સમયે અહિંથી નીકળી જઇશ, અને આ કામમાં સિદ્ધિ મેળવી સેંકડો સ્ત્રીઓનાં શિયળ લુંટનાર પાપી દુરાત્મનને અદ્યાપિ સાથ કર્યા બદલ પ્રાયશ્ચિત કરીશ!"

"ગુરૂદેવ તમોને સાથ કરશે! મારા માયાળુ માતુશ્રી! તમો તમારા કાર્યમાં પ્રવૃત્ત થાઓ; હવે હું તદ્દન સ્વસ્થ છું!"

"જો ત્યારે બ્હેન! હું જાઉંછું અને તપાસ કરૂંછું કે મહારાજા ક્યારે શિકાર કરવા પધારનાર છે. તું શાન્ત થઇ બેસજે. હું આ-વીને તારે માટે થોડું જમવાનું આણીશ જે જમી તારા ઘણા વ-ખતની ક્ષુધાને શાન્ત કરજે; હવે કિંચિત ભય રાખીશ નહિં! તારા ઉદ્ધારનાં ચિન્હો ક્ષિતિજ પર દ્રષ્ટિ ગોચર થાયછે! લે મારી હું જાઉં છું! જોજે હવે રોતી કકળતી નહિં." આમ બોલી ડોશી બહાર ચાલી ગઇ; અને પ્રિયંવદા જરા સ્વસ્થ થઇ દિલમાં ઉત્પન્ન થતાં આશાનાં કિરણોનું નિરિક્ષણ કરવા લાગી.

“ધન્ય, પ્રભુ, ધન્ય. તું અશરણ શરણુ અને નિરાધારનો બેલી છો ! સત્ય શિયળનો રક્ષક છો, અહા ! આ દુષ્ટ વજ્રમય હૃદયની વૃદ્ધાના અંતઃકરણમાં દયાની ઉત્પતિ સંભવે ખરી? જેણે પોતાનું જીવન સર્વદા દુરાચાર અને અનીતિમાં વ્યતીત કર્યું છે, જેને નીતી, સદાચાર શિયળ વિગેરેનું ભાન નથી એવી આ પાપણીના હૃદયમાં દયા અને શિયળ રક્ષણમાં સાહ્ય કરવાની તત્પરતા ઉદ્દભવી એ ઓ પ્રભુ ! નિશ્ચય તારૂંજ કૃત્ય છે. એ નિમિત દ્વારા તું મારૂં રક્ષણ કરીશ, ખરે ગુરૂદેવની આશીશથી હું આ ત્રાસમાંથી મુક્ત થઇશ ! વાહ પ્રભુ ! વાહ ! અરે પણ આ પત્ર પ્હોંચાડવામાં કદાચ ડોશી નિષ્ફળ થઇ તો? કદાચિત નૃપતિએ મારા પત્રની પરવા ન કરી તો? કદાચિત પાપી હરીદાસના દ્રવ્યની સહેમાં તણાઇ નૃપતિના સલાહકારો આ વાત ઉડાવી નાખે તો? અને સઉથી મોટો ભય તો ડોશીજ મારી સાથે દગો રમતી હોય તો? હરી હરી, આ અનિષ્ટ શંકા છે. કિંતુ એ પાયા વિનાની નથી, પણું ઉપાય શો ?

પ્રભુની કૃપા અને ગુરૂદેવની આશીષથી સર્વ સારૂં થશે, અને નિશ્ચય મારો ઉદ્ધાર થશેજ ! કારણ. ગુરૂદેવના વચનનાં મને પુર્ણ વિશ્વાસ છે, અને મારૂં અંતઃકરણ પણ એમાં સાક્ષી પુરે છે. જ્યારે આમજ છે ત્યારે હૃદય ! ધૈર્ય ધર ! હા ! કિંતુ આ કારાગ્રહમાંથી મુક્ત થયા પછી મારી ગતિ શી થશે ? રાયદુર્ગ અહીંથી ઘણું દુર હશે. વળી રેલ્વેનો વ્યવહાર પણ નહિ. તોપણ સરોજ, મારા વ્હાલા સરોજની શોધ એજ મારૂં કર્તવ્ય ! અને એક વખત જો

કાર્ય કરવા નિશ્ચય કર્યો તો કરતાં વિલંબ શો? પણ પ્રભુ! એ મારા વ્હાલાનો સમુદ્રમાંથી ઉદ્ધાર નહિ થયો હોય તો? (અહીં તે કંપી ઉઠી) તેનું જીવન નષ્ટ થયું હશે તો? નહિ નહિ. ગુરૂનું વચન મિથ્યા થવાનું નથી. તેના આશીર્વાદથી તે જ્યાં છે ત્યાં જીવતો છે! મારૂં સૌભાગ્ય અખંડ છે. માટે ધૈર્ય ધરી તેની શોધ ચાલુ રાખીશ તો તે નક્કી સફળ થશે! વળી આજકાલ તાર તથા ટપાલની સગવડ એટલી બધી સરસ છે કે તેમાં મારા વ્હાલા સરોજ જેવા પ્રખ્યાત પુરૂષની શોધ કરવી એ કંઇ મુશ્કેલ નથી. હા. જ્યારે મારા વ્હાલા સ્વામીને હું મળીશ—તેને ભેટીશ ત્યારે મને કેટલો આનંદ થશે? તે મને કેવો મીઠો આવકાર આપશે! આહા!

વ્હાલાનું સંમેલન કેવું મીઠડું!
આનંદને કૃપાની મીઠી લ્હેર જો!
ચક્ષુ જળ અશ્રુ આનંદેથી ભર્યાં;
મણિ માનો એ હરિ કૃપા કે મ્હેર જો!

આહા વ્હાલાનાં સમીલન! એ કેવો મીઠો પ્રસંગ! કેવો આનંદદાયક! ધડકતાં હૃદયે અન્યો અન્ય અલિંગન! સજળ અશ્રુ ભર્યે નયને પ્રેમીઓનો દ્રષ્ટિપાત! ત્યારપછી ક્ષણવારનું ગાંભીર્ય અને અંતે એ ગંભિરતાનો પડદો ઉચકાઇ જઇ આનંદનું દર્શન! સરોજ! મારા વ્હાલા સરોજ! એ દહાડો ક્યારે આવે?

અરે એ દિન ક્યારે આવેરે !
હું ભોજનીયાં હર્ષે ભાવે રે !
અન્યો અન્ય પ્રેમે ઝુલાવે રે,
રાધા કૃષ્ન શું રંગ જમાવે રે ! અરે

આ રાધાના કૃષ્ણ ! – પ્રિયંવદાના મનમાન્યા સરોજ ? હવે એ સમય દુર નથી! મારા વિયોગે તેનું અંતર કેવું બળતું હશે! તે મને જોતાં કેટલું શાન્ત થશે ! એ બિચારાને મારા વિના ઘડી પણ ચાલતું નહીં. તે બિચારો વિયોગે બળીને ખાખ થઈ ગયો હશે.

હારણ.

આગે બળ્યો બોલાય છે જગે
વિયોગીનો ઉપાય ના મળે !
'મહાશ્વેતા મહાશ્વેતા ' કરી. !
વ્હાલો ગયો વિયોગમાં મરી;
જુઓ જન્મ અનેકજ ધર્યા.
અંતે સંયોગે સુખીઆં કર્યાં !
આગ વિયોગની એવી જાણો;
પિંડ પ્રજાળે એવી પ્રમાણો. !

આહા ! એવા વિયોગના વ્યાધીમાં ડુબેલા વ્હાલાને મને જોતાં કેટલો આનંદ થશે ? (અહીં તે જરા વિચારમાં પડી ! ગંભીર થઇ–વિજળીની માફક તેના મગજમાં કંઇ તર્ક આવ્યો ! તેનાં સુંદર ચક્ષુમાંથી અશ્રુનું એક બિંદુ સરી પડયું !) પરંતુ મારી

લાંબા સમયની ગેરહાજરીને પરિણામે તેમજ મારા તરફના વર્તમાનને અભાવે, કદાચ તેણે મને મૃત ગણી હોય અને કોઈ અન્ય ભાગ્યશાળી સુંદરીને ગ્રહણ કરી હોય, અર્થાત તેણે પુનર્લગ્ન કર્યું હોય તો ? પણ સરોજ અન્ય સ્ત્રીને ગ્રહણ કરે એજ અસંભવિત ! કારણ તેઓનો શુદ્ધ પ્રેમ પ્રવાહ અખંડ મારા પ્રતિજ વહે છે ! અરે પણ પુરષોના હૃદયનો વિશ્વાસ શો !

પુષ્પથી કોમળ હૃદય વજ્ર જેવું બની શકે;
પુરૂષોની પ્રકૃતિ એ સ્થિરતા ન ધરી શકે !

કદાપિ મારા સરોજે આ પ્રમાણે અન્ય સ્ત્રી સાથે લગ્ન કર્યું હોય તો તેમાં પણ મારે આનંદ માનવો જોઈએ ! કારણ મારા સરોજને પ્રસન્ન રાખવો એ મારૂં કર્તવ્ય ! અને જ્યારે એ કાર્ય હું નથી કરી શકી તો તેને પ્રસન્ન કરનારનો મારે અવશ્ય ઉપકાર માનવો જોઈએ ! કારણ કે

पतिनी प्रसन्नतामांज सतिनुं सुख
पतिना आनंदमांज पोतानो आनंद
पतिनु हसतुं मुख एज महान् उत्सव
टुंकामां पतिने सुख एज स्त्रीनुं स[illegible] !

માટે જો એમજ બન્યું હોય તો, ગુરૂદેવની આજ્ઞાનુસાર તેનાં સુચવેલા કાર્યમાં પ્રવૃત્ત થઈ આનંદ માનીશ; અને પતિને આનંદમાં જોઈ તેને સ્વર્ગીય સુખ માની લઈશ ! અરે પણ આ

બધા તદ્દન કવેળાના (Premature) છે! હજુ અહીંથી બંધન મુક્ત થાઉં—આ પાપીના પંજામાંથી છુટું—ન્યાયી નૃપતિના વખાણુાના ન્યાયનું દર્શન કરું ત્યાર પછી આ બધું! પણુ કોણુ જાણે અને હાલ વધુ ધૈર્ય આવતું જાય છે! હૃદય પણુ દ્રઢ થતું જાય છે અને ઉદ્ધારની આશા સજ્જડ જણુાય છે! વિદ્વાન પુરૂષો કહે છે જે હૃદયની સાક્ષી એજ પરમાત્માનાં વચન, અને મારૂં અંતઃકરણુ સાક્ષી પુરે છે કે

'પ્રિયંવદા! તારો ઉદ્ધાર ક્ષિતિજ ઉપર દ્રષ્ટિએ પડે છે! તારૂં કર્તવ્ય તારી રાહ જુએ છે! માટે આ પાપાગારમાંથી મુક્ત થતાંજ તારા કાર્યમાં પ્રવૃત્ત થઇ જા! અંતે તારો વિજય છે! જય ગુરૂદેવ!

એ સ્વપ્નના ગુરૂદેવજે તે વિશ્વ કેરા નાથ છે
તારવું સંહારવું એ એ હરિને હાથ છે!'

એક નમુનેદાર નૃપતિ

(A model King)

એ દૈવાંશી નરપતિ પ્રજા તણો હિતકાર
સ્વાર્થને સંકેલીને પરમારથમાં પ્યાર
રાજ્ય કોષ ને સંપતિ રાજ્ય તણા ભંડાર
વિભવ વસ્તુ સૌ વસ્તીની, વૃથા ભાર વહેનાર!

આપણા માન્ય ગ્રંથોમાં રાજાને ઇશ્વરી અંશ અને પુજ્ય ગણવા આજ્ઞા કરેલી છે અને તે પ્રમાણેજ ભારત વર્ષની પ્રજા સેવાજ ભાવથી અદ્યાપિ પર્યંત માનતી આવે છે; પરંતુ જેમ પ્રજાનો ધર્મ રાજા પ્રતિ પુજ્ય વૃત્તિ રાખવાનો વર્ણવેલ છે તેમજ, રાજાના ધર્મ વિષે પણ તેજ શાસ્ત્રમાં કહેલું છે. જે સમયે આર્યાવર્ત સર્વ પૃથ્વિમાં ઉચ્ચ સ્થાન અને પ્રતિષ્ઠાના ભોકતા હતો તત્સમયે રાજા તથા પ્રજા પોત પોતાના ધર્મને રૂડી રીતે અનુસરતા હતા અને તેના પરિણામ રૂપ રાજા અને પ્રજામાં ઉત્તમ પ્રેમ ભાવ દ્રષ્ટિ ગોચર થતો હતો. તત્પશ્ચાત જેમ જેમ રાજા પોતાના ધર્મના અનુસરણમાં શિથિલતા રાખી સ્વચ્છંદે વર્તવા લાગ્યા તેમ તેમ પ્રજાએ પણ પોતાનો તેના પ્રતિનો પુજ્ય ભાવ દિન પ્રતિદીન ઘટાડવા માંડયો. જ્યારે દેશમાં પરદેશી પરધર્મી મુસલમાન મહારાજાઓએ રાજ્ય ધુરા ગ્રહણ કરી ત્યારે તો આ બધા નિયમો અને શાસ્ત્રો પગ નીચે કચરાયાં! એ વિષયનાં પુતળાંઓએ રાજ્ય પદને શરમીંદું બનાવ્યું. રાજ્ય લક્ષ્મીનો ઉપભોગ પોતાના વિષયની તૃપ્તિ માટે– વિભવ માણવાને કર્યો! પ્રજાને કચરી નાખવા માટે પરાયા હક લુંટી લેવા માટે, સર્વ શિયળ વતીઓના શિયળના નાશ કરવા માટે સઇન્ય સમુદાય ભેળા કરવા લાગ્યા. જ્યાં ત્યાં લોહીની નદીઓ ખુના મરકી અવ્યવસ્થા મારફાડ લુંટફાટ અને જુલ્મ ચાલી રહ્યા! રાજા અને પ્રજા અન્યો અન્યના પ્રેમ ભાવ પુજ્ય ભાવ ત્યાગ કરી વઇર ભાવે વર્તવા લાગ્યા. ! આ બધું અનિષ્ટ ત્રાસ દાયક ભયંકર પરિણામ

શાનું? નૃપતિઓ પોતાના ધર્મને નહિ અનુસર્યા એનું. ઇતીહાસ જુઓ અને સર્વ સ્પષ્ટ થશે. અકબર જેવા પરધર્મી છતાં શાણા બાદશાહોના સમયમાં સર્વત્ર શાંન્તિજ જણાતી હતી! પ્રજાને પુત્રવત પાળવી પછી તે ગમે તે જાતની ગમે તે ધર્મની હોય એ નૃપતિ ધર્મ છે. અને એ ધર્મ બજાવવામાં જો શિથિળતા દર્શાવવામાં આવે તો પરિણામે અનિષ્ટનુંજ દર્શન થાય. આ પૃથ્વી પર શ્રેષ્ટ પદવી તથા સંપુર્ણ સામર્થ્ય ધરાવનાર મહારાજ્ય ઇંગ્લાંડનું દ્રષ્ટાંત જુઓ! એ આજે ઉન્નતિના શૃંગ ઉપર બિરાજમાન થએલુ છે! શાથી? ત્યાં રાજા અને પ્રજાના બંન્નેના ધર્મો નક્કિ કરી મર્યાદીત કરેલા છે, અને રાજા અને પ્રજા પોત પોતાના ધર્મને અંશે અંશ અનુસરે છે. આવી બંધારણ વાળી રાજ્ય વ્યવસ્થાને લીધે રાજા તથા પ્રજા ઉભય અન્યો અન્યનો પ્રેમ અને વિશ્વાસ પ્રાપ્ત કરી શકે છે. જ્યાં રાજા અને પ્રજાનાં જીગર એક ત્યાં શી ખામી રહે? આજ કારણથી ઈંગ્લંડ સર્વોપરી મહારાજ્ય ગણાયું છે.

કાયદો રાજા અને પ્રજા બંન્નેના ઉપર સત્તા ધરાવે છે. જ્યાં રાજાની મરજી એજ કાયદો છે ત્યાં તેનાં કડવાં ફળ અનુભવાયાં છે. આપણા હિંદમાં હાલ પણ અંગ્રેજ સરકારની સત્તા નીચે અનેક નૃપતિ પોત પોતાના મુલક ઉપર રાજ્ય ચલાવે છે અને અદ્યાપિ તે ઓની પ્રજા તેઓને દેવના જેવુંજ માન આપતી આવે છે. કિંતુ આ વીસમી સદીના ધસારાબંધ આગળ વધતા સુધરેલા જમાનામાં પશ્ચિમની રાજ્ય રોહીથી વાકેફ થતાં શાણી સરકારના રાજ્ય કારભારની

પદ્ધતિ નજરે નજર જોવાથી લોકોના વિચારમાં મહત ફેરફાર થયા છે અને થતા જાય છે. તેઓ રાજા એટલે શું રાજાનો અધિકાર કેટલો પ્રજાની ફરજ શું અને કેટલી? તે સમજવા લાગ્યા છે વળી તેઓને ઇતીહાસનું જ્ઞાન થવાથી પોતાના હકનું (Prevelegee) પ્રમાણ જાણવા લાગ્યા છે. આવા જમાનામાં દેશી નૃપતિઓનો સ્વચ્છંદી અમલ પ્રજા સાંખી શકે નહિ એ સ્વભાવિકજ છે સુભાગ્યે હાલ ના ઘણા ખરા નૃપતિઓ કોલેજમાં ભણેલા ઇંગ્રેજોની સાથે વસેલા અને પશ્ચિમના સ્વતંત્રતાના વાતાવરણથી વાકેફ છે. અરીસુમાં ડુબી ગએલા કારભારીઓને આધીન થએલા ખુશામતથી ખુશ થનારા રાજ્યપતિઓ હવે થોડાજ હસ્તિ ધરાવતા હશે!

હિંદને સુભાગ્યે પશ્ચિમના ઉત્તમ વિચારોએ રાજા તથા પ્રજા બંનેના મગજમાં એક સાથે પ્રવેશ કર્યો છે અને એના રૂપે દેશની ઉન્નતિજ થશે.

નવિન દુર્ગ નરેશ મહારાજા સુધર્મ સિંહનું વય હાલ વરસ બીસનું છે. તેઓએ રાજકુમાર કોલેજમાં અભ્યાસ કરી વિલાયતની મુસાફરી કરી છે. વિલાયતના પ્રખ્યાત મહા પુરૂષોની મુલાકાત તથા તેમની સાથે વાર્તાલાપનો લાભ લીધો છે. પાર્લામેંટ સભાનું દર્શન કરી પ્રજાસ્વતંત્ર્યના ચિતારનું નિરીક્ષણ કર્યું છે અને પરિણામે તેઓ ઘણાજ ઉદાર ચિત્ત અને પ્રજા કલ્યાણ માટે સતત કાળજી લેનારા છે. પોતાનો રાજ્યાભિષેક થયા પછી તુરત ખુશામતીઆ અને અપ્રમાણીક નોકરોને રજા આપી વિદ્વાન સીધા અને બાહોશ માણસો

ના હાથમાં કાર્યભાર સોંપ્યો છે. પ્રત્યેક ખાતાની જાતિ દેખરેખ પોતેજ રાખે છે. ઓફીસમાં નિયમસર હાજર થાય છે, ન્યાયાધિશોનું કામ તપાસે છે, અપીલો સંભાળે છે, અને પોતાના દીર્ઘ દ્રષ્ટિવાળા નિષ્પક્ષપાત ન્યાયથી પ્રજાના હૃદયને હર્ષથી હસાવે છે હમણાંજ તેઓએ પોતાના રાજ્યમાં કેળવણી મફત તથા ફરજીઆત કરેલી છે. સ્થળે સ્થળમાં પંચાયતનાં નિયમો દાખલ કરી કોર્ટના ધક્કાધક્કી તથા ખર્ચની હાનીમાંથી પ્રજા રક્ષણ કર્યું છે. પોતાની પાસે પ્રત્યેક મહાલની પ્રજાએ ચુંટી મોકલેલા પ્રતિનીધિઓની એક ન્હાની ધારાસભા રાખેલી છે. કાયદાઓ બનાવતી વખતે તથા અન્ય પ્રસંગે તેની સલાહ લઇ તે મુજબ વર્તવામાં આવે છે. આથી રાજા પર પ્રજાનો પુર્ણ વિશ્વાસ છે. રાજ્યદરબારમાંથી ખુશામતના વ્યાપારથી રાજાની પ્રસન્નતા મેળવી અવળી સલાહો દઇ અનીતિને રસ્તે ચડાવનારા અને પ્રજાને રાજાને નામે રંજાડી દ્રવ્ય હરણ કરનારા મંત્રીઓને રજા આપી ઉત્તમ સલાહ કારો તથો વફાદાર અનુચરોનાં કામ લેવાય છે. આ પ્રમાણે આ ન્યાયી નૃપતિએ રાજ્યમાં અનેક સુધારાઓ દાખલ કરી પોતાના પવિત્ર ન્યાયની સર્વત્ર છાપ પાડી દીધી હતી અને કેટલીક વર્તમાન પત્રોમાં અને પ્રજા વર્ગમાં સર્વત્ર આ રાજાની પ્રશંસા થતી હતી અને હિંદુસ્તાનનું નમુનેદાર રાજ્ય (A model State in India) એવું ઉપનામ મેળવવા તેઓ સમર્થ થયા હતા. અન્ય રાજ્યોની પ્રજા પણ આ નૃપતિ સામું માનની નજરથી જોતી હતી. પશ્ચિમના પ્રવાસે તેઓ વારંવાર જતા અને ત્યાંથી પ્રજા હિતાર્થે કંઇ નવીન હુન્નર યા શૈલી લાવી રાજ્યમાં દાખલ કરતા."

આ રાજ્યના દીવાન પણ ગવરમેંટમાં સારા હુદ્દા ભોગવેલ બાહોશ અને વિદ્વાન દક્ષિણી ગ્રહસ્થ હતા, સરકારમાં માન તથા પ્રતિષ્ઠાવાળા હતા અને તે સિવાયના અન્ય ખાતાના ઉપરીઓ પણ યુનીવરસીટીના કાબેલ ગ્રેજ્યુએટો અને ઉચ્ચ કુળ જ્ઞાન અને આંસ રણવાળા હતા. ટુંકામાં મહારાજા સુધર્મસિંહ **યથાનામા તથા ગુણાઃ** એ ઉકિત પ્રમાણે ઉત્તમ ગુણવાન હતા.

આજે મહારાજા સુધર્મસિંહ તથા તેના અંગ રક્ષકો શિકારે નીકળેલા છે. મધ્યાન્હનો સમય થવા આવ્યો છે. સુર્ય નારાયણ ઉગ્ર કોપ ધારણ કરી અગ્નિ વર્ષાવી રહયા છે. તેઓના ઘોડાઓ થાકી ગયા છે પ્રસ્વેદમાં ન્હાઇ રહેલા અશ્વો ઘડી ઘડીમાં ઠોકર ખાય છો "આ શું પેલું મૃગનું ઝુંડ જુઓ પેલો કાળીઆર! હા ઠીક થયું જે અહીં જ દ્રષ્ટિએ પડયા!" ધુમ ધુડુમ અવાજો થયા! મૃગ મંડળ ત્યાંથી નાશવા લાગ્યું પણ જુઓ થોડે દુર જતાં એક મૃગ તથા એ મૃગ મંડળનો નાયક કાળીઆર નીચે પડી ગયા! તેઓને ગોળી વાગી હતી અલ્પ સમયમાંજ શિકારી મંડળી ત્યા આવી પહોંચ્યું!

"મહારાજા! તેઓ આપની ગોળીઓના ભોગ થઇ મૃત્યુ વશ થયા છે!"

"હા! એમજ જણાય છે, બહાદુરસિંહ! હવે આ શિકારને સ્થળે પહોચાડવા વ્યવસ્થા કરો! મને તૃષા લાગી છે માટે તપાસ કરાવો જે અહીં નજીકમાં કયાંએ જળ મળશે કે નહિ!"

"મહારાજ! આ સામું દ્રષ્ટિએ પડે તે આપણું હરિપુર નામનું ગામ છે માટે મહારાજની ઇચ્છા હોય તો પધારો ત્યાં જરા વિશ્રાન્તિ લઇ પાછા વળીશું!"

"જેવી સર્વની ઇચ્છા"!

તુરત તે ચપળ અશ્વોને લગામનો ઇસારો થયો અને ઘડીમાં તે સ્વારો ધારો ઉપર અશ્વો કુદાવતા આગળ વધ્યા! અલ્પ સમય માંજ તે નદી પાસે આવી પહોંચ્યા! નદીના વિશાળ પટમાં થઇ પાણીના વેનમાં પસાર થઇ સામેના સુંદર વટ વૃક્ષ નીચે અશ્વ ઉપરથી ઉતરી તે પરની ગાદી નાખી મહારાજા તેના પર બીરાજ્યા પાસેજ બહાદુરસિંહ બેઠા! એક સ્વારે સુંદર સુવર્ણના પ્યાલામાં શરિતાનું જળ લાવી પાસે મુક્યું તેનું પાન કરી મહારાજ જરા સ્વસ્થ થયા. અશ્વોને વૃક્ષની સાથે બાંધી દેવામાં આવ્યા. આ પ્રમાણે આ રાજ્ય મંડળ વટ વૃક્ષને પવિત્ર કરતું કે તેનો આભાર માનતું તેની શીતળ છાયામાં વિશ્રાન્તિ લેતું બેઠું.

દરમ્યાનમાં એક વૃદ્ધ સ્ત્રી જે મૃત્યુના દરવાજા ઉપર પહોંચવાની તઇયારી કરતી હતી કમરેથી વાંકી વળી ગયેલી હતી અને ઘણું ચાલવાથી તથા અસહ્ય તાપથી શ્રમીત થયેલી હતી તે ત્યાં ચાલી મહારાજનો જય થાઓ આમ બોલી સામે અદબથી ઉભી રહી.

કેમ? ડોશીમા? આપનું આગમન શા માટે થયું છે અને મહારાજ પાસે તમારી શી અપેક્ષા છે? બહાદુરસિંહે પુછ્યું.

મહારાજનો જય થાઓ મારે મહારાજને ખાનગીમાંજ મારી વાત રજુ કરવાની છે. ઉમેદ રાખું છું કે મહારાજ મારી આ અરજ માન્ય રાખશે! ડોશીએ ઉત્તર વાળ્યો. મહારાજના એક ઇસારા સાથેજ બધું મંડળ દુર જઇ ઉભું. પછી મહારાજે પુછ્યું:

કેમ ડોશીમા! આપનું આગમન શા માટે થયું છે? આપને મારી પાસે શી ઇચ્છા છે? અગર આપને મારી શું ફરિયાદ રજુ કરવાની છે?

મહારાજ! મારે આપને એક સુંદર બાળાનો પત્ર આપવાનો છે!

"પત્ર અને તે સુંદર બાળાનો?" ચકિત થતાં પુછ્યું.

"હા! મહારાજ." પ્રત્યુત્તર મળ્યો

"તે બાળા મારી પાસે શું ઇચ્છે છે?"

"મહારાજ આપની પાસે ન્યાય માગે છે?"

"તેને મારાથી કોઇ પણ પ્રકારનો અન્યાય મળ્યો છે?

"નહિ મહારાજ! પણ સબળ નિર્બળને દબાવે છે સતાવે છે."

"ત્યારે શું તેની ફરિયાદ મારી પાસે લાવે છે."

"મહારાજ! દ્રવ્યમદથી આપના રાજ્યમાં પણ પાપીઓ ફાવેછે!"

"ત્યારે શું તેનો પુરાવો તું બતાવે છે?"

"મહારાજ! એક દુષ્ટ વણીક નિરાધાર અબળાને દુઃખ દઇને તાવે છે."

"ડોસી? જલદી બોલ એ કોણ?" રાજાએ ક્રોધ સમાવીને કહ્યું.

"તે પોતાને હરિદાસ શેઠ કહાવે છે."

"હેં?"

"મહારાજ! માનો છો કે આ ડોશી આપને ભ્રમણામાં ભુલાવે છે?"

"આજે શા માટે એ ફરિયાદ લાવે છે?"

"મહારાજ પાપીનો પણ અંત આવે છે!"

"ત્યારે શું મારા રાજ્યમાં પણ અત્યાચારીઓ નિરપરાધીને રીબાવે છે.?"

"મહારાજ! પાપીઓ પોતાનો પ્રભાવ સર્વત્ર જમાવે છે!"

"આહા! એ પ્રભાવ કેવો?"

"મહારાજ આ પત્ર બતાવે એવો!"

આમ બોલી તે વૃદ્ધાએ પત્ર મહારાજના હાથમાં મુક્યો.

મહારાજે તે પત્ર લઇ વાંચવા માંડ્યો:—

"સ્ત્રી જાતિ અને ગૌબ્રાહ્મણના પ્રતિપાળ નેક નામદાર મહારાજા ધિરાજ સુધર્મસિંહજી બહાદુરની સેવામાં;

હું એક નીરાધાર અબળા આપની રાજ્ય ધુરાના અમલની ચે પામતી પીડા રજુ કરવાને ઇચ્છા ધરાવું છું. મહારાજ હું એક અનાથ સ્ત્રી છું. ભાગ્યવાનની પુત્રી અને ભાગ્યવાનની પત્ની છું. દુર્ભાગ્ય વશાત આપના રાજ્યમાં એક નરપિચાસના હાથમાં સપડાઇ

છું. એ નરાધમ મારી પવિત્રતાને કલંકિત કરવા, મારૂં શિયળ લુંટવા ચાહે છે! પ્રભુ! સ્ત્રીઓને શિયળથી શું વ્હાલું શું હોઇ શકે! હું અનાથ છતાં અદ્યાપિ મેં મારૂં રક્ષણ કર્યું છે, કિંતુ હવે સમય વિપરીત છે! જો મારા શિયળ રક્ષણના પ્રયાસમાં હું નિષ્ફળ થવાની અણી ઉપર આવીશ તો નિશ્ચયે હું મારો પ્રાણ ત્યાગ કરીશ! આપ સુજ્ઞ છો મહારાજ! વિદ્વાન છો! જેનાં રાજ્યમાં સ્ત્રી હત્યા થાય છે તેનું રાજ્ય શાપિત થાય છે. સતિના શાપ નિષ્ફળ થતા નથી! દ્રવ્ય મદમાં બહેકી ગયેલા પુરૂષો પોતાની લક્ષ્મીથી સર્વને વશ કરી સ્વછંદે પાપ કર્મ કરી શકે છે. તેઓની લક્ષ્મિની સહેમાં તણાઇ જઇ સર્વ અધિકારી વર્ગ તેને આધીન વર્તે છે! મહારાજ! શોચનિય તો એ છે જે આપના કહેવાતા નમુનેદાર રાજ્યમાં પણ આજ વસ્તુ સ્થિતિ અનુભવાય છે! નિરાધાર અબળાઓને રીબાવાય છે! તેના શિયળ લુંટવાને પ્રયત્ન થાય છે! મહારાજ! ક્ષમા કરજો! આ શું આપનો નિર્મળ ન્યાય છે? નવીન દુર્ગમાં પોતે મારા ઉપર પુરતો જુલ્મ કરી શકશે નહિ એવી શંકાથી આપના રાજ્યનો આ કહેવાતો નગર શેઠ આ એકાંત અઘોર સ્થાનની અંદર મને લાવ્યો છે કે તેથી પોતાની પાપી મુરાદ તે સહેલાઇથી પાર પાડી શકે! મહારાજ? એ પાપી હરિદાસ આવતી કાલેજ આવવાનો છે! અને મને સતાવવાનો છે! સ્ત્રીનું રક્ષણ કરવું એ મહારાજ! આપ ક્ષત્રીયનો ધર્મ છે, તો આશા છે કે આપ મુજ અબળાની વ્હાર કરશો, મારૂં બંધીખાનાનું દુઃખ હરશો, અને શિયળ વંતીના શિયળનું રક્ષણ કરશો! મુજ અનાથનો હાલ આપ એકજ આધાર

છો ! અન્ય કોઇ પણ દિશામાંથી સાહ્ય કે ઉદ્ધારની આશાનું સ્વપ્નું પણ નથી ! ત્યારે મહારાજ ! મારી વારે નહી ચડો ? આ પાતિવ્રત્યનું રક્ષણ નહી કરો ? દ્રવ્યમદમાં છકેલા પાપી અત્યાચારીને સજા નહિં કરો ? મહારાજ ! આ તો જેનો આશ્રય તેની લજ્જા છે ! મારે હાલ આપનોજ આશ્રય છે; અને મારી લજ્જા સાચવવી એ આપનું કર્તવ્ય છે. માટે ઓ ન્યાયી નૃપવર ? જો મારા ઉદ્ધાર કરવામાં આપ પ્રવૃત્ત નહિં થાઓ તો હું મારા ઉજ્વળ સ્ત્રી ધર્મને માટે મરીશ, અને આપના પવિત્ર ન્યાયને સદાને માટે કલંકીત કરીશ ! માટે ઓ વીર નૃપતિ ! આ અનાથ અબળાની વ્હાર કરો અને સતીનાં સંકટ હરો. અસ્તુ.

લી. આપની સહાયના આશા સુત્ર
પર જીવનનો આધાર રાખી
બેઠેલી આપની એક રંક
નીરાધાર પુત્રી.

આ પત્ર વાંચતાં વારંવાર મહારાજની મુખ મુદ્રિકા ક્રોધથી ચડી આવતી, કપાળ પર કરચળી પડી આવતી, અને ઘડી ઘડીમાં તેનો હાથ સુવર્ણ મુઠવાળી અસિ ઉપર પડી જતો ! આ દશામાંજ તેણે આ પત્ર પુરો કર્યો. પત્ર વાંચી રહ્યા બાદ મહારાજ જરા વિચારમાં પડયા હોય એવું જણાયું. ઘડી તો આંખ મીચી ! વળી આંખ ઉઘાડી નજર તે ડોસી સામી ઠેરાવી. એકાએક કંઇ વિચાર ચડી આવ્યો.

"બહાદુરસિંહ" તેણે કહ્યું.

"જી હજુર!"

અશ્વો તઇયાર કરો ! આપણે ત્વરાથીજ રાજ્યનગરમાં જવા -નુંછે !

જેવી આજ્ઞા મહારાજ !

ઘડીકમાં અશ્વ સજ્જ થયા અને મહારાજે અશ્વ ઉપર ચડી ઉપડવાની તઇયારી કરી. ત્યારે તે વૃદ્ધ સ્ત્રી મહારાજની પાસે જઇ બોલીઃ—

" મહારાજ ! આ પત્રનો ઉત્તર ! "

" તેનો યોગ્ય ન્યાય થશે ! "

" માહારાજ ! આ આશાનું સુત્ર તુટી જતાં એ દુઃખી અબળા મૃત્યુને વશ થશે ! "

" મારૂં નામ દઇ તેને ગુપ્તજ કહેજે કે હિમત ધરજે ! "

" કાલે તો હરિદાસ એને હેરાન કરશે ! "

અહી મહારાજે ડોશીની તદ્દન નજીક જઇ નીચા નમી ધીમેથી કંઇ વાત ચીત કરી. ઘડીવાર પછી ડોશીએ જરા સંભળાય તેવે અવાજે કહ્યું.

" બહુ સારૂં મહારાજ એ બનવા જોગ છે ! "

" ત્યારે સમજી હવે તે પાપીના પુરેપુરા ભોગ છે ! "

"મહારાજ હવે હું રજા લઉં છું."

"સમજ્યાં કે ડોસી ! એ સંબંધી હું તમોને શું કહું છું!"

ડોશીએ અડી ડોકું ધુણાવી "મહારાજનો જય આવો!" આમ બોલી ચાલતી પકડી; અને આ મંડળ પણ તુરતજ રવાના થયું. વિશ્રાન્તિથી તાજા થયેલા અશ્વ ચપળતાથી નાચતા કુદતા, ત્વરાથી આગળ વધ્યા. એક કલાકમાં તો વગડાઉ રસ્તો ત્યાગ કરી નવીન દુર્ગના બાંધેલા રસ્તા ઉપર આવી પહોંચ્યા ! તાપ પણ હવે નરમ પડી ગયો હતો. આરામ અને આશાનીથી તેઓ અશ્વ ચલાવતા હતા. અલ્પ સમયમાંજ તેઓએ નવીન દુર્ગના સુંદર દુર્ગદ્વારમાં પ્રવેશ કર્યો. સપ્ત માળની સુંદર હવેલીઓના ઝરૂખામાંથી "અલી સુભદ્રા ! દોડ તો ! મહારાજ પધારે છે આમ તે શું કરે છે ? જરા ઉભું રહી નીરખવાને સ્થળ તો આપ અલિ ? તારા વસ્ત્રનું તો જરા ભાન કર !" આમ મારામાર કરતી શહેરની સુંદરીઓ રાજાનાં પુર્ણ પ્રેમ અને લાગણીથી દર્શન કરવા લાગી ! સામે નમતા નાગરીકો, અમલદારો તથા અન્ય વર્ગની સલામો લેતા હસતે મુખડે રાજાએ આગળ વધી ઇંદ્ર ભુવનને પણ લજ્જા પમાડે એવા સુંદર મહાલના દ્વારમાં પ્રવેશ કર્યો; સવારો આ દ્વારમાંજ અટક્યા ! બહાદુરસિંહ થોડે દુર મહારાજની સાથે આગળ ગયો પછી તે પણ પાછો વળ્યો ! મહારાજને કંઈ યાદ આવવાથી 'બહાદુરસિંહ' ! કહી સાદ કર્યો તેને ધીમેથી કંઇ કહ્યું, અને બહાદુરસિંહ તુરત સલામ કરી પાછો વળ્યો. એક હજુરીએ આવી મ-

હારાજનો અશ્વ પકડયો; અને મહારાજ અશ્વપરથી ઉતરી રંગ મહેલમાં પધાર્યા.

પ્રકરણ ૧૦મું.

અનાથ અબળાનો ઉદ્ધાર

જેનો સાથક કો નહિ, તેનો સાથક રામ,
નિરાધારનો નાથ એ, સાથ શ્રી ઘનશામ,

આહા! અંતે એ સમય પણ આવી પહોંચ્યોજ! પાપીનું આ સ્થળે આવાગમન પણ થઇ ચુકયું, અને જે ઘડીઓ જાયછે તેમાં તે દુરાત્મન અહિં આવી પહોંચશે. ડોશીનો દીલાસો પણ મને તો આશા વગરનો જણાય છે!

અરરે! રાજાઓ પ્રજાની પરવા શા માટે કરે! એતો પ્રજાના પૈસે વૈભવ અને ભોગ વિલાસ માણે! ઓ પ્રભુ! મારું શું થશે હરી હરી! હવે મારા શિયળનું રક્ષણ શી રીતે થશે! ઓ પ્રભુ

દુઃખ દાવાનળ સળગી ઉઠયો સહુ સ્થળે,
નહિ ઓલાવાનો છે એક આશ જો

વિશ્વંભર ! વિભુ ! વિપદ વાદળ તું હરે
અન્ય ગરીબોની નહિ કાંઈ ગુન્જાશ જો.

અરે અંતે પ્રભુ શું આમ થશે ! સતિના શિયળનું નામ જશે ! હરિ ! ઓ ! ધરિ બાંહ્ય હરિ તું જલ્દી કર બ્હાર, બચાવ બળું છું હવે ! અહો વિશ્વંભર ! જગત્પાલક પરમેશ ! ઓ મહાન પિતા ! તું મને સહાય કર ! મારી વિપદનું વાદળું હરિલે ! મારા શિયળનું રક્ષણ કર ! આજ સુધીમાં તેં અનેક સતિઓનું રક્ષણ કર્યું છે ! અહલ્યા, સિતા, તારામતી, દ્રૌપદી ઇત્યાદી અનેક સ્રીઓને આપત્તિના સમયમાં સહાય કરીછે ! તો એજ પ્રમાણે ઓ નિરાધારના આધાર ! અનાથના નાથ મારૂં રક્ષણ કર!"

એક દુઃખીણી બાળા આ પ્રમાણે પ્રાર્થના અને આક્રંદ કરતી એક મજબુત ભવ્ય પણ ભયંકર મકાનના એક ઓરડામાં કલ્પાંત કરી રહી છે! તેના નેત્રોમાંથી અવિરત અશ્રુનો પ્રવાહ ચાલ્યો જાયછે. અને દુઃખ સાગરમાં ગળકાં ખાધા કરેછે. દરમ્યાનમાં ઓરડાનું અડકાવેલું દ્વાર ખુલ્યું! ખુલતાંજ 'અરે એ રાક્ષસ આવી પહોંચ્યો!' આમ ચીસ પાડી તે સુંદર સ્ત્રી અચેતન અવસ્થામાં ધરણી પર ઢળી પડી.

આવનાર પુરૂષ તેની આવી સ્થીતી જોઇ જરા ગભરાયો—તેની પાસે બેઠો અને તેને નિરખતાં નિરખતો બોલ્યો—

"અરે! ઓ સુવદને સુંદરી! શામાટે આટલો બધો ગભરાટ! શું તું સુખને ઇચ્છતીજ નથી? ઓ યુવતી, તારા યૌવન રસનો સ્વાદ

અબળા! આ તારા પ્રેમાસક્ત સેવકને કૃતાર્થ કર! જાગૃતથા! ઓ ર- સિકા! હું તને મારી વહાલી સ્ત્રી—મારી અર્ધાંગના બનાવીશ! મારૂં સર્વસ્વ તને સોંપી દઇશ, આ બધાં દાસ દાસીઓ દ્રવ્ય અને સમૃદ્ધિ બધું તારૂંજ થશે, રસીલિ! જાગૃત થા" આમ બોલી તે અબળાનું અંગુ પકડી તેને ઉઠાડવા પ્રયાસ કરવા લાગ્યો. પર પુરૂષનાં હસ્તનો સ્પર્શ ભયંકર વિષ જ્વાળસમ અનુંભવતી, અબળા એકદમ જાગૃત થઇ તે પાપી પુરૂષ ઉપર ક્રોધ દ્રષ્ટિ ફેંકી તેને તરછોડી દુર ઉભી રહી.

"અરે ઓ દુષ્ટ નરાધમ.......!" તેણે કહ્યું." સુંદરી માના મારૂં કહ્યું માન, અને તું મારી ગૃહ રાણી થશે!" દુષ્ટે લાલચ આપી.

"પાપીષ્ટ! પુળો મુક તારા ગૃહ રાજ્યમાં" ક્રોધ ભર્યો ઉત્તર મળ્યો.

"પ્રિયા! માના! મારૂં કહ્યું? સમજ! હજુ સમયછે, હું તને સુ ખી કરીશ! અનેક પ્રકારનાં સુખ તથા વસ્ત્રા લંકારોની તું ભોક્તા થઇશ" અધમે આશાઓ બતાવી,

"અરે ઓ પિશાચ વ્રતિના પાપી પુરૂષ! તારા વસ્ત્રા લંકારો ની મારે પરવા નથી!" સતિએ તિરસ્કાર સહ બેપરવાઇ બતાવી.

"મૃગનયની! તારા નયનથી છુટતા બાણોએ હું ઘાયેલ થ- યોછું—તારા પ્રેમમાં હું લીન થયોછું, ઘેલો થયોછું, મને પ્રસન્ન કર પ્રિયંવદા" પાપીએ પટાવવા માંડી.

"દુરાચારી! અહીંથી દુર જા! મારી દ્રષ્ટી આગળથી એક- દમ દુરથા! પતિવ્રતા સતિ સ્ત્રીઓને સતાવવાંનાં ફલ વિપરીત આવેછે!".

"અરે ઓ મૂર્ખ સ્ત્રી ! પૃથ્વીમાં હું સતિ દેખતોજ નથી. અને તારા જેવી કહેવાતી સતિઓના શીયળ લુંટવામાંજ હું મોજ માણુંછું."

"નરાધમ જરા ! ઇશ્વરનો ભય રાખ !"

"ઇશ્વર જેવું આ સૃષ્ટિમાં કંઇ છેજ નહી"

"અરે દુષ્ટ ! સર્વત્ર સર્વ વ્યાપક પ્રભુજ વ્યાપી રહેલા છે. એની ઇચ્છા વિના કંઇ પણ બની શકતું નથી, તેજ નિરાધારનો આધાર છે."

"ત્યારે શા માટે એ તારૂં રક્ષણ કરતો નથી !

"હા! તે મારૂં રક્ષણ કરશે કરશે અને કરશેજ ?"

"ત્યારે જોઉં છું ? એ તારો પ્રભુ હવે તારૂં રક્ષણ કેમ કરેછે ?"

"અરે પાપી ! તું આટલું ગુમાન શાને ધરેછે ?"

"ગુમાન ? આ વિલાસી હરિદાસ સ્વચ્છંદે સર્વત્ર વિચરેછે ?"

"અરે ઓ અંધ ! હાથે કરી તું ઉંડા કુવામાં ઉતરેછે!"

"ત્યારે બતાવ જોઇએ ? તારા સરજનહારથી શું કામ સરેછે ?"

"એ રક્ષણ હારજ મારૂં રક્ષણ કરેછે ?"

"અરે તારો રક્ષણ હાર પણ મારાથી ડરેછે ?

"અરે પાપી ! પ્રભુથી તું શા માટે લડેછે ?"

"ચાલ ! જલદી આધીન થા નહિ તો કમોતે મરેછે !"

" અરે કોઈ દોડજો ! આ નરાધમ મારૂં શીયળ લુટે છે ?"

" ધૈર્ય ધર ! એ શીયળને માટેજ એ પાપીનું આયુષ્ય તુટે છે!"

અદ્રશ્યથી આવો અવાજ સંભળાયો. હરિદાસે આડી અવળી નજર કરી પણ કાંઇ જોયું નહિં તેથી—

" આધિન થા ! ઓ હઠીલી ! એતો ફોગટ ભણકારા છે !"

અરે અધમ એ તો તને બાળી નાખનાર અગ્નિના ચમકારા છે !"

" સમજ ! અને એ તારી હઠનો ત્યાગ કર !"

" અરે ઓ અંધ ! ડાહ્યો થઇ સારી સમજ ધર !

બસ તારૂં ડહાપણ બંધ કર! જોજે હવે હું તારા ઉપર બળાત્કાર કરૂં છું !" આમ બોલી તે તુરતજ તે નિરાધાર અબળા ઉપર ધસ્યો. તત્સમયેજ એ ઓરડાની બાજુની ન્હાની કોટડીનું દ્વાર અવાજ કરતું ખુલ્યું અને ' સબુર કર, સતિઓના શિયળ લુંટનારને હું સદા સંહારૂં છું ' આમ બોલતો એક વીર તેજસ્વી પુરૂષ દાખલ થયો !" મારા પ્રભુ વારે આવ્યા ખરા ! ધન્ય વિભુ ધન્ય !" આમ બોલતી પ્રિયંવદા દુઃખ અને આનંદ મિશ્રીત લાગણીના બોજાથી દબાઇ મુર્છાગત થઇ નીચે પડી અને " હેં આ કોણ ? ક્ષમા!" આમ બોલતો હરિદાસ ધુંટણીએ પડ્યો !

" દુષ્ટ ? અધમાધમ ? વ્યભિચારી ?" તે આવનાર વીર પુરૂષ ગાજી ઉઠ્યો. અને સાથેજ તેની મ્યાનમાંથી વિજળીની માફક ઝબકતી શમશેર બહાર નીકળી.

"ક્ષમા ! મહારાજ ! ક્ષમા કરો ! હું ગુન્હેગાર છું" દીચ કરી હરિદાસ રડી પડ્યો !

"ચાણક્ય ? ક્ષમા ! ગુન્હેગારને ક્ષમા ? દુષ્ટને શાસન કરવું એજ રાજ્ય ધર્મ છે. બ્હાદુરસિંહ !"

"હજુર !" બ્હાદુરસિંહ પ્રવેશ કરી નમી ઉભો રહ્યો.

"આ દુષ્ટને ચતુર્ભુજ કરી ગાડામાં નાખી નવીનદુર્ગ મોકલાવો. તેનો ત્યાંજ ન્યાય થશે."

"જેવી આજ્ઞા મહારાજ!" કહી તેણે સીસોટી બજાવી કે ચાર સૈનીકોએ પ્રવેશ કર્યો અને બહાદુરસિંહની સુચના અનુસાર હરિદાસને બાંધવા લાગ્યા.

દરમ્યાનમાં પ્રિયંવદા જાગ્રત થઇ ધ્રુજતી ધ્રુજતી હાથ જોડી ખુણામાં ઉભી રહી.

"નહિં ગભરાવો ! ભગિની ! અંતે તમારો ઉદ્ધાર થયો છે !"

"મહારાજ ! પ્રભુ કોઇને છોડતો નથી એ આજે સિદ્ધ થયું ! હું આપને આપેલી તકલીફ માટે ક્ષમા માગું છું"

"એમાં રાજ્ય ધર્મ સિવાય અન્ય કશું પણ મેં કર્યું નથી એટલે તમને ક્ષમા આપવાને પાત્ર નથી ! તમારા પતિવ્રત ધર્મ અને શિયળ રક્ષણ માટેની ટેક જોઇ હું આશ્ચર્યમાં ડુબી ગયો છું ! એ માટે હું તમને સહસ્ત્રવાર ધન્યવાદ આપું છું."

" મહારાજ ! એ આપની મોટાઇ છે ! બાકી હું નિરાધાર અબળા શું કરી શકું ! અરેરે ! મહારાજ ! આપે મારી સહાય ન કરી હોત તો મારૂં શું બનત ?" અહિં તે ભિખારી કંપી ઉઠી.

" સત્યનો સહાયક શ્રી હરિ છે. ઓ સાધ્વી, તે પોતાના સેવક તથા નીતિ અને ધર્મને અનુસરનારા મનુષ્યોને છોડતો નથી: "

" મહારાજ ! આપનું કહેવું અંશેઅંશ સત્ય છે, "

" ક્ષમા કરજે. ઓ પવિત્ર સુંદરી " આપ કૃપા કરી જણાવશો કે આપનું નિવાસ સ્થાન ક્યાં આવ્યું ? આપની મુખશ્રી એમ જણાવે છે જે આપ કોઇ ભાગ્યશાળી અને ઉત્તમ કુટુંબનાં છો ! "

મહારાજ ! આ હત ભાગિનીનું નિવાસ સ્થાન રાયદુર્ગ છે! "

" અને આપની જ્ઞાતિ ? "

" જ્ઞાતિ; મહારાજ ? વૈશ્ય ! "

" આપના પતિનું નામ આપી શકશો ? નહિંતો શ્વસુરનું ? સુંદરી માફ કરજે, મારે પુછવાનું ખાસ પ્રયોજન છે.

" મહારાજ સરોજ કુમાર એ આ અભાગણીના સૌભાગ્ય સંભારનું નામાભિધાન છે. " અહિં તેના ચક્ષુમાંથી અશ્રુ સરી પડ્યાં.

" હે ! સરોજકુમાર રાયદુર્ગ વાળા ? "

" મહારાજ ? કેમ ચમક્યા ? "

" ભગવતી ! એતો સહજજ ! આ નામ મને અતિ પરિચિત છે ! હું જાણું છું એ મુંબઇમાં...... " અહિં મહારાજ જરા વિચારમાં પડી બોલતા અટક્યા.

" મહારાજ ! ક્ષમા કરો ! એકજ પ્રશ્ન. શું ત્યારે મારૂં સૌભાગ્ય હજુ આબાદ છે ? " અધીરાઇથીજ પતિ પરાયણા સુંદરીએ પ્રશ્ન કર્યો.

" હું ધારૂં છું " મહારાજે વિચારમાંજ ઉત્તર આપ્યો.

" અહા પ્રભુ, ગુરૂદેવ ! ધન્ય આજનો દિન જય ગુરૂદેવ. પણ મહારાજ...... "

અહિં તેનામાં ઉન્માદનો ઢંગ દેખાતાં મહારાજે ગંભિરતા ધારણ કરી કહ્યું.

" પ્રભુ તમોને સહાય કરે અને તમારૂં સૌભાગ્ય તમોને પાછું મળે ! તમો દિલને શાંત રાખો. હાલ તમો રાજ્ય મહેલમાં ચાલો, ત્યાં મારી ભગિનિની માફકજ તમારી સંભાળ લેવામાં આવશે. બધી બાબતનો તપાસ પણ ત્યાંથીજ થશે. દુષ્ટને યોગ્ય શાસન મળશે અને સતિની દરેક ઇચ્છાને અનુસરવામાં આવશે. "

પણ મહારાજ ! મને અધીરી ન બનાવો. મારો સ્વામિ હયાત છે એટલીજ મને વધાઇ આપો ! હું શાન્ત છું, મહારાજ કૃપા કરીને સત્વર કહો નહિ તો હવે હું અધીરાઇથી મરી જઇશ. "

" પ્રભુએ તારા સૌભાગ્યનું રક્ષણ કર્યું છે, એમજ માન અને હૃદયમાં અન્ય શંકાને સ્થાન નહિ આપ. "

" મહારાજ ! આમ ગર્ભિત વાત શા માટે કરોછો. જો મારો સરોજ હયાત હોય તો મારે અન્ય એકજ ઇચ્છા રહે છે તે પાર પાડો. આ પાપી હરિદાસને બંધન મુક્ત કરો. "

"અરે આ શું બોલો છો ! આખર સ્ત્રી તે સ્ત્રીજ ! પાપી વિષયી દુરાત્માને મુક્તિ ?"

"મહારાજ ! અમો અબળાની બુદ્ધિ ઓછી એ વાત આપની સત્ય. કિંતુ અપકારના બદલામાં ઉપકાર કરવો એ આપણું કર્તવ્ય છે. મહારાજ એને મુક્ત કરો અને પશ્ચાતાપ કરવા તક આપો"

"અશક્ય ! અસંભવિત ! મારા રાજ્યનો કાયદો એમ કરવા છુટી આપતો નથી."

"મહારાજ ! આપ નૃપતિ છો કાયદાનું બંધન આપને નડતું નથી"

"એ તમારી ભુલ છે. કાયદો રાજા અને પ્રજા બંન્નેને માટે છે. રાજા પણ કાયદા ઉપર પગ મુકી શકતો નથી."

"ધન્ય ધન્ય ! મહારાજ ! પણ ગુન્હેગાર ઉપર આટલો અનુગ્રહ તો કરી શકશો"

"બસ કરો રાજ્ય આજ્ઞા શિરો માન્ય છે. મારી આજ્ઞામાં હું ફેરફાર કરી શકતો નથી. માત્ર મારા રાજ્યનો પવિત્ર કાયદો તથા પ્રજા જનોનું પંચ (Jury) તેને નિર્દોષ જાહેર કરે તો હું લાચાર છું. આ દુષ્ટને તો દેહાંત દંડની સજા થવી જોઇએ" મહારાજે ગંભીર થઇ દ્રઢતા તથા ક્રોધ દર્શાવ્યો. "બહાદુરસીંહ આ દુષ્ટને સત્વર લઇ જાઓ અને આ પવિત્ર પતિવ્રતાને ગાડીમાં બેસાડી માન સહિત રંગ મહેલમાં લાવો, યાદ રાખો એ મારી ભાગિની સમ છે અને એજ માનથી તેની સાથે વર્તવાનું છે !"

" મહારાજ એક મારી વિજ્ઞપ્તિ છે "

" કહો, તમારી પ્રત્યેક ઇચ્છા પરિપુર્ણ કરવામાં આવશે. "

" મહારાજ ! જે વૃદ્ધ સ્ત્રીએ મારા ઉદ્ધાર માટે આટલો પ્રયાસ કર્યો તેને હું મારી સાથે રાખવા ઇચ્છા ધરાવું છું. પછી જેવી મહારાજની આજ્ઞા ! "

" ઘણી ખુશીથી. તમારી ઇચ્છા મુજબ વર્તવા તમોને દરેક છુટ છે. હવે હું જાઉં છું; તમો બ્હાદુરસિંહની સાથે નિરાંતે આવજો. "

આમ બોલી આ ન્યાયી નૃપતિ બહાર નીકળી ઘોડેસવાર થઇ એકલોજ નવીન દુર્ગ પ્રતિ ઉપડી ગયો.

વાચક બન્ધુઓ, આનું નામ તે રાજા! ધન્યછે એભુમીને અને એ ભુમીના વસનારાઓને કે તેનો ઉપર આવા નિર્મળ ન્યાય વાળા નૃપતિઓ છે. પ્રભુ આ આર્યાવર્તમાં એવા નૃપતિઓ ઉત્પન્ન કરે ! ! અસ્તુ.

પ્રકરણ ૧૧ મું

સરોજ અને લલિતા

" વજ્રથી એ ઘણાં કઠણ, પુષ્પથી પણ કોમળાં. અહા એવા મહાત્માનાં, કો જાણે ચીતને ખરા. "

ઉત્તર રામ ચરિત

પ્રિય વાચક વૃંદ ! આજે મનોહર મુંબઇમાં કોટના એમ્પાયર થીએટરમાં 'મદાલસા'નો નાટક ભજવી બતાવવાનો છે. રાત્રીના સાડા નવ બજવાનો સુમાર થવા આવ્યો છે. હાઉસ ચીકાર ભરાઇ ગયું છે, થીએટર વીજળીક રોશનીથી ઝળાં ઝળાં થઇ રહ્યું છે. વીજળીથી ચાલતા પંખાઓ ફરરર ફરરર પવન નાખી રહ્યા છે. સર્વત્ર આનંદ અને ઉત્સાહ વર્તી રહયો છે. મુંબઇની પચરંગી પ્રજાના નવેરંગી ડરેસો ચિત્તને આકર્ષણ કરી રહ્યા છે; ટુંકમાં આજે આ નાટય ભુવન ઇન્દ્રના વિલાસ ભુવનને લજ્જિત કરી અનુરૂપ મુમ્બા પુરીની કીર્તિ અને ગૌરવનું દર્શન કરાવી રહ્યું છે. એક ટકોરી થઇ. લોકો પોત પોતાની બેઠકો સંભાળવા લાગ્યા ઘડી વાર પછી બીજી થઇ અને સર્વ શાન્ત થઇ પોત પોતાને સ્થળે બેઠા. ત્રીજી ટકોરીને થોડીજ વાર હતી એટલામાં જુઓ: ઓરચેષ્ટ્રામાં આવવાના દ્વારમાંથી કોણ પ્રવેશ કરે છે? અરે એ તો પ્રીયંવદાનો સરોજ, અને તેની સાથેની પેલી મનોરમા પુતળી? તેજ લક્ષ્મિદાસ શેઠની લલિતા. તેઓ બન્ને રીઝર્ડ કરેલી એક બોકસમાં ગોઠવાયાં. લાવણ્યવંતિ લલિતાએ પોતાના ચપળ નયનો અહિં તહિં આજુ બાજુ ફેરવ્યાં. કોમળ હસ્તમાંના સુંદર જેપાનિઝ પંખાને જરા મુખ ઉપર આમતેમ હીલાવ્યો, અને પછી સરોજના સામે દ્રષ્ટી કરી બોલી—

"સરોજ, મારા પિતાના સ્વર્ગવાસ પછી મને કયાંએ ચેન પડતું ન હતું, પણ આજે આ નાટકશાળામાં આવવાથી અને આ સમુદાય જોવાથી મને આનંદ થયો છે."

"પ્રીયે" સરોજે કહ્યું (વાંચકો ! કેમ આભા બની ગયા ? શું સંદેહમાં પડ્યા ? હા, એ સરોજની પ્રિયા પ્રિયતમાં હતી—બની હતી) તને આનંદમાં જોઇ હું પ્રસન્ન થાઉં છુ. હજુ જ્યારે મદાલસાનો આ નાટક ભજવાતો જોઇશ ત્યારે તો અત્યંત આનંદ થશે."

"વ્હાલા સરોજ, પતિ પરાયણા મહાદેવી સતિ મદાલસાના ઉત્તમ ચરિતનું દર્શન કયા હીનભાગીને આનંદ અને ઉપદેશ ન આપે ?"

આ વાર્તાલાપ થતો હતો દરમ્યાનમાં ત્રીજી ટકોરી થઇ પડદો ઉપડ્યો અને નાટક શરૂ થયું. આ દંપતીનું ધ્યાન પણ તેમાં ચોટ્યું. વાચક મિત્રો, વખત ઝપાટાબંધ પસાર થતો જાય છે. પડદા પછી પડદા ઉપડવા લાગ્યા. પાત્રો પછી પાત્રો પાઠ ભજવવા લાગ્યા. અને અંક પછી અંક પણ પુર્ણ થવા લાગ્યા. છેલ્લો અંક શરૂ થયો. લલિતાનું ધ્યાનતો નાટકમાં બરોબર ચોટેલું હતું, કિંતુ સરોજની દશા બદલાતી જતી હતી. જુઓ

"ધિક્કાર છે, ઓ બેવફા સરોજ ! પતિ પરાયણા પ્રિયંવદાનો ત્યાગ ! અહા ! કુમાર ઋતુંધ્વજ તને ધન્ય છે." આમ બોલતો તે બેઠક ઉપર ઢળી પડયો તેની આંખો ફાટી રહી, અને તે જડના અચેતન અવસ્થામાં આવી પડયો હતો.

"સરોજ! જુઓની, ઋતુધ્વજનો પ્રેમ પણ મદાલસાને ટક્કર મારે તેવો જણાય છે." નિર્દોષ લલિતા સરોજના સામું નજર ઠેરાવી બોલી, કિંતુ ઉત્તર કોણ દે? "સરોજ! સરોજ! આ શું? નિદ્રા આવી ગઇ? અરે ના, આની આંખો આમ કાં? ઓ સરોજ તમોને શું થયું? આમ કરી તેણે ચીસ નાખી. પાસેના પ્રેક્ષક મહરથો મેનેજર વિગેરે દોડતા આવ્યા. નાટક ઘડીક બંધ રહ્યું! ઘણા શીતોપચાર કર્યા ત્યારે તે જાગૃત થયો! આંખો ખોલી નબળે અવાજે તે બોલ્યો "મને જલદી ઘેર લઇ જાઓ" તુરતજ ઘેર લઇ ગયા! લલિતા બિચારી તેની સારવાર કરવા લાગી, અને વારંવાર પોતાના વ્હાલા સરોજની આ દશા જોઇ રોવા લાગી. દિવસ પછી દિવસ જવા લાગ્યા પણ સરોજનું શરીર દીન પ્રતિદિન ક્ષીણ થતું ગયું. જુઓ! આજે તે આ પ્રખ્યાત "લલિતા કોટેજ" ના એક રમ્ય દિવાનખાનામાં પલંગ ઉપર પડેલો છે, તેનો ચ્હેરો ફીકો પડી ગયો છે, આંખો ઊંડી ઉતરી ગઇ છે, પાસે લલિતા હાથમાં પંખો લઇ બેઠેલી છે.

"પ્રિયંવદા!" તે બોલ્યો "તું મદાલસા થઇ, કિંતુ હું ઋતુધ્વજ બની શક્યો નહિં. અરે ધિક્કાર છે મારા અભાગી જીવનને! અરેરે! આ જીવન કેમ નષ્ટ થતું નથી?

મમ જીવન આમ ગયું પલટી,
મમ પ્રિય યદિ દુઃખમાં મરતી!
નહિ શુદ્ધ મળી નહિ ભાન કંઇ.

મન માન સખી મૃત એજ અર્જી !
તજી શોધ તરુણી તણા સંગમાં,
સુખ માણી રહ્યો છઉં હું રંગમાં !
કર માફ મનોહર નાર મને,
નમું પાય નમું કર માફ મને !

પ્રિયંવદા, દેવી, મને માફ કર તું મૃત હો કે જીવિત હો એની પૂર્ણ શોધ કર્યા પહેલાં, સ્વાર્થમાં ડુબી જઇ, લક્ષ્મિની લાલચમાં લોભાઇ, આ હતભાગી આનંદ માનવા લાગ્યો. બસ હવે હું એનું પ્રાયશ્ચિત કરીશ. જો પ્રિયંવદા મળે તો ભલે નહિં તો તેની પછવાડે ઝુરી ઝુરી મરીશ."

લલીતા—વ્હાલા સરોજ ! પ્રાણાધાર ! આપણે શોધ ચલાવીએ છીએ અને ગમે તે ભોગે પણ મારી પ્રિયંવદા બહેનને શોધી કાઢશું. માટે આપ શાન્ત થાઓ."

"લલિતે ! તારું કથન સત્ય છે. કિંતુ મારું મગજ શાન્ત થતું નથી."

" સરોજ, આપ સુજ્ઞ છો. વ્હાલા, હાલ મારું આપ વિના કોણ છે. ? મારા પિતાશ્રી—હાય ! તે પણ ગયા, અને આપ આક્રંદ કરો એ મારાથી કેમ સહન થાય !" આમ બોલી લલિતા ડુસકાં ભરવા લાગી.

સરોજને દયા આવી—" લલિતા, મારી તું કંઇ મને અજાણ નથી. ગભરા નહિ, હું શાન્ત છું. મનોવ્યાધિથી હું હેરાન છું. તો પણ શાન્ત થા ! ગભરા નહિં ! મીઠી ! મને ઠીક થઇ જશે હો. આમ કહી કોમળાંગી લલિતાને પોતાના નબળા હાથથી ખેંચી પોતાના ગુલાબી ગાલ ઉપર એક મિષ્ટ ચુંબન લીધું

દરમ્યાનમા નોકરે આવી જાહેર કર્યું :—

" મહારાજા સુધર્મસિંહ પધાર્યા છે, અને પુછે છે કે અંદર આવવા પરવાનગી છે કે ? "

"લલીતા ! જા અને મહારાજને અંદર તેડી લાવ, " તુરતજ લલીતા બહાર દોડી અને ઘડીકમાં મહારાજની સાથે અંદર આવી.

A'lo, Sarojkumar you are so weak? મહારાજા સુધર્મ સિંહે આવતાંજ પુછયું.

" મહારાજા સાહેબ ! હાલમાં મારી શરીર સ્થિતિ ઘણીજ ખરાબ છે, અને તેથીજ મહારાજ હું ઉઠી આપને આવકાર આપી શકયો નહિં ! " સરોજ કુમારે સુતાં સુતાંજ કહ્યું,

" કંઇ ફિકર નહિ ! એ તમારું કામ તમારી વતી મિસિસ સરોજ કુમારે બજાવ્યું છે. ! અને તે પણ સંતોષ કારક રીતે ! " મહારાજે હસતાં હસતાં કહ્યું

" આ એ પણ પતિનીજ પ્રતિમા છે એ સિદ્ધાંત ત્યારે તમો કબુલ રાખ્યો. " લલીતાએ ઉચ્ચાર કરી

"શાબાશ! પણ મારા મિત્ર સરોજ કુમાર, આપનું શરીર કેમ આટલું ક્ષીણ પડતું જાયછે ! આપને શું વ્યાધિ છે !"

"વ્યાધિ કે ! મહારાજ ! વ્યાધિતો શું છે તે સમજી શકતો નથી.! મારા મગજ ઉપર જબરો બોજો છે, અને હૃદય કોણ જાણે આ ભારથી કચરાએલું જણાયછે."

"ત્યારે તો કોઇ ઉંડી ગમગિની તમોને આ બધું દુઃખ ઉપજાવે છે."

"સત્ય કહ્યું મહારાજ !"

"પરંતુ મારી સલાહ તો શેઠ સાહેબ એવીછે કે તમારૂં દીલ હમેશે આનંદમાં રાખવા પ્રયત્ન કરવો, અને જુઓ જોઇએ તમારો રોગ ક્યાં નાશી જાય છે; કેમ આપનો શું અભિપ્રાય છે, મિસિસ સરોજ કુમાર!"

"Well said! બરાબર ! હાઇનેસનું કહેવું બરોબર અંશો અંશ સત્ય છે! કિંતું કોઈ પણ આનંદના કાર્યમાં કે પ્રસંગમાં તેઓનું દિલજ ખુચતું નથીં. અનેક પ્રયાસો કર્યા પણ વ્યર્થ !"

"અરે મિત્ર ! આવા હેવી હાર્ટેડ (Heavy hearted) કેમ થઈ ગયા છો ? Come along ! Have a trip with me and you shall find yourself happy ! (ચાલો મારી સાથે મારે ત્યાં મુસાફરી કરવા અને તમોને આનંદ મળશે !)

"મિત્રવર મહારાજ! જ્યારથી મેં મારી પ્રિયંવદાને ગુમાવી છે ત્યારથીજ મને મુસાફરી જવું પસંદ નથી."

"ડીઅર આમ તે શું કરતા હશો ? એ તો સમુદ્રની મુસાફરી અને આ જમીનની ! વળી મહારાજા સાહેબ આપણે માટે દરેક ગોઠવણ કરશે; માટે મહારાજને પ્રોમિસ કરો ! તમારી તબીયતને માટે આ મુસાફરી સારો ઇલાજ નીવડશે."

"જુઓ શેઠ ! આપની અને મારી મિત્રાચારીનો સંબંધ થયા પછી વારંવાર આપની મહેમાનગિરીનો મેં લાભ લીધો છે તો તમારે આ મારૂં આમંત્રણ સ્વીકારવું જોઇએ. નિશ્ચય હું કહું છું જે તમોને ત્યાં આનંદ મળશે !"

"આનંદ ! મારા મિત્ર ! O ! There is not a single soul in the universe but Priyamvada who can afford me pleasre." (વિશ્વમાં પ્રિયંવદા સિવાય એક પણ જીવ એવો નથી કે જે મને આનંદ આપી શકે.

"And not even your dearest Lalita ? see, your Highness, please, how harsh your frieud is unto me ?" (અને તમારી પ્રિયતમ લલીતા નહિં કે ? જુઓ, મહારાજ ! તમારા મિત્ર મારા પ્રત્યે કેટલો નિદય છે ?) લલીતાને ઓછું આવ્યું.

"તું પણ મને કાંઇ અપ્રીય નથી." સરોજે ઠંડું પાણી છાંટયું"

"જો હું અપ્રીય નથી તો પ્રીયતો છુંજ, ત્યારે મારા ખાતર મારા પ્રેમની સાબેતી ખાતર, મહારાજનું વચન માન્ય રાખો".

સરોજ કુમાર આવ્યા!

"અને સરોજ શેઠ! મહારાજે કહ્યું "તમો ત્યાં આવશો તો તમને આનંદ નહિતો શાન્તિ તો મળશેજ. કારણ કે મારે ત્યાં દેવી ભગવતીનો એક સુંદર આશ્રમ છે. ત્યાં તે સાધ્વી હમેશાં હજારો મનુષ્યોને ઉપદેશ આપે છે, કે જેથી તેઓના મલિન અંતઃકરણની શુદ્ધિ થાય છે; વળી સ્ત્રી સમાજની ઉન્નતિ એ એનું દ્રષ્ટિ બિન્દુ છે.

"હા મહારાજ ગયા અઠવાડીયામાં મેં વર્તમાન પત્રમાં દેવી ભગવતીના આશ્રમ વિશે વચ્યું હતું ખરું! વારૂ મહારાજા સાહેબ એ દેવી ક્યાંના નિવાસી છે તે આપ જાણોછો?"

"ના જી" ટુંકોજ ઉત્તર મળ્યો.

"એ સાધ્વી તો ઘણાં વયો વૃદ્ધ હશે. કેમ મહારાજ." અંતરમાં કંઇક ઉંડી જીજ્ઞાસાથી સરોજે પુછ્યું.

"વયોવૃદ્ધ તો નહિ પણ જ્ઞાન વૃદ્ધ છે ખરાં. ખરેજ, લલીતા દેવી ભગવતી એ તો સાક્ષાત જુગદંબાજ છે;"

"આવા આશ્રમમાં જવાથી સરોજ વ્હાલા તમોને ઘણી શાન્તિ થશે." લલીતાએ પુનઃ ભલામણ કરી.

જ્યારે મહારાજનો તથા તારો આટલો આગ્રહછે ત્યારે હું આ આમંત્રણ સ્વીકારું છુ.

"Thank you my dearest friend"

આ પ્રમાણે ગોઠવણ થયા પછી અનેક પ્રકારનો વાર્તાલાપ ચાલ્યો. ખરખરા થઈ, પરંતુ આપણે તેની સાથે સંબંધ નથી. આપણે તો જાણવું જોઈએ કે આ તાંતણો કેમ રચાયો.

અંતે પ્રિયંવદાએ પોતાનું હૃદય દૃઢ કર્યું. સ્વામી સુખી છે એ પણ સંતોષ, એમ માની પોતાનું મન વાળ્યું; અને ગુરુ દેવની આજ્ઞા અનુસાર પરોપકાર મય જીવન ગાળવા નિશ્ચય કર્યો ! સ્વામીની પાસે જઈશ તો કદાપિ તેને હું દુઃખ રૂપ નિવડીશ આ ભય થી ત્યાં જવાનું તો માંડીજ વાળ્યું. ગુરૂદેવની ઈચ્છા આ પ્રમાણેજ હોવી જોઈએ. પરોપકારમય જીવન ગાળવાનો માર્ગ તો ગુરૂદેવેજ દર્શાવી દીધો હતો. તે મુજબ એક સુંદર આશ્રમ બાંધી તેમાં અંધકારના સાગરમાં ડુબી મરતી સ્ત્રીઓને જ્ઞાનોપદેશ કરી, તેઓની અવનત સ્થિતિમાંથી ઉન્નતિમાં આણવી, તેઓને વિદ્યા અને હુન્નર થી સુસંસ્કારી બનાવવી એ હવે તેણે પોતાનું દ્રષ્ટિ બિંદુ કર્યું ! આ કાર્ય મહાન હતું, દ્રવ્યની તેમાં પુર્ણ જરૂર હતી પણ ગુરૂએ ભાખેલા ભવિષ્ય મુજબ તે અટકી બેઠી નહિ. જ્યારે મહારાજા સુચંદ્રસિંહે તેનો આ ઉચ્ચ ઉત્તમ આશય જાણ્યો ત્યારે તે ઘણો પ્રસન્ન થયો. રાજ્યના ખર્ચે એક સુંદર આશ્રમ બાંધી આપ્યો. અનેક

પ્રકારના વૃક્ષો રોપી એક સુંદર બગીચો બનાવ્યો; તેના મધ્યમાં એક નાની પર્ણકુટીમાં પ્રિયંવદાએ દેવી ભગવતીના નામે નિવાસ કર્યો અને તેણે સંસારની મોહમાયાનો ત્યાગ કર્યો; પરોપકાર રૂપ અન્ય સતિની તેણે દિક્ષા લીધી. તેના સુંદર સ્વરૂપ, તેજસ્વી પ્રકાશમય મુખ, સ્વચ્છ પણ ભગવાં વસ્ત્રને લીધે શોભીતા શરીરમાંથી નીકળતો દીવ્ય જ્યોતિ સેંકડો સ્ત્રી પુરૂષોને તેના તરફ આકર્ષવા માડયો! મહારાજા પણ દિવસો જતાં આ પવિત્ર પતિવૃતા દેવીના શિષ્ય થયા અને તેથી દેવી ભગવતીનો આશ્રમની કીર્તિ દિન પ્રતિદીન સર્વ જગતમાં ફેલાવા લાગી.

મુંબઇ પુરી એ ઇલાકાના ગવર્નર સાહેબનું નિવાસ હોવાથી એ ઇલાકાના દરેક દેશી નૃપતિઓનું ત્યાં કંઇ કંઇ કાર્ય પ્રસંગે આવાગમન થાય છે. એ મુજબ મહારાજા સુધર્મસિંહને પણ ત્યાં વારંવાર જવાનું થતું ! મુંબઇના પ્રખ્યાત શેઠ લક્ષ્મિદાસ વ્રજભુખણદાસ જે. પી. ના નામથી કોઇ પણ દેસી નૃપતિઓ અજ્ઞાત હતા નહિ. સર્વને તેની સાથે વારંવાર કામ પ્રસંગ પડતો, અને સઉ તેના દિલાવર દિલની સરભરા અનેક વખત ચાખી આવેલા હતા. સુધર્મસિંહ મહારાજ ઉપર તેઓને પુર્ણ પ્રીતી હતી. સરોજ કુમારની સાથે તો મહારાજની ઘણીજ પ્રીતિ બંધાએલી હતી. લક્ષ્મિદાસ

"Thank you my dearest friend"

આ પ્રમાણે ગોઠવણુ થયા પછી અનેક પ્રકારનો વાર્તા લાપ ચા-લ્યો. સરભરા થઇ, પરંતુ આપણે તેની સાથે સંબંધ નથી. આ પણે તો જાણવું જોઇએ કે આ તાંતણો કેમ રચાયો.

મુંબઇ પુરી એ ઇલાકાના ગવર્નર સાહેબનું નિવાસ હોવાથી એ ઇલાકાના દરેક દેશી નૃપતિઓનું ત્યાં કંઇ કંઇ કાર્ય પ્રસંગે આ વાગમન થાય છે. એ મુજબ મહારાજા સુધર્મસિંહને પણ ત્યાં વા રંવાર જવાનું થતું ! મુંબઇના પ્રખ્યાત શેઠ લક્ષ્મિદાસ વજ્રભૂખણ દાસ જે. પી. ના નામથી કોઇ પણ દેસી નૃપતિઓ અજ્ઞાત હતા નહિ. સર્વને તેના સાથે વારંવાર કામ પ્રસંગ પડતો, અને સઉ તેના દિલાવર દિલની સરભરા અનેક વખત ચાખી આવેલા હતા. સુધર્મસિંહ મહારાજ ઉપર તેઓને પુર્ણ પ્રીતી હતી. સરોજ કુમાર ની સાથે તો મહારાજની ઘણીજ પ્રીતિ બંધાએલી હતી. લક્ષ્મિદાસ શેઠના મૃત્યુ પછી પણ સારી રીતે તે ઘરની સાથે મહારાજનો સંબં ધ ચાલુ રહ્યો એટલુંજ નહિ બલકે દ્રઢતર થયો ! લલિતા પણ તે ની સાથે અતિ પરિચીત હતી.? પ્રિયંવદાની હકીકતની તેને જાણ હ તી અને આથીજ જ્યારે પ્રિયંવદાના મ્હોમાંથી સરોજ કુમારનું ના મ સાંભળ્યું ત્યારે મહારાજ ચમક્યા હતા ! પ્રિયંવદાનો ઉદ્ધાર થયા પછી મહારાજાએ તેની પાસે આ બાબતનો પડદો ખુલ્યો હતો. અ-ર્થાત સરોજના વૃત્તાંતથી વાકેફ કરી હતી ! સરોજ કુમાર જીવતા છે ! સુખી છે ! શ્રીમંત છે ! કીર્તિવંત છે ! એ સાંભળી સતિના દિલમાં કેટલો સંતોષ ! કેટલો આનંદ થયો હશે ? પરંતુ જ્યારે તેણે જાણ્યું

કે સરોજ પરણ્યા છે. સરોજે અન્ય સ્ત્રીને ગ્રહણ કરી છે, ત્યારે તેના દિલમાં કેવો કારી જખમ થયો હશે! પ્રથમ તો આ પરમ પતિવ્રતા સ્ત્રીએ માન્યુંજ નહિં પણ જ્યારે મહારાજાએ પત્રો વિગેરેનાં પ્રત્યક્ષ પ્રમાણ આપ્યાં ત્યારે માન્યા વગર ચાલ્યું નહિં! " અરે! ત્યારે અંતે સરોજ પરાયા થયા! શું પ્રિયંવદા સરોજના અંતઃકરણમાંથી ખસી ગઇ! હરિ હરિ! આ હું શું શ્રવણ કરું છું? " આ પ્રમાણે કલ્પાંત કરવા લાગી. તેને અત્યંત ઓછું આવી ગયું. પરંતુ મહારાજે જ્યારે કહ્યું જે લગ્ન કર્યા છતાં પણ સરોજના હૃદયમાંથી પ્રિયંવદા ખસી નથી ત્યારે તેને સંતોષ થયો; તો પણ તે રાત્રિ તેણે અત્યંત દુઃખમાં કાઢી.!

અંતે પ્રિયંવદાએ પોતાનું હૃદય દૃઢ કર્યું. સ્વામી સુખી છે તો પણ સંતોષ, એમ માની, પોતાનું મન વાળ્યું; અને ગુરૂ દેવની આજ્ઞા અનુસાર પરોપકાર મય જીવન ગાળવા નિશ્ચય કર્યો! સ્વામીની પાસે જઇશ તો કદાપિ તેને હું દુઃખ રૂપ નિવડીશ આ ભયથી ત્યાં જવાનું તો માંડી વાળ્યું. ગુરૂદેવની ઇચ્છા આ પ્રમાણેજ હોવી જોઇએ. પરોપકારમય જીવન ગાળવાનો માર્ગ તો ગુરૂદેવેજ દર્શાવી દીધો હતો. તે મુજબ એક સુંદર આશ્રમ બાંધી તેમાં અંધકારના સાગરમાં ડુબી મરતી સ્ત્રીઓને જ્ઞાનોપદેશ કરી, તેઓની અવનત સ્થિતિમાંથી ઉન્નતિમાં આણવી, તેઓને વિદ્યા અને હુન્નરથી સુસંસ્કારી બનાવવી એ હવે તેણે પોતાનું દૃષ્ટિબિંદુ કર્યું! આ કાર્ય મહાન હતું, ઉણપની તેમાં પુર્ણ જરૂર હતી પણ ગુરૂએ ભાખેલા ભવિષ્ય મુજબ તે આટકી બેઠી નહિ. જ્યારે મહારાજા સુધર્મસિંહે તેનો આ ઉચ્ચ ઉ-

તમ આશય જાણ્યો ત્યારે તે ઘણા પ્રસન્ન થયો. રાજ્યના ખર્ચે એક સુંદર આશ્રમ બાંધી આપ્યો. અનેક પ્રકારના વૃક્ષો રોપી એક સુંદર બગીચો બનાવ્યો; તેના મધ્યમાં એક નાની પર્ણકુટીમાં પવિત્ર દાંમી દેવી ભગવતીના નામે નિવાસ કર્યો; પરોપકારરૂપ અન્ય સતિની તેણે દિક્ષા લીધી. તેના સુંદર સ્વરૂપ, તેજસ્વી પ્રકાશમય મુખ, સ્વચ્છ પણ ભગવાં વસ્ત્રને લીધે શોભીતા શરીરમાંથી નીકળતો દીવ્ય જ્યોતિ સંકડો સ્ત્રી પુરૂષોને તેના તરફ આકર્ષવા માંડયો ! મહારાજા પણ દિવસો જતાં આ પવિત્ર પતિવૃતા દેવીના શિષ્ય થયા, અને તેથી દેવી ભગવતીના આશ્રમની કીર્તિ દિન પ્રતિદીન સર્વ જગતમાં ફેલાવા લાગી.

પ્રાતઃકાળમાં પોતાના નિત્ય કર્મમાંથી તથા પુજા પાઠમાંથી નિવૃત થઇ, દેવીશ્રી આઠ બજ્યાને શુમારે એક વૃક્ષ નીચે ગાદડી નાખી બીરાજતાં અને સર્વ શિષ્યાઓ, જેઓ ત્યાં બાંધેલી અનેક પર્ણકુટીઓમાંજ રહેતી હતી તેઓ ત્યાં હાજર થતી. દેવી આ વખતે પતિવૃતા સતી સ્ત્રીઓ વિશે વ્યાખ્યાન આપતાં. એક કલાક બાદ ઘંટડી થતાંજ દરેક શિષ્યાઓ, સામેજ એક મહારાજાએ બાંધી આપેલી શાળા હતી તેમાં વિદ્યાભ્યાસ માટે જતી હતી. અહિં દેવીશ્રીની ખાસ દેખરેખ નીચે ઉતમ શિક્ષણ અપાતું. ભણેલી સુશિક્ષિત શિષ્યાઓ શિક્ષણ આપવાનું કામ કરતી હતી. બે કલાક અહિં કામ ચાલતું. ત્યાર બાદ સર્વને છુટી મળતી. સર્વ શિષ્યાઓ ભોજન મંડપમાં જમવા જતી. દેવી ભગવતી પોતે પણ સર્વની સાથે ભોજન લેતાં. ભોજન ઘણુંજ સાદું પણ સ્વાદીષ્ટ આપવામાં આવતું, ભોજન થયા બાદ આરામ આપવામાં આવતો જે સમયે

પણ દરેક શિષ્યાઓ કોઇ વાંચવામાં, કોઇ ભરવા ગુંથવામાં, કોઇ આશ્રમ સાફ સુફ કરવામાં, વળગી જતી. દિવસની નિંદ્રાનો અહિં નિષેધ હતો. ચાર બજ્યાના શુમારે સર્વ શાળામાં જતી. ત્યાંથી નિયમ અનુસાર શિક્ષણ દોઢ કલાક આપવામાં આવતું હતું. ત્યાર બાદ દેવી સહ સર્વ શિષ્યાઓ વાટીકામાં ફરતી. પ્રત્યેક વૃક્ષ તથા રોપાઓ ઓળખતાં શિખતી, સુંદર પુષ્પો તથા કુમળા રોપાઓ ઉપરથી તે તેઓને ઉપદેશ કરતી.

" બહેનો! ગુલાબના જેવા સુંદર સુવા સમય બનો પણ કાંટાઓનો ત્યાગ કરો ! " ઇત્યાદી. આ પ્રમાણે વાટિકામાં પર્યટન કર્યા પછી તે સુંદર વટ વૃક્ષ નીચે સભા ભરાતી જ્યાં રામાયણ કે ગીતા વાંચવામાં આવતી. તેના ઉપર અનેક પ્રકારના પ્રશ્નોત્તર થતા, અને સર્વ આનંદમય બની જતાં, દેવી પોતે રાત્રીએ ભોજન લેતાં ન હતાં છતાં બીજાને મના હતી નહી. તોપણ રાત્રીએ ભોજન લેનારની સંખ્યા બહુજ જુજ હતી. રાત્રી સમયે પ્રભુના ભજન કિર્તન થતાં અને તે ભજન પણ એક આ વિશ્વના રચનાર સમર્થ સરજનહાર પ્રભુનાજ કરવામાં આવતા હતા. નામને માટે લડી મરવાનું કંઇ કારણ ન હતું; કેમકે દેવીના બનાવેલાં કિર્તનમાં રામ કૃષ્ણ કે એવું કંઇ નામ જણાવવામાં આવતું નહિ. ટુંકામાં પરોપકાર અને પ્રેમમય જીવન ગાળવું એ અહિઆં સર્વનું કર્તવ્ય હતું. આ આશ્રમ જો કે ખાસ સ્ત્રીઓને માટે હતો તો પણ પુરૂષ વર્ગને દિવસના ભાગમાં અહિ આવી દર્શન કરવા કે ઉપદેશ સાંભળવા મના ન હતી. દેવીના કૃપાકાંક્ષી કોઇ પણ મનુસ્યને નિરાશા મળતી ન હતી.

આવું ઉત્તમ જીવન ગાળવા છતાં ભગવતી એ પણ આખરે એક સ્ત્રીજ હતી. સ્ત્રીનું હૃદય નબળું હોયછે. પતિ તરફનો તેઓનો પ્રેમ અપ્રતિમ હોય છે. ગમે તેવી વિરાગી સ્થિતિમાં પણ પતિનો વિયોગ તેને સાલ્યા કરે છે, અને એ કાંઇ દોષ પણ નથી. પીયંવદાની પણ એજ દશા હતી.

એક વખત મધ્યાન્હ સમયે દેવી પોતાની પર્ણકુટીમાં એકલાંજ બેઠાં હતાં. સામે રામાયણનું પુસ્તક પડયું હતું તે વાંચવા યત્ન ક રેતાં હતાં. છતાં દીલ તેમાં ખુચતું નહતું. દ્રષ્ટી તેપર ઠરતી નહતી. તેને કંઇ વીચાર આવ્યો—સ્મૃતી થઇ અને તેના ચક્ષુમાંથી અશ્રુ પ્ર વાહ ચાલી નીકળ્યો ! હૃદય ધબકવા લાગ્યું ! અને ડુસકાં ભરવા લાગ્યું એજ સમયે મહારાજા સુધર્મસીંહ ત્યાં આવી લાગ્યા. દેવીની આ સ્થીતી જોતાં તેણે પુછયું ! !

"દેવી પ્રણામ કરૂં છું ! આમ કેમ આજ, ?"

"પધારો મહારાજ ! એ તો અંતરની દાઝ !"

"દેવી ! માફ કરો આજે તમારા અંતરમાં શું થાય છે ?"

"એ તો સંસારની માયામાં જાણે જીવ ફસાયછે !"

"શું દેવી ભગવતી પણ આમ ધૈર્ય છોડી જાય છે ?"

"નહિ બંધુ ! એ તો હૃદયની દ્રઢતા કસાય છે."

"દેવી ! આપને દુઃખી દેખી આ સેવકનું દીલ દુઃખાય છે !"

"બંધુ ! મારા હૃદયના દુઃખનો થોડો કંઇ ઉપાય છે ?"

"દેવી ! આપનું દુઃખ દુર કરવા કહો એટલી સેવક લાયક છે !"

"બંધુ

હૃદયના દુઃખની વાતો હૃદય, અન્ય કો જાણે
તે જણાવું અન્યનેતો એ નહિ તું અંત એ આણે "

"દેવીની ઇચ્છા પુર્ણ કરવા કયો પાપી પછાત પડશે ?"

"ત્યારે શું તું આ હત ભાગિનીની આશ પુરી કરશે ?"

"આપનું કાર્ય કરતાં સેવક શીર ગુમાવતાં પણ નહી ડરશે?"

"શાબાશ ! સુધર્મસીંહ મહારાજ ! શાબાશ !"

"મહારાજ નહિ ! હું તો દેવીનો એક રંક દાસ !"

"મહા પુરૂષોના દિલ એવાંજ હોયછે."

"એ વાત છોડો ! મારી બ્હેની પ્રિયંવદા કેમ રોયછે?"

"પતિ દર્શનની પ્રિયંવદાને હજુ મુરાદ છે."

"અરે એ શી મોટી વિસાત છે?"

"ત્યારે શું એ થશે !"

"સેવક કાલેજ મુંબઇ જશે—સરોજ અહીંઆં આવશે અને મ્હારી પવીત્ર બ્હેનના દીલને આરામ આપશે."

"એ શી રીતે"

"એ યોજના હું કરી લઇશ. ગમે તે રસ્તો કરી સરોજ કુમારને હું લાવીશ. દેવીની આજ્ઞા બજાવી લઇશ."

"એક વખત સ્વામીનાં દર્શન કરી કૃતાર્થ થઇશ અને પછી આ મારા ઉચ્ચ કાર્યમાં મચી રહીશ"

પ્રિય વાંચક! આ પછી મહારાજાએ સરોજ કુમારને અત્રે લાવવાનો સંજોગ કેવી રીતે રચ્યો એ તમે જાણો છો.

પ્રકરણ ૧૨ મું

પ્રિયંવદાને પતિ દર્શન

દર્શન દારાને દુનિયામાં, સ્વામીતણું છે સુખ ભરું.
ધિક જીવતર જોબન વંતીનું, વિયોગ દુખમાં દિલ બળ્યું.

નવિન દુર્ગના મધ્યમાં આવેલા એક સુંદર ચોકમાં આવેલું અનુપમ પ્રજા ભુવન આજે કંઇ પ્રવૃતિમય જણાય છે. ભુવનને અંદર ધ્વજા પતાકાથી શણુગારવામાં આવ્યું છે. કંપાઉંડમાં જ્યાં આસ પાસ શીતળ જળનો છંટકાવ કરી દેવામાં આવ્યો છે, કમ્પાઉંડમાંનો નાનો બગીચો તેના મધ્યમાં આવેલા એક સુંદર ફુવારામાંથી ઉડતાં જલ બિંદુઓથી અલૌકિક સ્વરૂપ દર્શન આપતો હતો. બપોર પછી ત્રણ બજવાના વખતે સંખ્યાબંધ મનુષ્યો આ ભુવન તરફ આવવા લાગ્યા હતા. સ્ત્રી અને પુરૂષો બંને સાથે આનંદમાં કલોલ કરતા આ ભુવનમાં પ્રવેશ કરતા માલુમ પડતા હતા ! વાંચક બંધુઓ ! આજે શ્રીમતી દેવી ભગવતી, "જૈન સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ" એ વિષે વ્યાખ્યાન આપવાનાં છે ! મહારાજા સુધર્મસિંહ પ્રમુખ સ્થાને બિરાજવાના છે. આથી દેવીશ્રીના સેંકડો શિષ્યો તથા શિષ્યાઓ તથા પુર નિવાસી જનો પ્રજા ભુવનમાં ઉભરાવા લાગ્યા છે, ! સેંકડો અશ્વ રથો તથા મોટર ગાડીઓની કમ્પાઉંડની પાસે ઠઠ જામી ગઈ હતી. ચાલો આપણે પણ

અંદર પ્રવેશ કરીએ. આ વિશાળ ભુવન જુઓ! પ્રેક્ષક મિત્રો! મનુષ્યોથી ઉભરાઇ જાય છે,! ખુરશીઓ ભરચક ભરાઇ ગઇ છે! આપણે અહિંજ ઉભા રહીશું, જુઓ! સામેના ઘડીઆળમાં ક. ૪ મી. ૫૫ થયાં જણાય છે. લોકો ખુરશી ઉપરથી ઉંચા નીચા થવા લાગ્યા! ઓસરીમાંથી તાલીના ગડ ગડાટની શરૂઆત થઇ, અને ક્ષણ વારમાં આ વિશાળ હોલ તાલીઓના અવાજથી ગાજી રહ્યો,! કા રણ જુઓની! આતો મહારાજા સુધર્મસિંહ પધાર્યા જ-ણાય છે! સાથે સરોજ કુમાર અને લલિતા મંદ સ્વરે વાતો કરતાં ચાલે છે.! જુઓ સામેની ઉંચી બાંધેલી બેઠક ઉપર એક સુવર્ણાસન પર મહારાજા તથા સરોજ કુમાર બિરાજ્યા. બાજુમાં લલિતા એક સુંદર ખુરશી ઉપર બેઠી. હજુ તેઓએ પોતાના આસન લીધા ન લીધાં દરમ્યાન જય! જય! દેવી ભગવતી કી જય! ના અવાજ થયા! તાલીઓના ગડ ગડાટને લીધે કંઇ પણ સંભ-ળાતું નથી,! લોકો ઉંચા થઇ થઇ જોવા લાગ્યા! અહા! દેવી ભગવતીએ સફેદ સ્વચ્છ વસ્ત્રો પરિધાન કરેલાં છે, શરીર પર ભસ્મ લગાવેલી છે. તેના વિશાળ કપાળમાં એક ઘણોજ ઝીણો કુંકુમનો ચાંલ્લો કરેલો છે, તેની સુંદર નિર્મળ મુખ મુદ્રામાંથી નિકળતો દિવ્ય સિતળ જ્યોતિ દર્શન કરનારાના હૃદયમાં સિતળતા પ્રસરાવતો હતો,! ધીમે ધીમે દેવીશ્રી આશિષ વર્ષાવતાં ભાવિક ભક્તોની દર્શ-નની ઇચ્છાઓ તૃપ્ત કરતાં, પોતાના આસન તરફ આગળ વધ્યા. મહારાજ તથા સરોજ કુમાર અને લલિતા પણ પોતાની ઉંચી બે-ઠક પરથી નીચે ઉતરી પ્રણામ કર્યા પણ સરોજને જોતાંજ "અરે આ......!" આમ ઉચ્ચાર કરતાંજ તેની આંખો તેના સામે ટાંકી

રહી. સરોજ પણ સામુંજ જોઇ રહ્યો. વાચક બંધુઓ જાતો "બળ ફુટો દ્રષ્ટ"!

પ્રિયંવદાએ પતિને પિછાણ્યો, સરોજને પણ શંકા તો થઇ પણ તે નહિ બેશીજ! સરોજ! આતો મારો સરોજ.!

ધન્ય ઘડી અરે ધન્ય ઘડી,
મમ સ્વામિ તણી મને ભાળ જડી
દોડ હ્રદય દિલ દોડ વળી,
જઇ આલિંગિ લે હર્ષ થકી.

અહા! આવા સમયમાં કઇ સ્ત્રીનું હ્રદય નબળું ન થઇ જાય? ગુમ થયેલા-મૃત મનાએલા મન માન્યાનું આટલે વખતે અચાનક દર્શન! શું હ્રદય દ્રઢ રહે? નહિ. તદનુસાર ભગવતીનું હ્રદય ઘડી ને માટે નિર્બળ થઇ ગયું રૂદતા સરી પડી, મગજ ફરવા લાગ્યું હ્રદય ધડકવા માંડયું, અશ્રુ-ચક્ષુમાંથી નીકળી પડયા.

જઇ ઊડિ આલિંગન કરૂં!
મમ પ્રિય હ્રદયની માંહિ ભરૂં!
હું રહું દિલ નાહિ હે
ઉડી ઉડી પ્રીતમ પાસ,
જાઉં ના! તો જતું રહે!!
દિલ નહિં મુજ હાથ,

આ પ્રમાણે પ્રિયંવદાની સ્થિતિ થઇ, પણ ઘડીમાં પાછું ધૈર્ય ધારણ કર્યું! જગત હાંસી કરશે! મારી પ્રતિષ્ઠામાં ખામી આવશે! આમ ખ્યાલ થયો. તુરતજ હ્રદય કઠોર કરી ગુરૂ દેવને

રમ્યાં. નૃપતિ તથા દિલમાં વસેલા પ્રિયતમને આશિર્વાદ આપ્યો અને પોતાનાં આસન ઉપર ભગવતી બિરાજ્યાં. ભુવનમાંનો ઘોંઘાટ શાંત થયો. નિયમ મુજબનું કાર્ય શરૂ થયું. પ્રમુખે વિષય તથા વિવેચન કરનારનું ઓળખાણ કરાવ્યું અને પરમ સાધ્વી દેવી ભગવતીને વ્યાખ્યાન શરૂ કરવા વિજ્ઞપ્તિ કરી. દેવી ભગવતીએ આટલા સમયમાં હૃદયને બરાબર દૃઢ કર્યું હતું તે હવે ઉઠયાં અને પોતાનું ભાષણ શરૂ કર્યું.

"મહાશયો અને મારી પવિત્ર આર્ય ભગિનીઓ ! આજના વ્યાખ્યાનનો આપણો વિષય સર્વને પરિચિત છે. કંઇ નવીન નથી, આપણા જન સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ તદન અવનત એટલે ટુંકામાં સ્ત્રીઓ પીડાએલી ! કચરાએલી ! દબાએલી ! જ્ઞાન પ્રદેશમાંથી દેશ નિકાલ થયેલી અને અજ્ઞાન કારાગૃહમાં પુરાએલી છે. જ્યાં સ્ત્રીઓની આ સ્થિતિ ત્યાં દેશની ઉન્નતિ કયાંથી સંભવે ? આવી દશામાં રહેનારી સ્ત્રીઓના ગર્ભમાંથી ઉત્પન થનારી પ્રજા શું નામ કાઢે ? કહયું છે કે

રિદ્ધિ વસે સિદ્ધિ વસે
નારી તણું સન્માન જ્યાં,
આનંદ લહેરો વાય છે,
વ્યાધિ તણો વિનાશ ત્યાં,

"હૃદયોદ્ગાર"

વળી ભગવાન મનુ શું કહે છે ?

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः

આવાં અનેક મહા પુરૂષોના અનુભવ કે બોધવાક્યો છે કે જેમાં સ્ત્રીઓની ઉન્નત સ્થિતિ ત્યાં દેશની ઉન્નત સ્થિતિ, અને જ્યાં તેઓની અવનતિ ત્યાં દેશની પણ અવનતિ.

એક દહાડો એવો હતો કે જ્યારે ભારત વર્ષ સમગ્ર દુનિયા માં શ્રેષ્ટ હતો, અને મનાતો હતો. દેવોનો નિવાસ પણ અહીંજ હતો ! રિદ્ધિસિદ્ધિનું રહેઠાણ અહીંજ હતું ! વારૂ એ સમયની સ્ત્રીઓની સ્થિતિ તપાસો ! ઇતિહાસ, આપણાં શાસ્ત્ર નાટકો કે ગ્રંથો તપાસો. ભારત પુત્રીઓ સર્વોત્કૃષ્ટ સ્થિતિ ભોગવતી હતી, વિદ્વાન હતી, ગુણવંતી હતી, રસજ્ઞ હતી, અને એનેજ પરિણામે આર્યાવર્તની ઉન્નતિ હતી ! આજે એ સ્થિતિ બદલાઇ ગઇ છે. યુરોપ અમેરીકામાં હાલ એવી સ્થિતિ છે, અને તેથી જુઓ તેઓની શું સ્થિતિ છે! ઉન્નતિ અને સંપત્તિ ! સ્ત્રીઓ એ વીરપુરૂષોની માતા છે. મહાપુરૂષોની ઉન્નતિ કર્તા છે ! તેઓના હૃદયમાં સ્વદેશ પ્રેમ મહત્વાકાંક્ષા વિગેરેના જુસ્સાનું અમૃત રેડનાર તેઓની માતાઓ છે ! શિવાજી નેપોલીઅન વિગેરેનાં જીવન ચૈતન્યમય–પ્રકૃતિ મય કોણે બનાવ્યાં ? તેઓની માતાઓએજ ! આજે આપણે ત્યાં આવી માતાઓનું અસ્તિત્વ નષ્ટ થયું છે. આપણા દેશમાં આપણી પવિત્ર ભરત ભુમી કે જેમાં સીતા ! અહલ્યા તારામતી, દ્રૌપદી ! સાવિત્રી ! સરસ્વતી આદી અનેક આદર્શ સ્ત્રીરત્નો ઉત્પન્ન થયાં છે ! તેજ આર્યાવર્તની અબળાઓ આજે માત્ર પ્રજા ઉત્પન્ન કરનાર યંત્ર છે ! (Hear Hear) ના પુકારો

અહો ભારતનાં બાળકો! આ કેવું શોચનીય! કેવું હૃદય વિદારક! વીરપુરૂષોને ઉત્પન્ન કરનારી માતાઓની આ દશા! આવી અજ્ઞાન માતાઓના ઉદરમાંથી ઉત્પન્ન થનારાં બાળકો ઉત્તમ શક્તિવાળા ક્યાંથી બને! અને જ્યાં સુધી બાળકો શક્તિહીન હોય ત્યાં સુધી વીર પુરૂષોની અને પરિણામે દેશોદયની આશા શી!

અહા જ્યારે આ પ્રમાણે સ્ત્રી એજ સર્વ ઉચ્ચ સ્થિતિનું મુળ કારણરૂપ છે ત્યારે તેઓની આવી કઢંગી કચરાએલી દશા જોઇ તમારૂં હૃદય શામાટે રડતું નથી? તમારા રજ મય અંતઃકરણમાં આશ્ચર્ય કે ઉંડો આઘાત થતો નથી! તમારા ચક્ષુઓમાંથી અશ્રુ પ્રવાહ કેમ વહી નીકળતો નથી! તમો જાણો છો કે દેશનો ઉદય સ્ત્રીદ્વારા જ છે સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય અસંભવીત છે; છતાં તમારી આંખો ઉઘડતી નથી! દુઃખથી કચરાએલી દશાએલી અબળાઓના પર થતો જુલમ, તેને પરિણામે તેઓના અંતરમાંથી ઉત્પન્ન થતું કકળાણ શામાટે શાપરૂપ ન બને! અને એ શાપને પરિણામે એ શાપમાંથી ઉત્પન્ન થતા અગ્નિમાંજ દેશની રીદ્ધિ સીદ્ધિ અને સંપતિ શામાટે બળી ભસ્મ ન થાય! અહા! એ સુકોમળ હૃદય તમારા જુલમ પક્ષપાત કે બેદરકારીને લીધે રડે છે. જ્યારે તેઓના સુંદર મુખો રંક ઓશીઆળાં થાય છે ત્યારે જગત્કર્તાનો કોપ આપણા ઉપર ઉતરે એમાં શી નવાઇ છે! અને તે કોપમાંથી ઉગરવાનો એકજ ઇલાજ કે સ્ત્રીઓ પર ગુજરતા જુલમ તેઓના પર થતો અન્યાય બંધ કરો તેઓને તેનું ઉચ્ચ સ્થાન પાછું આપો! તેઓનાં અશ્રુઓ લુછી નાખો! રડતા હૃદયને શાંત કરો! તેઓને હસાવો!

સ્મારો! અને જુઓ વિશ્વપતિની તમારા પર કેવી મહેર થાય છે! દેશ માં કેવી લીલાલ્હેર થાય છે! જાનવરો પર ગુજરતા જુલમો અટકા વવા અનેક મંડળો વિશ્વમાં વિચરે છે ત્યાં સ્ત્રીઓ પર ગુજરતા જુલમ અટકાવનારૂં મંડળ ક્યાંએ મળે છે! મારો અભીપ્રાય એવો છે કે દેશના ઉદયને માટે મળતી નેશનલ કોંગ્રેસ જેવી મહા સભાઓ પણ જ્યાં સુધી સ્ત્રીઓની ઉન્નતિ નથી બની ત્યાં સુધી કંઇ પરિણામ લાવવાની નથી! રંક ઓશીયાળી કચરાએલી માતાનાં રંક વિર્યહીન શકિતહીન બાળકો શું ઉકાળવાના હતાં? કયો આર્થિક વ્યવહારીક કે રાજકીય લાભ કરવાનાં હતાં? માટેજ કોંગ્રેસ જેવી મહા સભાઓ સ્ત્રી સમાજની ઉન્નતિ માટે પ્રયાસ કરનારાં મંડળ કરતાં ઓછી આવસ્યક છે. કારણ ત્યાં સુધી તેઓ સુંદર પરિણામ ઉપજાવી શકવાના નથી. અહા! સાક્ષર શ્રી ગોવર્ધન રામના પેલાં સુંદર વચન કેવાં સચોટ ? " સ્ત્રી વિના ગ્રહ નથી ગ્રહ વિના પ્રજા નથી અને પ્રજા વિના રાજ્ય નથી...સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે." હવે સ્ત્રીઓની સુસ્થિતિની આવસ્યકતા આપ સર્વને ગ્રજા સંપન્ન સમજાવ્યા પછી તેઓની સુસ્થિતિ શી રીતે બની શકે અગર તો તેઓની ઉન્નતિ માટે કઇ દિશામાં પ્રયત્ન કરવા એ આપણે જો વું વિચારવું જોઇએ! પ્રથમ તો બાળ લગ્નનો નિષેધ કરી સર્વ રોગ ને દુઃખના એ મુળનો સંદતર નાશ કરવો જોઇએ. બાળ લગ્નથી બાળકો વિર્યહીન, શકિતહીન, અને અશક્ત બને છે. એ અટકાવવા ને માટે અજ્ઞાન લોકોને તેથી થતા ગેરલાભો સમજાવવા માટે એક વગવાળું બાળ લગ્ન નિષેધક મંડળ ઉત્પન્ન કરવું જોઇએ. જેઓ

પોતાની લાગ વગથી, કાયદાઓથી, સત્તાધિકારીઓની સાહ્યથી આ ક્રૂર કર્મ થતું અટકાવી શકે.

બીજું સ્ત્રીઓને માટે કેળવણી આપવા ઉચ્ચ સંસ્થાઓ સ્થાપીત કરવી. વિદ્વાન પુરૂષોના મંડળોએ તેના ઉપર નજર રાખવી. બને ત્યાં સુધી સ્ત્રીઓનેજ આ કેળવણી આપવા માટે શિક્ષક કે અધ્યાપક તરીકે ગોઠવવી. કારણ સ્ત્રીઓની ઉન્નતિ સ્ત્રીજ કરી શકવાની પુરૂષોની સાહ્ય અને સલાહ બસ થશે. વ્યવહારીક અને નૈતીક કેળવણી આપવામાં ખાસ ધ્યાન રાખવું! વળી બાલિકાશ્રમ અને વિધવાશ્રમ આ પ્રમાણે આ સંસ્થાના બે ભાગ કરી નાખવા. બાલિકાશ્રમમાં બાલિકાઓ ભાષાજ્ઞાન અને વ્યવહારીક વિષયનો અભ્યાસ કરે અને વિધવાશ્રમમાં વિધવા સ્ત્રીઓ અભ્યાસ કરે નીતિ અને ધર્મનું જ્ઞાન સંપાદન કરે, તેઓ વિદુષી ગુણવતી નીતિમાન અને ધર્મ નિષ્ઠ બને અને પરોપકારમય જીવન ગાળવા પ્રેરાય એ આપણા કાર્યનો અંતિમ હેતુ હોવો જોઇએ!

"વળી વિધવાઓ શીવવા ભરવા ગુંથવાનું કામ પોતાને હાથે કરી સ્વતંત્ર રીતે પોતાનું પોષણ કરી શકે એવું શીક્ષણ આપવાની સંપુર્ણ વ્યવસ્થા થવી જોઇએ. આવી સંસ્થામાં અભ્યાસ કરી સંસ્થાનેજ પોતાનું જીવન અર્પનારી વિદુષી બાઇઓ ઉપદેશક તરીકે બહાર પડે અને સ્થળે સ્થળે વિચરી આવી સંસ્થાઓના લાભ પ્રજાના ધનવાન વર્ગને સમજાવી આવા સંખ્યા બંધ આશ્રમો સ્થાપન કરાવે એવી ઇચ્છાથી અહીંના નામદાર મહારાજા સાહેબની સહાયથી અંતે મેં એક આશ્રમ સ્થાપન કર્યો છે, અને હજુ પણ ભગવદ

ઇચ્છા તો-ગામોગામ ફરી આવા આશ્રમો સ્થાપન કરવા હું નજવીજ કરીશ. આ કાર્યમાં દ્રવ્યની આવશ્યકતા છે, કિંતુ હજુ ઉદાર ચીત ગૃહસ્થોના હૃદયમાં પરમેશ્વર વસશે અને દ્રવ્યનો સંકોચ નહી રહે ! મારી વહાલી આર્ય ભગીનીઓ વીરબાળાઓ-વીરપત્નીઓ-વીરમાતા અને એ મારી અંતીમ ઇચ્છા છે. ખરેખર ગુરૂદેવ તે પાર પાડશે અને પરીણામે આપણી પવીત્ર ભરત ભુમીમાં—

અતી હર્ષ ભરી હસશે રમશે
સુખ સંતોષામૃતને જમશે
વનીતા વ્યાધી વગી વીરમશે
મનુ વાક્ય સહુ સ્થળ સીધ્ધ થશે

(रमन्ते तत्र देवता)

ઉપરના શબ્દો સાથે દેવીશ્રી ભાષણ પુરૂં કરી તાળીઓના ગડગડાટ હર્ષની ગર્જનાઓ અને દેવી ભગવતીનો જય એવા જયનાદની વચ્ચે પોતાના આસન ઉપર ગંભીર વદને બીરાજ્યાં. ત્યાર પછી જુદા જુદા વિદ્વજ્જનોએ પ્રસંગોપાત વિવેચન કર્યા બાદ મહારાજા સાહેબે રૂ૫.આ એક લક્ષની રકમ આશ્રમને પોતા તરફથી ભેટ તરીકે આપવી જાહેર કરી. ત્યાર બાદ શ્રીમતી લલીતા દેવીએ પોતાના પતિની સંમતિથી પિતાના વિશાળ દ્રવ્ય સંગ્રહમાંથી પોણો લક્ષ રૂપીઆ આશ્રમને બક્ષીસ તરીકે જાહેર કર્યા. આ પ્રમાણે અલ્પ સમયમાં સભામાં મોટી રકમ એકઠી થઇ. આ રકમમાં રૂા. ૫૦૦૦૦ ની હરિદાસ શેઠે બક્ષીસ કરેલી રકમ વાંચકોનું ધ્યાન ખાસ ખેંચે

એ સ્વભાવીક છે! કિંતુ હરિદાસ પણ દેવીશ્રીનો એક શિષ્ય બની ગયો હતો. તેણે પોતાનું વર્તન બદલાવી નાંખ્યું હતું અને હવે તે ઉચ્ચ, ઉત્કૃષ્ટ અને નીતીમય વર્તન ગાળતો હતો તે આપના ધ્યાન માં નહી હોય! છેવટમાં બધાનો નીયમ અનુસાર આભાર માની સર્વ મંડલ વિખરાવા માંડયું. દેવી ભગવતી મહારાજ સુધર્મસીંહ, સરોજ કુમાર તથા લલીતા દેવી ગાડીમાં બેસી દેવીશ્રીના આશ્રમમાં પધાર્યા.

અનેક લીલા સુંદર વૃક્ષોથી સુશોભીત બનેલા આશ્રમને મંદ મંદ પવન પુષ્પોની સુગંધને ખેંચી લાવી સુવાસથી બહેકાવી મુકતો હતો! મેનાં. પોપટ કોયલ આદી મધુર સ્વર વાળાં પંખીઓ મીઠે સ્વરે ટહુકા કરી આનંદ વર્તાવી રહ્યાં હતાં. આવા સુંદર સ્વર્ગને પણ ભુલાવી નાખનાર, વળી સત્વમય આશ્રમમાં પ્રવેશ કરતા લલીતાને પૂર્ણ આનંદ થયો. પરંતુ ભગવતીના દર્શન માત્રથીજ જેને પ્રિયંવદાની સ્મૃતિ થઇ આવી હતી એવા સરોજ કુમારનું ચિત્ત તો ફરવા લાગ્યું, અને આશ્રમના દ્વારમાં પ્રવેશ કરતાંજ તેના મુખમાંથી નીચેના ઉદગારો નીકળી પડયા.

પ્રિય ! એક સમે તુજ આશ હતી !
આ કાર્ય કરી અબળા ઉનતિ
કરવી, ધરવી ખુબ ખ્યાતિ વળી
પણ પ્રીય ગઇ! ગઇ! ના તું મળી !

"દેવી ભગવતીના આ આનંદ આશ્રમમાં દુઃખ કે દિલગીરીને માટે સ્થાનજ નથી તેમાં આવા હૃદય વિદારક ઉદગારો શા માટે?

મિત્ર વર્ય !" મહારાજાએ સરોજના આ દુઃખમય ઉદગારો સાંભળી કહ્યું.

"મહારાજ ! ત્યારે તો દેવીશ્રીના આનંદ આશ્રમમાં મારા પ્રિયતમ સરોજના દુઃખનો પણ અંતજ આવી જશે !" લલીતાએ ઘણી સરળતાથી કહ્યું. "મારા દુઃખનો નાશ તો જ્યારે મારી ઇચ્છીત વસ્તુ મળશે ત્યારેજ થશે." સરોજે હૃદયનું દુઃખ સ્પષ્ટ કર્યું.

"તો દેવીશ્રી કલ્પ વૃક્ષજ છે. તેની પાસેથી આપની ઇચ્છીત વસ્તુ મળી શકશે !" અત્રે મહારાજ જરા મર્મથી હસ્યા.

આમ વાર્તાલાપ કરતાં તેઓ ગાડીમાંથી ઉતરી દેવીશ્રીની આજ્ઞાથી પર્ણકુટીમાં આવ્યા. સર્વે યોગ્ય આસન ઉપર બિરાજ્યાં. દેવીશ્રીની આજ્ઞાથી એક શિષ્યાએ મધુર ફળો તથા મિષ્ટોદક નું પાત્ર અતિથીઓને ધર્યું ! આજ્ઞા થવાથી સહુએ થોડો થોડો આહાર કર્યો. જળપાન કર્યું અને સ્વસ્થ થઇ બેઠાં. પછી મહારાજે શરૂઆત કરી.

"દેવીશ્રી! આ આપણા અતિથિ મુંબઇ નગરીના નિવાસી છે, અને મારા અનન્ય મિત્ર છે. તેમનાં પત્ની શ્રીમતી લલીતા દેવી પણ સુશિક્ષિત અને કેળવાએલા છે, આપનાં દર્શનની અભિલાષાથીજ અત્રે આવેલાં છે."

"આ આશ્રમમાં સર્વ જનોને આવકાર મળે છે, સર્વની સાથે જ્ઞાન ગોષ્ટિ કે ઉપદેશ થાય છે તેમાં એ મહારાજ ! આવા વિદ્વાન અતિથિઓ અને તે પણ મહારાજના સ્નેહીઓ તેને તો મારો પૂર્ણ આવકારજ છે ! હું આજે પુર્ણ પ્રસન્ન થઇ છું, નરેશ !"

"સંસારના માયિક દુઃખ પાશમાં બદ્ધ થયેલો મારો મિત્ર, પોતાને દુઃખી માની, સદા તપ્ત હૃદય રહે છે. આપ તેને ઉપદેશામૃતના છંટકાવથી શાન્ત કરશો?" મહારાજે કહ્યું

દેવીશ્રી આપ મારા પ્રિય સરોજના હૃદયનું દુઃખ ઓછું કરી તેને રોગ મુકત કરશો તો હું આપનો કેટલો આભાર માનીશ?" લલિતાએ વિનંતિ કરી.

"અહો સુંદર બાળા! હું કોઈ હકીમ ડોકટર કે મહાન યોગિની કે ઇશ્વરી શકિત ધરાવનારી સ્ત્રી નથી. હું પણ એક પામર અબળા છું. તોપણ હંમેશા જ્ઞાનરૂપી ઔષધનું સેવન કરવાથી હૃદયનો વ્યાધી માત્રનો નાશ થાય છે. માટે મહારાજ! મારા રંક આશ્રમમાં આજ રાત્રી આ દંપતી ભલે નિવાસ કરે. તેઓની સાથે જ્ઞાન ગોષ્ટિ થવાથી અમોને લાભ થશે." ભગવતીએ કહ્યું.

"દેવીશ્રી આપની આજ્ઞા સદા પાલનીય છે; છતાં લલિતા દેવી આજની રાત્રી મહારાણીશ્રીના સાથે ગુજારવા વચન બદ્ધ થયા છે એટલે લાચાર. કિંતુ સરોજ કુમારની ઈચ્છા હોય તો તેને માટે મારી ના નથી." મહારાજે અહિં પેચ લડાવ્યો.

"દેવીશ્રીની આજ્ઞા અને અનુગ્રહ હોય તો હું આજ રાત્રી અહિંજ ગુજારીશ. અને આ પવિત્ર મહાદેવીના ઉપદેશનું શ્રવણ કરીશ." સરોજે કહ્યું.

"આ આશ્રમમાં રાત્રીને સમયે એકલા પુરૂષ............"

અહિં દેવી મુંઝમાં—તેનું હૃદય થડક્યું:

"દેવીશ્રી! ત્યારે અમો જઇશું, સરો કુમાર અહીંજ રહેશે! આપ આજ્ઞા આપો" મહારાજે કંઇક હેતુથી જલદી પતાવવા ઉઠતાં ઉઠતાં કહ્યું.

"આજ્ઞા કે મહારાજ? હા" આટલું બોલી દેવીશ્રી નીચું જોઇ રહ્યા. અને મહારાજ તથા લલિતા ગાડીમાં બેસીને ચાલતાં થયાં. ભગવતી તથા સરોજ વળાવવાં ઉઠયાં. દરમ્યાનમાં તો ગાડી મહારાજના એક ઇશારાની સાથે ઉડી નીકળી. અને પર્ણ કુટીના દ્વારમાં રહ્યાં કોણ?

યજમાન અને અતિથિ!

પ્રિયંવદા અને સરોજ!!

સરોજ તથા ભગવતી મુંગે મ્હોંએજ પોતાના આસન ઉપર પાછાં આવી બિરાજ્યાં. ઘડી તો બંને અવાક રહયાં. પછી સરોજ કુમારે શરૂ કર્યું.

"દેવીશ્રી! આ આપના આશ્રમનું ઉત્તમ બંધારણ તથા ઉચ્ચ આશય અનુભવી મને બહુજ આનંદ થયો છે.!"

"ગુરૂદેવની કૃપાનું ફળ છે! આપણા પામર મનુષ્યનું ગજું શું?"

"સત્ય છે; દેવી! કિંતુ આ બધું આપના ભગીરથ પ્રયત્નનેજ આભારી છે;"

" એ તો અતિથિરાજ ! આપના હૃદયની મહત્તા છે; બાકી ઇશ્વર ઇચ્છા વિના એક તૃણ પણું હલી શકતું નથી."

"આપના કથનનું અંશેઅંશ સત્ય મેં જાતે અનુભવ્યું છે દેવી!"

"એમ કે?"

"હા! આ સંસારમાં અનેક પ્રકારનાં સુખ દુ:ખનો સેવકને અનુભવ થયેલો છે!"

"સંસાર દુ:ખમય છે શેઠ! તેમાં સુખનો ભાસ માત્રજ છે!"

"પણ ભગવતી! એ દુ:ખના રણમાં પણ એક સુખ વાટીકા હતી અને તેમાં સેવકનો નિવાસ થયો હતો!" સરોજ કુમારે હૃદય ખોલવા માંડયું.

"પછી એ આપની સુખ વાટિકા કયાં ગઇ! પ્રિયંવદાએ જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો.

"એ મારી સુખ વાટિકાનો નાશ થયો. ઓ પવિત્ર યોગની" તેની આંખમાં આંસુ આવ્યા.

"પછી?"

"રણમાં રખડતો આ આપનો અતિથિ અનેક પ્રકારનાં દુ:ખો અનુભવવા લાગ્યો, કલ્પાંત કરવા લાગ્યો!'

"હરિ હરિ! કિંતુ સરોજ કુમાર! એ દુ:ખ શા માટે? નટના ચમત્કારની માફક એ આપની સુખ વાટિકા શામાટે અસત્ય, અસ્તિત્વ વિહીનજ ન હોય?"

"નહિ દેવી! એ સુખ વાટિકાનું અસ્તિત્વ નિશ્ચય હતું; અને તે આ આપના સેવકે અનુભવ્યું પણ હતું."

"વારૂ! ત્યારે આગળ ચલાવો આપની આત્મકથા!"

"રણમાં રખડતાં અનેક કષ્ટ સહન કરી એ મારી પ્રિય સુખ વાટીકાનું શોધન કરવા લાગ્યો કિંતુ વૃથા! અંતે દુઃખ અને કષ્ટથી ઘેરાએલો હું મૃત્યુના મુખમાં પેસવા જતો હતો."

"અરેરે એ તો મહદ્ દુઃખ આપે અનુભવ્યું." અહીં દેવીનું હૃદય હાથ ન રહયું. તેના નયનમાંથી અશ્રુ સરી પડયા.

"દેવીશ્રી? આપ પરમ દયાળુ જણાઓ છો! મારૂં દુઃખ શ્રવણ કરી આપનું હૃદય દ્રવી ગયું.

અહિં સરોજને જરા શંકા ઉત્પન્ન થઇ.

"એ તો જરા પુર્વાશ્રમની સ્મૃતિ." દેવીથી વગર ઇચ્છાએ બોલી જવાયું.

"વારૂ ક્ષમા કરજો ભગવતી! આપના પુર્વાશ્રમનો પરિચય આપી શકશો?"

દેવીએ અહિં દ્રઢતા પકડી કહ્યું.

"આરા વિદ્વાન અતિથિ! અમો અમારા પુર્વાશ્રમની સ્મૃતિ કદાપિ કરતાં નથી અને એ પ્રશ્ન જરા..........." અહિં દ્રઢતા પાછી સરી પડવા લાગી એટલે તેઓ અવાકજ રહ્યાં.

"ક્ષમા કરજો મહાદેવી! આપના હૃદયને દુઃખ થાય એવો પ્રશ્ન હું નહિ કરૂં!"

"આભાર થયો, મારા ઉદાર ચિત્ત અતિથિ. આપની સુત્ત કથા આગળ તો ચલાવો જોઉં!"

"મૃત્યુના મુખમાં પેસવા જતો હતો દરમ્યાનમાં પાણીનું નાનું ઝરણું અને નાળીએરીનું વૃક્ષ જણાયું. હું ત્યાં ગયો અને જળપાન કર્યું. નાળીએરીની છાયા મને શાંતિ આપવા પ્રયાસ કરવા લાગી. કિંતુ હૃદયમાં ઠસેલી સુખ વાટિકાની આશાએ શાંતિ મળી નહિ!

પ્રિયંવદા અહિં પતિની ઉદારતા પત્ની પ્રેમ જોઇ ચકિત થઇને બોલી.

"વાહ શેઠ! એ સ્થાન શું તમોને રમણીય ન લાગ્યું?"

"દુઃખમય રેતીના રણથી તો એ સ્થાન ઘણું રમણીય હતું!"

"અને આપને મૃત્યુના પાશમાંથી ઉગરનારૂં પણ એજ સ્થાન નહતું; કાં?

"એટલે આપ હવે શું કહેવા માગો છો તે હું સમજી શકતો નથી"? સરોજે શંકાથીજ પુછ્યું.

"એ આપને મૃત્યુના પાશામાથી મુકત કરનાર તમારી ઉપર ઉપકાર કરનાર સ્થાન પેલી સુખ વાટિકાથી વધારે આલા છે!"

"એ આ હૃદય કબુલી શકતું નથી! એ સુખ વાટીકાનું દર્શન જ આ દુઃખમય હૃદયમાં સુખ ઉત્પન્ન કરી શકે છે! અન્ય કોઇ પણ નહિ!"

"ત્યારે હાલ આપનો નિવાસ ક્યાં છે?"

"પેલા ઝરા પાસે નાળીએરીના વૃક્ષની છાયામાં!"

"તમારી સુખવાટિકાનું મિલન થતાં તેનો ત્યાગ કરશો ખરા?"
અહિં સરોજની ખરેખરી કસોટી હતી.

તે અવાક રહ્યો. તેના કપાળ પર કરચોળી પડી, અને ઉંડા વિચારમાં પડ્યો. ઘડી ઘડીમા તે દેવીનું મુખ નિરખવા લાગ્યો તેમ તેમ તેમાં પ્રિયંવદાના નિર્દોષ મુખનું દર્શન કરવા લાગ્યો.

"દેવીશ્રી! આ આપ મારી આત્મ કથામાં કંઈ ઉંડું હિત તો નથી ધરાવતાં!" સરોજે હિમત કરી પ્રશ્ન કર્યો.

"હું માત્ર આ મારા આશ્રમ સિવાય અન્યમાં કંઈ પણ હિત ધરાવતી નથી; કિંતુ અન્યના દુઃખોનો નાશ કરવા પ્રયત્ન કરવાની ગુરૂ સન્મુખ પ્રતિજ્ઞા કરેલી છે." પ્રિયંવદાએ વાત ઉડાવી.

આ વાતચિત થતી હતી તે દરમ્યાનમાં રાત્રીનું રાજ્ય શરૂ થવા લાગ્યું હતું. આશ્રમમાં સ્થળે સ્થળે દીપકો ઉળગી રહયા હતા. બરાબર આઠ બજવાનો સમય હોવાથી ઘંટી થઇ. ઘંટીનો અવાજ શ્રવણ કરી દેવીશ્રી તુરતજ ઉભા થયા. "શેઠજી! આશ્રમની બાળી કાઓનો ભોજન સમય થયેલો હોવાથી મારે ત્યાં જાતે જવું જોઇએ! બાલીકાઓના ભોજન લીધા પછી હું સત્વર અહિં આવી પહોંચીશ! આપને માટે ભોજન હું અહિંજ મંગાવીશ! કેમ હવે આજ્ઞા હોય તો જાઉં!

"પધારો દેવી !" સરોજે કહ્યું, અને પ્રિયંવદા પર્ણકુટીનું દ્વાર છોડી બાલીકા નિવાસ મંદીર તરફ ચાલ્યાં. સરોજ હવે વિચાર કરવા લાગ્યો !

"આહા ! પ્રિયંવદાની આબેહુબ મૂર્તિ આ ભગવતી નથી શું ! તેનુંજ આ નિર્દોષ મુખ, તેનુંજ આ નિર્દોષ આચરણ, તેનીજ આ નિર્દોષ ચાલ, નથી શું ! મને તો એમજ જણાય છે કે આ પ્રિયંવદા એજ ભગવતી ! મારૂં દુઃખ શ્રવણ કરી તેનું દિલ કેવું દુખાયું ? પેલા મૃત્યુના પાશમાંથી ઉગારનાર નાળીએરી પાસેના સ્થાનની વાત શ્રવણ કરી તેને કેવી શંકાઓ થઇ ! ખરેખર ભગવતી એજ પ્રિયંવદા ! મહારાજે પણ હસતાં હસતાં એમ સુચવ્યું હતું કે ભગવતી રૂપ કલ્પ વૃક્ષના પ્રતાપે તારૂં દુઃખ નાશ થશે ! તારી ઇચ્છિત વસ્તુ મળશે. ખરેખર મહારાજે મારા ઉપર પરમ ઉપકાર કર્યો છે. મારી પ્રિયંવદાને મેળવી આપવાનેજ આ દુત કર્મ આરંભ્યું છે. સત્ય છે કે

राजद्वारे स्मशानेच यस्तिष्ठति स बांधवः

ભગવતી સરોજને છોડી ભોજન શાળામાં ગયાં. બાળાઓને ભોજન લેવડાવ્યા બાદ હમેશાં પાછું વળવાનો તેનો નિયમ હતો, કિંતુ આજે તેનું મન ચોટયું નહિ; લોહચુંબકના આકર્ષણ માફક સરોજ પ્રતિ તેનું આકર્ષણ થયા કરતું હતું ! તે ત્યાંથી તુરતજ પાછી ફરી. પર્ણકુટી તરફ અનિચ્છાએ પણ પગ ખેંચાવા માંડયા !"

"અરે આજે આ શું ! આમ કેમ ; ભગવતી ! દ્રઢતા ધારણ કરી હૃદયું હાથ રાખ'! તેણે દિલને કહયું, પણ

દિલડું નિજનું નહિ હાથ હતું;
પતિરત્ન થયું શુભ આજ છતું;
નહિ જા!" કહેતી, દિલને સુંદરી
પણ માની શકે દિલ નાહિ કદી.

અરે દિલ! શા માટે દોડે છે! આ હૃદયના દ્રઢ બંધ શા માટે ત્રોડેછે ? વિરક્ત થયેલી વનિતાનું મન શામાટે ત્યાં જોડે છે ? કિંતુ, ના; પ્રિયતમ સરોજ ! મારા પતિદેવ ! મારા સૌભાગ્ય શૃંગાર ? તારા પ્રતિ આ દીલ ન દોડે તો કયાં દોડશે? તુંથી હૃદય નહિ જોડે તો કોનાથી દોડશે?

ઘટમાં પટમાં દિલના એ અતિ
સતિના મુદ્રિત થએલ પતિ:
પ્રભુએ ! વિભુએ ! વળી એય બધું;
ધીર નાહિ ધરે દીલ દોડી જતું

હા દોડ ! હૃદય દોડ ! દુ:ખી પતિનાં દુ:ખનો નાશ કર ! પત્નિભકત પ્રિયતમની આશા પુર્ણ કર, અને આ એની એક સમય ની પ્રિય પ્રિયંવદાને તેના હૃદય સાથે ધર ! !

અરે જાઉં વળી જલદી જલદી,
પ્રિયતમ કદાપિ જશે પલટી;
અહશે નહિ ગોરી કદી તુજને.
અરે દોડ હૃદે દુ:ખ એ મુજને !

"મારે દોડ હ્રદય ! દોડ !" આમ વિચાર કરતી કરતી ઉન્માદ ભરી ઉતાવળે પગલે આગળ ચાલી ! દરમ્યાનમાં તે માર્ગ ચુકી, અંધકારમાંજ આમ્ર વૃક્ષ સાથે અથડાણી અને હાથમાંનું હરીકેન ફાનસ દુર ઉડી પડ્યું.

મમ શુદ્ધ ગઇ દીલ સાન ગઇ,
હું પુજ્ય મટી પુજનાર થઇ.
અરે વૃત ગયું; તપ મુજ ગયું
દીલમાંહી સરોજનું ભૂત રહ્યું.

તે સ્વગત વિચારવા લાગી. "ખરેખર આતો મને સરોજ રૂપી ભુતનો વળગાડ થયો. હવે તો એ ભુતને આધીન થયા વિના આરો નથી. ઓલાઇ ગએલું ફાનસ હાથમાં લઇને બોલી—

અરે જ્યોતિ તું મુજ આશ્રમનો
બહુ પ્રીય ખરે દિલ પ્રીય ઘણો;
મમ ચિન્ત ચડયું ચકડોળ ગણી:
તવ દીલમાં ઓછું ન લેય જરી;
પ્રિય સું મલીને પણ પ્રિય તને;
તજું ના તજું ના પ્રિય માન મને;

ઓ દીપક ! મારૂં ચકડોળ ચડેલું ચિત જોઇ તું ઓછું ન લગાડ ! ઓ આશ્રમના જ્યોતિ ! પ્રિયતમ સરોજને મલીને પણ તારો ત્યાગ હું કદી કરીશ નહિ. એવી શંકા કદી કરીશ નહિ.

હું મારી પ્રતિજ્ઞામાં ફરીશ નહિ. આમ વિચાર કરતી ભોજનનું ભાનસ હાથમાં લઈ પર્ણકુટી પાસે આવી પહોંચી.

જઉં ના જઉં પર્ણકુટી મહીં,
પતિના હૃદય મહીં જાઉં આંહી.
હરિને ગમતું જગ માંહે થશે,
સુખ સ્વામિ તણા સંગ મળશે.

પર્ણકુટીમાં પ્રવેશ કરતાં પત્નીના વિચારમાંજ શુન્ય બનેલા સરોજને જોયો કે હૃદય ધડકયું પણ

દિન માસજ ને વળી વર્ષ થયાં,
દિલ દુઃખ અતિશય તેંજ સહયાં.
દિલ વ્યાધી વિયોગ તણી તેં સહી,
દિલ ધીરજ એ હવે ક્યાંએ ગઇ!

આમ દીલને ઠપકો આપી હાથ રાખ્યું, અને અતિથીને વિચાર નિદ્રામાંથી જાગ્રત કરતાં કહયું "અતિથીરાજ, શું વિચારમાં ગુંથાએલ છો? આપને માટે આજ્ઞા હોય તો ભોજન મંગાવું?"

"ભોજનની મને ઇચ્છા નથી. આજે તો આપના ઉપદેશ રૂપી ભોજનને આરોગીશ!"

અહં! એ પણ હસવા જેવુંજ વો. પેટની ભુખ કંઇ રહેંનાં ઉપદેશથી મટશે?

"દેવી શ્રી, મને ભુખ નથી. ઉપદેશથી મારું દુઃખ ઘટશેઃ મને આગ્રહ નહિ કરો."

"વારૂ! ત્યારે જેવી આપની ઇચ્છા!" આસન પર બીરાજતાં દેવીએ આગળ ચલાવ્યું.

"આપની ઇચ્છા હોય તો કંઇ પ્રશ્ન કરો. આપણે તે પર વિવાદ કરીએ!"

"પ્રસ્ન તો એકજ છે કે આપ આપની જ્ઞાન દ્રષ્ટીથી કહી શકશો કે એ મારી સુખ વાટિકા મને પુનઃ પ્રાપ્ત થશે?

"સરોજ કુમાર! હું ભવિષ્ય વાદીની નથી પરંતુ મારી તો આપને એકજ સલાહ છે કે જે પ્રભુએ આપ્યું તેનાથી સંતુષ્ટ રહેવું!"

"નહિ! નહિ! દેવી ક્ષમા કરો! આપ મારો મર્મ સમજી શક્યાં નથી! હું મારી સ્રીની વાત કરૂં છું!"

એટલે?

મારે એક સ્ત્રી હતી.!"

વારૂ! પછી?"

સૌંદર્ય અને પ્રેમની એ મૂર્તિ હતી."

એ બધું તમારી માયિક મતિ!"

દેવી! અમે આનંદ કરતાં હતાં!"

કહોને કે વિષયની યાત્રામાં વિચરતાં હતાં!

"નહિ દેવી! એમાં અમારો સહધર્માચાર ભૂંજાતાં હતાં!"

"કિંતુ સંસારનાં (કહેવાતાં) સુખો તો ફિકને આવતાં હતાં!"

"હા દેવી! લક્ષ્મીની પણ અમારા પર મહેર હતી!"

", વાહ વા ! પછી ! "

" પછી થયો દૈવનો કોપ ! "

" કર્યો હશે કંઇ ધર્મનો લોપ ! "

" થયો હશે ! દેવી ! એ દુઃખથી પ્રિયતમા વ્યાધિગ્રસ્ત થઇ."

" કેમ શેઠજી ! તમારી લક્ષ્મી ગઇ !

" હા દેવી ! હું કંગાલ થયો ! પરિણામે હું એકેલો રહ્યો !"

" ક્યાં ગઇ તમારી સતિ નાર !"

" સતિ ! સમુદ્રજ એનો ભોગ લેનાર ! "

" હરિ ! હરિ ! પછી તમોએ બીજી કરી !"

" પ્રથમ તો મેં દરિદ્રતા ધરી ! "

" બાકીની લક્ષ્મી કોણે હરી ! "

" મુનિમોએ નિમક હરામી કરી !"

" પછી "

" હું દુઃખી નિરાધાર બની ગયો "

" ખરેખર ! તમારે કોઇ આશ્રય ન રહ્યો. "

અહિં પ્રિયંવદાની આંખમાંથી આંસુ આવ્યાં.

" હા ! હું નિરાધાર હતો તેમાં એક આશાની દોરી મળી !"

" શ્રીમાનની પુત્રી હું ધારું છું કે તમને વરી !"

" આપે કેમ જાણ્યું ! "

" આપની વાત પરથી તોલ કરી પ્રમાણ્યું "

" પછી હું સહુ માને છે કે સુખી થયો ! "

"ત્યારે તમારે શું ઓરતો બાકી રહયો ?"

"પ્રિય પ્રિયંવદા હૃદયમાં ચોટી છે !"

"હવે એની આશા ખોટી છે !"

"સત્ય છે કે દૈવે મારા પાસેથી એને ઝોંટી છે !"

"ધૈર્ય ધારી નવ પરિણુતાની સાથે આનંદ કરો !"

"આનંદની વાત મારી પાસે નવ ધરો !"

"હું તમોને આનંદ ઇચ્છું છું !"

"તો એ આનંદનો રસ્તો આગળ પુછું છું !"

"વાહ એ પ્રિયવંદા કેવી હતી !" પ્રિયંવદાથી રહેવાયું નહિ.

"ક્ષમા કરો એતો આબેહુબ દેવી ભગવતી જેવી !"

અહીં દેવી ચમક્યાં; તો પણ ધૈર્ય રાખી બોલ્યાં—

"સરોજ કુમાર ! ધૈર્ય રાખી વિચાર કરી વચનનો ઉપયોગ કરો ! મનનું સમતોલ પણું ન ગુમાવો !"

"ક્ષમા કરો આપના પ્રશ્નનો મેં ઉત્તર આપ્યો. છતાં અમર્યાદા થઇ હોય તો માફ કરો !"

મમ માંફ કરો અપરાધ ખરો   મમ દોષ નહિં દિલમાંહી ધરો.
પ્રિય મુજ મિલાવ જાહેર કરીં,   નહિતો જીવ જાય હું જાઉં મરી.

આમ બોલતાં તેની આંખમાંથી અશ્રુની ધારા ચાલી. ઘડીક તો તે અવાક રહયો પણ પછી ત્યાંજ મુર્છાગત થઇ ઢળી પડયો. તેનું હૃદય ભાર ઝીલી શક્યું નહિ.

"શુદ્ધ પ્રેમતણી પ્રિય મુર્તિ ખરે,   મમ પ્રિય સરોજનું પ્રિય અરે
કર માફ હવે દિલ ખુબ કરી,   તુજ દુઃખ થકી દિલ જાય બળી.

આમ મનમાં બડબડતી પ્રિયંવદા લાજ મર્યાદા આદિનો ત્યાગ કરી, મુર્છાગત સરોજ પાસે આવી તેના શિરને પોતાના ખોળામાં લીધું.

વિયોગના દુઃખથી મુર્છાવશ થએલો સરોજ પોતાની પ્રિય પ્રિયંવદાના અંકમાં મસ્તક રાખી કૃતાર્થ થયો કિંતુ તે બેભાન હોવાથી આ સ્વર્ગ સુખને અનુભવી શક્યો નહિ! તે તો જાણે કંઇ સ્વપ્ન અનુભવતો હોય તેમ ફાટી આંખે અહિં તહિં દ્રષ્ટિ ફેરવવા લાગ્યો અને લવવા માંડયો!

મમ પ્રિય! જુઓ! ઉન્માદ ભર્યો!
ઉદધિ અલબેલીજ જો ઉછળ્યો;
પ્રિય નાવ ડુબે! દિલદાર મને.
પ્રિય ભેટજ ભાવ ભરી મુજને !

"આહા! સમુદ્રમાં મારી સરોજ સંગની મુસાફરીનું આ ચિત્ર! પ્રિય! આ સ્મૃતિ છોડી દો! વ્હાલા દુઃખની સ્મૃતિ કરી દુઃખીત ન બનો! પ્રાણેશ! હવે આ હૃદય આપનું દુઃખ દર્શન કરી ધૈર્ય ધરી શકતું નથી !

દરમ્યાનમાં વળી ઉદગારો સરોજના મુખમાંથી સરી પડયા.

ધિક! ધામ ધરા સુખ સંપદને,
ધિક! પ્રિય! ગઇ મુજ સુવદને!

સરોજના સુંદર પ્રકાશિત વિશાળ ભાલ પર પ્રસ્વેદના ઓઘ વળવા લાગ્યા તે જોતાં પ્રિયંવદા દુઃખથી ગળીગળી થઇ ગઇ.

ધિક ધર્મ વિહીનજ શું વળશે?
નહિ સુજ પડી પ્રથમે તુજને
પ્રિય પીડનનું ફળ આ મુજને!

આહા! આટલી ક્રુરતા અને કસોટી નહિં કરતાં હું શામાટે મારા પ્રિય પ્રાણેશ્વરને નહિ મળી? હરિહરિ મારા સરોજને સાવધ કર! મારા સૌભાગ્યનું રક્ષણ કરો ઓ દેવ!

જગનો કર્તા ભર્તા તું હરિ!
કર સાહ્ય મુને દુઃખમાં છું ખરી!"

આમ બોલતી અબળાંના ચક્ષુમાંથી સરી પડતા અશ્રુઓ સરોજના મુખ પર પડ્યાં, સરોજની દ્રષ્ટિ તેના દીન મુખ પર પડી અને તે બોલ્યો.

પ્રિયહીન મુખે દિલદાર હવે
અરે સ્વપન મંહિ પ્રિય શું વિનવે?
શરમા નહિ પ્રાણ તું પ્રિત અતિ
પ્રિય આવજ ભેટજને તું સતી

સરોજ! જાગો આ સ્વપ્ન નથી હું પ્રિયંવદા આપની સેવામાં હાજર છું.

પ્રિય સ્વપ્ન નહિ! નહી આ ભ્રમણા
પ્રિય ઉભી રહી આ હમણાં!
દિલ દુઃખ મટી સુખ સાંપડશે!
પ્રિય પ્રાણ હવે ફિર તું મળશે!

આવા અનેક સાંત્વનનાં વચનરૂપી અમૃત સિંચ્યા છતાં સરોજને જાગૃતિ આવી નહિ. આથી હવે દેવી ગભરાયાં. સરોજને ગાદડી પર સુવાડી તુરત ઉઠયાં અને 'સરલા' એમ કહી બુમ પાડી. ઘડી વારમાંજ સરલા ત્યાં આવી પહોંચી.

"સરલે! માળીને મોકલી મહારાજને ખબર આપ, કે આપના અતિથી, કંઇ અચિંત્યો વ્યાધીથી મુર્છાવશ થયા છે, માટે આપની તથા દેવી લલિતાની હાજરીની આવશ્યકતા છે. જા જલદી જા હું અતિથીની સાવધતાના ઉપચાર કરૂં છું."

"જેવી દેવીશ્રીની આજ્ઞા." કહી સરલા તુરતજ ચાલી નીકળી, અને દેવી પાછાં પર્ણકુટીમાં આવી સરોજનાં સુંદર પણ કરમાઇ ગએલા મુખ સામું જોતાં ઉભાં. પ્રિયની આ દશા નિહાળી હૃદય તથા ચક્ષુ આદિ તેનું સર્વાંગ રડવા લાગ્યું. પોતાને અનેક ધીક્કાર આપવા લાગી. આ સ્થિતિમાં ઉશ્કેરાઇ જતી સુંદરી પોતાનું માથું કુટતી બોલી:—

પાપિણી પ્રિય પ્રીતિ તેં પ્રીછી નહિ,
ધિક છે ધિક છે ધિક છે તારા પ્રેમમાં!
પતિ પીડાનું કારણ જો પ્રિયે બની
ધુળ પડી એના તપ જપ ને નેમમાં
કાઠ હૈયા તું શું આ ભાર ઝીલી શકે?
અતિ પીડા દર્શન દિલને ચીરી જતું!
આ જીવનથી મૃત્યુ તો રૂડું ખરે.
આવું જીવીને શું તો કરવું હતું?

આ ! બોલતી દુ:ખી અબળા ધરણી પર ઢળી પડી થોડીક ક્ષણ બન્નેની આ દશા રહ્યા પછી સરોજની મુર્છા વળી, સાવધ થયો, પાસે ભગવતીને મુર્છાવશ પડેલાં જોયાં, અજાયબ થયો. અહા આ શું ભગવતી મુર્છાવશ શામાટે? સરોજ તારા સ્નેહનો ખાતર! તારૂં દુઃખ નહિ જોઇ શકવાથી! હા! આજ પ્રિયંવદા!

કયમ ભુલિ શકું દિલ ચંદ્ર મુખી!
દિલ દાર બની વિણુ હું જ દુઃખી!
પ્રિય જાગ પ્રિયે જાગ કહું
દિલમાં દુ:ખ તારૂં જ ખુબ લહું
મમ પ્રિય પ્રિયં વદતી ી યદા
દિન એ નહિ વિસરૂં હું જ કદા
મમ દિલ મહીં પ્રિય તું એ વસી
કદિ અંતરથી પ્રિય નાજ ખસી
બહુ દિન પછી પ્રિયને મળીયા!
પણ અંતરમાંહેજ ના ઠરીઆ
દિલડું બળતું બળતુંજ રહ્યું
સુખ મિલન કેરૂં નાહિ સહ્યું

અહો પ્રિયંવદા! જાગો! ને તમારા વ્હાલા સરોજ પ્રતી અમીદ્રષ્ટી કરો! એક બોલ બોલો! સતિ! તારા સ્વાર્થી સરોજ પર કૃપા! દયા કર! રહેમ કર! વ્હાલી! આપણો આગલો પ્રેમ યાદ કર! જાગો વ્હાલી. પ્રિયતમે! મારૂં ધૈર્ય નાશ થાય

છે ! હૃદયથી રડી જવાય છે ! આ પ્રમાણે વિલાપ કરતો પ્રિયંવદાને પોતાના ખોળામાં લઇ બેઠો. ઘડીક થયું એટલામાં પ્રિયંવદાએ આંખ ખોલી તેનાપ્રતિ દ્રષ્ટી કરી. જેથી સરોજે સામી દ્રષ્ટી મેલવતાં કહ્યું.—

પ્રિયુ હું છું હું પ્રિય તુંજ તણો
અમિ દ્રષ્ટિ કરી દિલ માંહે ધરો

આટલામાં તો ગાડીનો અવાજ સંભળાવા લાગ્યો સરોજ કુમાર નજર કરે છે તો મહારાજ રાણી સાહેબ અને લલિતા પર્ણ કુટિમાં પ્રવેશ કરે છે! રાજાએ આવતાંજ પ્રશ્ન કર્યો.

"સરોજ કુમાર! ભગવતીની આ દશા?"

"મહારાજ તેઓ મુર્છાવશ છે!"

રાણી સાહેબ:—સરોજ કુમાર! દેવીને આસન પર સુવડાવો? એમના શરીરને આપે સ્પર્શ કરી અધર્મ કર્યો છે!"

સરોજ કુમાર તેની દરકાર નહિ કરતાં—

કદી દેવી હશે અહિં આશ્રમની
પ્રિય મારીજ એ પ્રિય લો જ ગણી

રાજા—સરોજ કુમાર આ શું કહો છો?"

સરોજ—ત્યારે મારા વચનને આપ અસત્ય લહો છો?"

લલિતા—ત્યારે આ શું મારાં પ્રિયંવદા બહેન છે?

રાણી—હું નથી સમજી શકતી કે આ શું ચેન છે."

"સરોજ- રાજરાણી આ મારી પ્રિયંવદા નાર છે."

રાણી—અરે એતો દેવી ભગવતી! બોલતાં કંઇ વિચાર છે?"

લલિતા—પ્રિય સરોજ! કહોની આજ દેવી પ્રિયંવદા!

સરોજ—લલિતા! એનેજ હું સભારતો સદા"

લલિતા—"વાહવા ધન્ય દિન કે મારા પતિની પ્રિય વસ્તુ મળી."

રાજા—"સત્ય છે કે આજે સતિની પતિ ભકિત ફળી."

દરમ્યાનમાં પ્રિયંવદાની મુર્છા પાછી વળતી હતી અને ધીમેથી જાગ્રત અવસ્થામાં આવતી જતી હતી.

રાણી—"પતિ પત્નીનું મીલન ખરેખર હૃદય દ્રાવક હોય છે."

લલિતા—"સત્ય છે રાણી સાહેબ મારા સરોજની દશા અનુભવોની."

રાજા— "સરોજ કુમાર પ્રિયંવદામયજ બની ગએલા મિત્ર તારી પ્રિયંવદાને તું હવે સાથે લઇ જઇશ?"

સરોજ—"ત્યારે મહારાજ શું મારાથી દુર રહેવા દઇશ?"

લલિતા—" મહારાજ આ મારા તપસ્વિની બહેનને અમો સાથે લેશું."

રાણી—"અમો તો એમ થવા નહિ દેશું."

રાજા—"અમારા આશ્રમનો પછી કોણ આધાર?

લલિતા—"એ બાબતમાં તો અમો છીએ લાચાર

સરોજ—"મારી પ્રિયંવદા જો સાવત્ર થશે અને અહીંજ રહેવાનું ઇચ્છશે તો અમો બધાં અહીંજ રહેશું."

લલિતા—"કેવું સારૂં ત્યારે તો અમો એ સેવાનો લહાવો અહીંજ લેશું."

રાજા—"દેવીની ઇચ્છા પ્રમાણે સૌ થશે."

રાણી—"અહા એની વૃત્તિથી વિરૂદ્ધ કોણ જશે?"

આ દરમ્યાનમાં પ્રિયંવદા તદ્દન જાગ્રત થઇ. પતિના ખોળામાં સુતેલી સુંદરી પોતાને કૃતાર્થ માનતી ક્ષીણ સ્વરે બોલી—

મમ પ્રિય મળ્યા! પતિ મુજ મળ્યા!
મુજ દુઃખ હવે સહુ આજ ટળ્યા!

આસ પાસ નજર કરતાં રાજા વિગેરે પર નજર પડી. ક્ષીણ થયા છતાં તે બેઠી થઇ નીચું જોઇ રહી—

રાજા—"દેવી આપને શરીરે આરામ છે ને? આ શું દર્દ થઇ આવ્યું?"

બંધુ બહુ પુછ નહિ પ્રિય
મમ પ્રિય મળ્યા વિર આવી અહીં!

રાણી—"પ્રિય દેવી હવે અમને તજશો?"
પતિ સંગ મહીં અહીંથીજ જશો?

લલિતા—"જય દેવી હવે અમે અહ પ્રતિ
પ્રિય સંગ પધારો પુજ્ય સતિ!"

પ્રિયંવદા—"મમ પ્રિય સરોજને એ અરજી
પ્રિય આશ્રમમાં વસું એ મરજી"

સરોજ—"સખી પ્રિય તમો અહીંઆંજ રહો
તુજ સ્વામીને સંગ મહીંજ વહો

લલિતા—"સ્નેહી ગણો પ્રિય બ્હેન ગણો
પણ સંગ વસું દિલ નિશ્ચે ધરો

પ્રિયંવદા-મહારાજ ! (ઉભી થવા જાય છે, પરંતુ ક્ષીણતાને લીધે પડે છે. તેને સરોજ ઝાલી પકડી લે છે, અને પતિ પત્નીનું આકસ્મિક આલિંગન થાય છે. જે જોઇ)

રાજા–વાહ પ્રિય થકી મળીયાં પતની
પ્રિય આશ્રમના બનજો વતની
રાણી–સતિને મળીઆ પતિ પ્રેમ થકી
મળી સેવ કરો પ્રિય ભારથકી
લલિતા–દેહ મહીં જીવ આજ મળ્યો
મુજ સ્વામી તણો દિલ તાપ ટળ્યો.
દિલ સંગ સતી પતીના વિચરૂં
દિલ દેશ તણી હું દાઝ ધરૂં
જય માતુજ ભારતનીજ થજો
સુખ સંપદ હયાં બહુ સાંપડજો.

माता भारतेस्वरीकी जय

સમાપ્ત